## ઈરશાદાતે રસુલ (સ.અ.વ.)

## યાની

## કિરદાર સાઝી કે ઉસુલ .....અર્થાત

## રસુલ (સ.અ.વ.)ના બોધવચનો  એ જ વ્યકિતત્વ ઘડતરના નિયમો

ઉપરોકત પુસ્તકનો અનુવાદ.

## તોહીદ અને મારેફત:–

૧) અલ્લાહે ફરમાવ્યું," હું જ ઈબાદતને પાત્ર છું મારા સિવાય કોઈ માબુદ નથી તેથી તમે ફકત મારી જ ઈબાદત કરો. તમારામાથી જે પણ નિખાલસ ભાવે લાએલાહા ઈલલ્લાહની ગવાહી આપતાં મારી સમક્ષ હાજર થશે તો તે મારા કિલ્લામાં દાખલ થશે અને જે મારા કિલ્લામાં દાખલ થશે તે મારા અઝાબથી સુરક્ષિત રહેશે.( ઓયુન અખબાર અલ રિઝા)

૨) અલ્લાહ ફરમાવે છે કે " કલમો લાએલાહા ઈલલ્લાહ મારો કિલ્લો છે જે મારા કિલ્લામાં દાખલ થશે તે મારા અઝાબથી સુરક્ષિત રહેશે. (સહીફ તુલ રિઝા)

૩) તમારા સગાવહાલાઓને મૃત્યુ સમયે કલમા લાએલાહા ઈલલ્લાહનુ સ્મરણ કરાવો કારણ કે જેના આખરી શબ્દો લાએલાહા ઈલલ્લાહ હશે તે જન્નતમાં દાખલ થશે.(સહીફ તુલ બિહાર)

૪) સફા અને મરવા દરમ્યાન  બ્રાઈલ મારી પાસે હાજર થયા અને કહયું," હે મોહમ્મદ તારી ઉમ્મતના એ લોકોને સુખચેન નસીબ થાય જે નિખાલસભાવે લાએલાહા ઈલલ્લાહ વહદહુ વહદહુ વહદહુ કહેતા રહે." (જવાહર અલ સનીયહ)

૫) કલમો લાએલાહા ઈલલ્લાહ જન્નતની ચાવીઓ માની એક ચાવી છે.(અલ મજાઝાત અલ નબવીયા)

૬) તોહીદ જન્નતની કિમત છે.( તરાએફ અલ હકમ)

૭) જેને મે તોહીદની નેઅમત એનાયત  કરી હોય શું તેનો બદલો જન્નત સિવાય બીજું કશું હોઈ શકે ?( રોઝત અલ વાઅઝીન)

૮) જયારે એક બંદો કલમો લાએલાહા ઈલલ્લાહનુ રટણ કરે છે તો અલ્લાહ ફરમાવે છે," હે મારા આકાશ અને જમીનમાં વસવાટ કરનારાઓ તમે સાક્ષી રહેજો કે મે આ કલમો પઢનાર ની મગફેરત કરી છે.(જવાહર અલ સનીયહ)

૯) કસમ છે એ અલ્લાહ ની જેણે મને હક ની સાથે બશારત આપનાર બનાવી ને મોકલ્યો અલ્લાહ કોઈ તોહીદ પર ઈમાન ધરાવનાર પર આગ નો અઝાબ નહી કરે. નિસંદેહ તોહીદ વાળા ની શફાઅત કરવામાં આવશે અને તે લોકો પોતે પણ શફાઅત કરશે. આ પછી ફરમાવ્યું," જયારે કયામત નો દિવસ આવશે તો અલ્લાહ એક એવા જુથ ને જહન્નમમાં મોકલવાનો હુકમ ફરમાવશે જે દુનિયામાં અનિષ્ટ કાર્યો કરતા હતા. આ જોઈ ને તે લોકો કહેશે ," હે અમારા પરવરદિગાર તુ અમને કેવી રીતે આગ ના અઝાબમાં નાખશે જયારે અમે દુનિયામાં તારી તોહીદ નો એકરાર કરનાર હતા? તુ અમારી ભ ને આગ થી કેવી રીતે બાળશે જેમના વડે અમે તારી તોહીદ નો એકરાર કરતા હતા ? અને અમારા હૃદયો ને કેવી રીતે બાળીશ જયારે અમે અમારા હૃદયોમાં લાએલાહા ઈલલ્લાહ નો અકીદો ધરાવતા હતા? અને તુ કેવી રીતે અમારા ચહેરાઓ ને બાળીશ કેમકે અમે તે ચહેરાઓ ને તારી સમક્ષ સજદા કરી ને ધુળવાળા કર્યા હતા ? અને તુ કેવી રીતે અમારા હાથો ને બાળીશ કેમકે અમે તેમને દર વખતે દુઆ માટે ઉઠાવતા હતા.?

અલ્લાહ આ સાંભળી ને કહેશે," હે મારા બંદાઓ દુનિયામાં તમારા કૃત્યો અનિષ્ટ હતા તેથી તમારો બદલો જહન્નમ છે."

આ સાંભળી ને ગુનેગારો કહેશે,"હે અમારા માલિક અમારા ગુનાહો મોટા છે કે તારી માફી ?" અલ્લાહ કહેશે મારી મગફેરત વિશાળ છે. તે લોકો કહેશે ," અમારા ગુનાહો મોટા છે કે તારી રહમત વિશાળ છે?" જવાબ મળશે મારી રહમત વિશાળ છે. તે વખતે તે લોકો કહેશે," હે પરવરદિગાર અમારા ગુનાહો વધારે મોટા છે કે તારી તોહીદ નો એકરાર વધારે ઉચ્ચ કોટિ નો છે? જવાબ મળશે ," મારી તોહીદ નો એકરાર કરવો સર્વોચ્ચ છે."

તેથી તે લોકો કહેશે," હે અમારા પરવરદિગાર તારી વિશાળ રહમત અને મગફેરત જે બધી વસ્તુઓ પર છવાયેલી છે અમને પણ તેના ઘેરાવામાં જગ્યા એનાયત કર." અલ્લાહ કહેશે."હે મારા ફરિશતાઓ મારી ઈજજત અને જલાલ ની કસમ છે મે મારી તોહીદ નો એકરાર કરનારાઓ થી વધારે પ્રિય બી કોઈ મખલુક નુ સર્જન કર્યુ નથી જે લોકો આ એકરાર કરે છે કે મારા સિવાય બીજો કોઈ ઈબાદત ને પાત્ર નથી મારા પર ફરજ છે કે હું તોહીદ નો એકરાર કરનારાઓ ને જહન્નમ થી દુર રાખું. તેથી મારા આ બંદાઓ ને જન્નતમાં દાખલ કરો."(આમાલી અલ સદુક)

૧૦) તમારા માથી અલ્લાહ ની મારેફત સૌથી વધારે એ જ ધરાવે છે જે પોતાની જાત ને વધારે સારી રીતે ઓળખે છે.(રોઝતુલ વાએઝીન)

૧૧) જે અલ્લાહ ની મારેફત હાસલ કરે છે તે પોતાની ભ ને બેહુદી વાણી થી સુરક્ષિત રાખે છે અને પેટ ને હરામ નુ ખાવા થી બચાવે છે, રાત ની ઈબાદતોમાં જાગી ને અને રોજા રાખી ને પોતાની જાત ને સખત પરિશ્રમ માં નાખે છે. (મજમુઆ વરામ)

૧૨) એક માણસ રસુલ (સ.અ.વ.) ની ખીદમતમાં હાજર થયો અને પુછયું," ઈલ્મ ની સીમા કયાં સુધી છે? આપે જવાબમાં ફરમાવ્યું," અલ્લાહ ની એવી મારેફત જેના થી મારેફત નો હક અદા થઈ જાય." તેણે પુછયું,"મારેફત નો હક શું છે?" આપે જવાબમાં ફરમાવ્યું," તમે તેની ઓળખ કોઈ પણ ઉપમા અને સામ્ય વિના હાસલ કરો અને તે મારેફત હાસલ કરો કે તે ઈબાદત ને પાત્ર અને અને સમર્થ છે, તે એક છે, રચના કરનાર છે, સર્વપ્રથમ છે, સૌથી આખર છે, તે જાહેર છે અને છુપો છે , તેનો કોઈ સહયોગી નથી અને ન તો તેનો કોઈ જોડીદાર છે આજ મારેફત નો હક છે."(જામેઅ ઉલ અખબાર)

૧૩) તમારા માથી ઈમાન માં સર્વશ્રેષ્ઠ તે જ છે જે મારેફતમાં શ્રેષ્ઠ છે.

---

**<u>(૨)અલ્લાહ ની હમ્દ અને અલ્લાહ નો શુકર:–</u>**

જો તમે મારો શુકર અદા કરશો તો હું અવશ્ય તમારા પર નેઅમતોમાં વધારો કરીશ અને જો તમે નાશુકરી કરશો તો યાદ રાખો કે મારો અઝાબ સખ્ત છે.(સુરએ ઈબ્રાહીમ આયત નં. ૭)

૧૪) અલ્લાહ ની હમ્દકરવી એ તમામ નેઅમતો નો શુકર છે. (તરાએફુલ હુકમ)

૧૫) તમારા ઉપર તેના આભારી થવું ફર યાત છે કેમકે તેમ કરવું એ નેઅમતો માં વધારા નુ કારણ છે. (તહફ અલ મકુલ)

૧૬) શુકર કરતા કરતાં ખાવા નો સવાબ એટલો જ છે કે જેટલો અલ્લાહ ની ખુશનુદી હાસલ કરવા માટે રોજા રાખનાર ને મળશે. અને તંદુરસ્તી અને સુખચેન ની પરિસ્થિતિમાં શુકર કરનાર ને એટલો જ સવાબ મળશે કે જેટલો આજમાયેશમા થી પસાર થનાર ને સબર કરવામાં મળશે. શુકર કરતાં કરતાં અલ્લાહ ની રાહમાં ખર્ચ કરનાર ને એટલો જ સવાબ મળશે જેટલો કે અલ્લાહ ની નેઅમતો થી વંચિત કરકસર કરનાર ને મળશે.

૧૭) અલ્લાહે શુકર નો કોઈ એવો દ્વાર નથી ઉઘાડયો કે જેની સાથે સમૃધ્ધિ નો દ્વાર બંધ કરેલો હોય (અર્થાત બંદો જે પ્રમાણમા શુકર કરતો રહેશે તેટલો જ તેને મળતી નેઅમતોમાં વધારો થતો રહેશે.) (ઉસુલે કાફી)

૧૮) નેઅમતો નુ વર્ણન કરવું એ પણ એક પ્રકાર નો શુકર છે (ઈસ્ના અશરી)

૧૯) શુકર કરતાં કરતાં ખાવા વાળો મૌન રોજાદાર થી બેહતર છે."(તહફુલ અકુલ)

૨૦) જેની પાસે કોઈ નેઅમત આવે તો તેણે તે નેઅમત ઉપર વધારેમાં વધારે અલહમ્દો લિલ્લાહ કહેવું જોઈએ.(રોઝા કાફી)

૨૧) જયારે અલ્લાહ કોઈ બંદા ને નાની અથવા મોટી નેઅમત એનાયત કરે અને તે બંદો દરેક નેઅમત ઉપર અલહમ્દો લિલ્લાહ કહે તો જે તેને આપવામાં આવ્યું છે તેના કરતાં વધારે આપવામાં આવે છે.(મજમુઆ વરામ)

૨૨) અલ્લાહ તે બંદા ને પસંદ કરે છે જે ખાવા પીવાના સમયે તે નેઅમત ઉપર અલ્લાહ ની હમ્દ કરતો રહે. (તરાએફુલ હુકમ)

૨૩) જે બંદો ઓછા પર શુકર કરતો નથી તે વધારે મળવા ઉપર પણ શુકર કરતો નથી.(ઈસ્નાઅશરી)

૨૪) જયારે તમે કોઈ સંકટમાં ફસાએલા વ્યકિત ને જુઓ તો અલ્લાહ ની હમ્દ કરો પરંતુ તે રીતે હમ્દ કરો કે તે વ્યકિત ને જાણ થાય નહી કારણકે તેમ કરવાથી તેના દુઃખ માં વધારો થાય છે.(ઉસુલે કાફી)

૨૫) જે માણસ લોકો નો આભારી થતો નથી તે અલ્લાહ નો પણ આભાર માનતો નથી.(ઈસ્નાઅશરી)

૨૬) જે વ્યકિત કોઈ યહુદી, ઈસાઈ અને મજુસી અથવા કોઈ પણ બિનમુસ્લીમ ને જુએતો તેણે એમ કહેવું જોઈએ કે બધાજ વખાણ અલ્લાહ માટે છે જેણે મને તમારા ઉપર દીને ઈસ્લામ મારફતે, કુરાન દ્વારા અને મોહમ્મદ (સ.અ.વ.) નબી મારફતે, ઈમામ અલી (અ.સ) મારફતે, મોમીન ભાઈઓ દ્વારા , કિબ્લા કાબા થકી ફઝીલત આપી. જો તે એમ કહેશે તો અલ્લાહ તેને જહન્નમાં હરગીજ નહી મોકલે જયાં તે લોકો મુલાકાત થાય.(રોઝતુ વાએઝીન)

૨૭) જો દાખલા તરીકે આ દુનિયા એક કોળિયો બની જાય અને એક મોમીન તેને ખાઈ ને અલહમ્દોલિલ્લાહ કહે તો તેનુ આમ કહેવું તેના માટે દુનિયા ની બધી વસ્તુઓ થી બેહતર છે.(તરાએફુલ હુકમ)

૨૮) જે લોકો નો વધારે આભાર માને છે તે અલ્લાહ નો પણ વધારે આભારી થાય છે.(ઈસ્નાઅશરી)

૨૯) નેઅમતો માટે શુકર અદા ન કરવું એ એવો ગુનાહ છે જેની સજા બીજા ગુનાહો ની સજા કરતાં વધારે ઝડપ થી મળે છે.(સફીનતુલ બિહાર)

## (૩) અલ્લાહ ની યાદ અને તેનુ ઝીકરઃ–

૩૦) તે દરેક મહત્વનુ કામ જેને શરૂકરતાં પહેલાં અલ્લાહ નુ નામ ન લેવામાં આવ્યું હોય તે કામ અપુર્ણ અને ખામી વાળું રહી જાય છે.(વસાએલ અલ શિઆહ)

૩૧) જયારે લોકો નો એક સમુહ ભેગો થાય પરંતુ તેઓ તેમના આ મેળાવડામાં અલ્લાહ નુ નામ ન લે અને રસુલ (સ.અ.વ.) ઉપર દરૂદ ન મોકલે તો આ મજલીસ તેમના માટે નિરાશાજનક અને સંકટમય બની જશે.(ઉસુલે કાફી)

૩૨) અલ્લાહ ફરમાવે છે," હે આદમ ની ઓલાદ (માનવી) સવાર પછી એક ચોકકસ સમયે અને અસર પછી એક ચોકકસ સમયે તુ મને યાદ કર કે જેથી હું તારી જરૂરિયાતો પુરી કરૂં"(આમાલી અલ સદુક)

૩૩) મુસા ઈબ્ને ઈમરાન (અ.સ.) એ તેમના હાથ ઉંચા કરી અલ્લાહ થી દુઆ માગી," હે મારા પરવરદિગાર  શું તુ મારા થી દુર છે કે જેથી હું તને મોટા સાદે પોકારૂં? અથવા તુ ન ક છે કે જેથી હું તને ધીમા સાદે પોકારૂં?

અલ્લાહ તરફ થી વહી નાઝીલ થઈ," હે મુસા હું હંમેશાં મને યાદ કરનાર ની ન ક જ હોઉં છું"(સહીફા અલ રિઝા)

૩૪) અલ્લાહ ની દષ્ટિમાં તમારા માથી સૌથી વધારે પ્રિય એ વ્યકિત છે જે વધારે પ્રમાણમાં તેનો ઝીકર કરે છે.(બિહાર અલ અનવાર)

૩૫) જેને અલ્લાહ નો ઝીકર કરનારી  ભ આપવામાં આવી હોય તેને દુનિયા અને આખેરત ની ભલાઈ આપવામાં આવી છે.(ઉસુલે કાફી)

૩૬) જે વ્યકિત વધારે પ્રમાણમાં અલ્લાહ નો ઝીકર કરે છે અલ્લાહ તેને દોસ્ત રાખે છે અને તેના માટે બે મુકિતપત્રો લખવામાં આવે છે એક તો આગ ના અઝાબ થી મુકત હોવાનો પરવાનો અને બીજો નિફાક થી મુકિત નો પરવાનો...(ઉસુલે કાફી)

૩૭) જન્નત ના બાગો તરફ જવા માટે ઝડપ કરો  પુછવામાં આવ્યું," આ જન્નત ના બાગ શું છે ? જવાબ માં ફરમાવ્યું," અલ્લાહ નો ઝીકર. અને ઝીકર ની મજલીસો. (આમાલી અલ સદુક)

૩૮) જન્નત વાળા કદી પણ જન્નતમાં તેમના  દુનિયા ના કોઈ કામ પર અફસોસ નહી કરે સિવાય કે એ ક્ષણો કે જેમા તેમણે અલ્લાહ નો ઝીકર ન કર્યો હોય. (ઈરશાદ અલ કુલુબ )

૩૯) બેદરકાર લોકો વચ્ચે અલ્લાહ નો ઝીકર કરનાર જંગ ના મેદાન છોડી ને નાસી જનાર લોકો વચ્ચે મકકમતા થી જંગ કરનાર જેવો છે. (બિહાર અલ અનવાર)

૪૦) મારી ઉમ્મત ના લોકો ત્રણ સમુહ મા વહેંચાયેલા છે ૧) જે નબીઓ જેવા છે ૨) જે ફરિશ્તાઓ જેવા છે ૩) જે પશુઓ જેવા છે... નબીઓ જેવા એ લોકો છે જે સાહસ કરી ને નમાજ પઢે છે, રોજા રાખે છે અને જકાત આપે છે. અને જે ફરિશતા જેવા છે તે લોકો સાહસ કરી તસ્બીહ અને તકબીર ઉપર ધ્યાન આપે છે. અને પશુ જેવા તે લોકો છે જેમની કોશીશો અને સાહસ ફકત ખાવા પીવા અને સુવા પરજ ખર્ચ થાય છે. (જામીઅ અલ અખબાર)

૪૧) તમારા ઉપર અલ્લાહ નો ઝીકર કરવો ફર યાત છે જે તમારા માટે શીફા છે ખબરદાર લોકો ની ચર્ચા છોડી દો કારણ કે તે તમારા માટે મંદવાડ છે. (મજમુઆ વરામ)

૪૨) જે વ્યકિત પોતાના ઘર થી નીકળતાં" બિસ્મીલ્લાહ" પઢશે તો બન્ને ફરિશતાઓ કહેશે," તારી હિદાયત ની વ્યવસ્થા થઈ ચુકી છે." જો તે વ્યકિત સાથે સાથે " લા હોલ વ લા કુવ્વતા ઈલા બિલ્લાહ" પણ કહે તો ફરિશ્તા કહેશે ," તને રક્ષણ મળ્યું." જો તે વ્યકિત સાથે સાથે કહે."તવકકલતો અલ અલ્લાહ "તો બન્ને ફરિશતાઓ કહેશે." તારા માટે બરકત થઈ. આ જોઈ ને શૈતાન કહે છે," હવે હું આ બંદા નુ શું બગાડી શકું જેને હિદાયત, રક્ષણ અને બરકત મળી.(શૈતાન નિરાશ થઈ ને લાચાર થઈ જાય છે.)(આમાલી અલ સદૃક)

૪૩) તે દુઆ રદ થતી નથી જેની શરૂઆતમાં ," બિસ્મીલ્લાહ " પઢવામાં આવે. (મજમુઆ વરામ)

૪૪) જાણી લો કે તમારા પરવરદિગાર ની દષ્ટિમાં તમારો શ્રેષ્ઠ અમલ અલ્લાહ નો ઝીકર છે. તે અલ્લાહે પોતાના વિષે એ જાણકારી આપી છે ,"હું તેનો દોસ્ત છું જે મારો ઝીકર કરતો રહે."(તરાએફ અલ હકમ)

૪૫) જયારે લોકો નુ એક જુથ એક સાથે બેસી ને અલ્લાહ નો ઝીકર કરે છે તો આકાશ માથી એક અવાજ આવે છે," ઉભા થઈ જાવ તમારા ગુનાહો નેકીઓ માં બદલી નાખવામાં આવ્યા છે અને તમારા

બધા ની મગફેરત કરવામાં આવી છે. અને જયારે લોકો નુ જુથ અલ્લાહ ના ઝીકર માટે બેસે છે તો તેમની સાથે ફરિશ્તા ઓ નુ એક જુથ પણ બેસી જાય છે. (રોઝતુલવાઅઝીન)

૪૬) જે વ્યકિત " સુબ્હાનઅલ્લહ" કહે છે તો અલ્લાહ તેના માટે જન્નતમાં એક વૃક્ષ વાવે છે અને જે ' અલહમ્દોલિલ્લાહ' કહે છે તેના માટે પણ એક વૃક્ષ વાવે છે. જે ' લાએલાહા ઈલલ્લાહ ' કહે છે તેના માટે પણ જન્નતમાં એક વૃક્ષ વાવે છે. અને જે ' અલ્લાહો અકબર ' કહે છે તેના માટે પણ જન્નતમાં એક વૃક્ષ વાવે છે.આ સાંભળી કુરેશ માથી એક વ્યકિત ઉભી થઈ અને કહેવા લાગી ," યા રસુલલ્લાહ આ પ્રમાણે તો જન્નતમાં અમારા વૃક્ષો ઘણા બધા હશે ( અર્થાત અમે આ શબ્દો વધારે પ્રમાણમાં બોલીએ છીએ). આ સાંભળી રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," હા એવું જ છે પણ ખબરદાર એવું ન થાય કે તેઓ ને બાળવા માટે આગ મોકલો જે તેઓ ને બાળી ને ભસ્મ કરી નાખે." આનો અર્થ અલ્લાહ ની આયત મુજબ છે," હે ઈમાનવાળાઓ તમે અલ્લાહ અને તેના રસુલ ની ઈતાઅત કરો અને તમારા આમાલ ને વ્યર્થ ન બનાવો." (આમાલી અલ સદુક)

૪૭) સજદા પુષ્કળ પ્રમાણમાં કરો કારણકે સજદો ગુનાહો ને એવી રીતે ખંખેરી નાખે છે જેવી રીતે પવન વૃક્ષ ના પાંદડાઓ ને ખંખેરે છે. (આમાલી અલ સદુક)

## (૪) અલ્લાહ પર ભરોસો અને તવકકલઃ–

અને જેણે અલ્લાહ પર ભરોસો કર્યો તે તેના માટે પુરતું છે. (સુરા તલાક આયત ૩)

૪૮) જે વ્યકિત એમ ઈચ્છા રાખે કે લોકો ની મોહતા  થી સ્વતંત્ર થઈ જાય તો તેણે જે અલ્લાહ ના હાથમાં છે તેના પર જે લોકો ના હાથમાં છે તેના કરતાં વધારે ભરોસો કરવો જોઈએ.(ઉસુલે કાફી)

૪૯) જે લોકોમાં સૌથી વધારે શકિતશાળી થવાની ઈચ્છા રાખતો હોય તેણે અલ્લાહ પર ભરોસો રાખે. (તહફ અલ અકુલ)

૫૦) જો તમે અલ્લાહ પર ભરોસો રાખવા નો હક અદા કરવાની હદ સુધી ભરોસો રાખશો તો તમને એ પક્ષીઓ ની જેમ રો  આપશે જે સવારમાં પોતાના માળા માથી ભુખ્યા નીકળે છે અને સાંજે પેટભરી ને પાછા ફરે છે.(મજમુઆ વરામ)

૫૧) જે અલ્લાહ સિવાય કોઈ ના થી પણ આશા રાખતો નથી અલ્લાહ તેની બધી જરૂરિયાતો પુરી કરે છે અને તેને એવી જગ્યાઓ થી રો  આપે છે જે તેની કલ્પનામાં પણ ન હોય અને જે અલ્લાહ ને છોડી

ને દુનિયા વાળા થી આશા રાખે છે અલ્લાહ તેને દુનિયા વાળાઓ ને હવાલે કરી દે છે.(મજમુઆ વરામ)

૫૨) અલ્લાહ ની દષ્ટિ માં સૌથી સારા બંદાઓ તે છે જે અલ્લાહ પર ભરોસો રાખે છે અને તેના હુકમો નુ પાલન કરે છે.(ઈસ્નાઅશરી)

૫૩) બ્રઈલ મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા," અલ્લાહે મને તમારા માટે એક એવો હદિયો આપી ને મોકલ્યો છે જે આના પહેલાં બીજા કોઈ ને આપવામાં આવ્યો નથી". આ સાંભળી રસુલ (સ.અ.વ.) એ પુછયું," એ હદિયો શું છે? " બ્રઈલે કહયું," સબ્ર અને તેના થી એક વધારે સારી વસ્તુ. " મે પુછયું,"અને તે વસ્તુ કઈ છે? " અલ્લાહ ની ખુશી અને તેના થી એક સારી વસ્તુ". મેં પુછયું તે વસ્તુ કઈ છે? " બ્રઈલે કહયું," ઈબાદત ગુજારી અને તેના થી એક સારી વસ્તુ." મેં પુછયું," તે વસ્તુ કઈ છે?" બ્રઈલે કહયું,"નિખાલસતા અને તેના થી પણ સારી એક વસ્તુ," મેં કહયું,"અને તે શું છે?" બ્રઈલે કહયું," યકીન અને તેના થી પણ એક સારી વસ્તુ." મેં પુછયું,"તે વસ્તુ કઈ છે?" બ્રઈલે કહયું," યકીન ના એ દરજા સુધી પહોંચવા નો વસીલો અલ્લાહ પર ભરોસો છે." મે પુછયું," અલ્લાહ પર તવકકલ (ભરોસો ) શું છે?" બ્રઈલે કહયું," એવું યકીન રાખવું કે કોઈપણ મખલુક ન નુકશાન પહોંચાડી શકે છે અને ન ફાયદો પહોંચાડી શકે છે અને ન કઈ રોકી શકે છે અને ન તો કઈ આપી શકે છે આમ તે મખલુક થી આશા રાખશે નહી."જયારે બંદો આ દરજા સુધી પહોંચે છે ત્યારે તેનો દરેક અમલ અલ્લાહ ખાતર થઈ જાય છે તે અલ્લાહ સિવાય કોઈ થી આશા રાખતો નથી અને ભયભિત થતો નથી. અને ન કોઈ થી લાલચ કરે છે તેનુ નામ જ તવકકલ છે.(તરાએફુલ હકમ)

## <u>(૫) અલ્લાહ નો ખોફ રાખવો:–</u>

અને જે પોતાના પરવરદિગાર ની સામે ઉભા રહેવાના દિવસ થી ભયભિત રહયો તેના માટે બે બાગ છે.(સુરએ રહમાન. આયત ૪૬)

૫૪) જે અલ્લાહ ના ખોફ ના કારણે ગુનાહો થી દુર રહેશે અલ્લાહ કયામત ના દિવસે તેને રા  કરશે (ઉસુલે કાફી)

૫૫) જેને વ્યભિચાર અને હરામ કામ ની તક મળે અને તે અલ્લાહ નો ખોફ રાખી ને તે ગુનાહ થી દુર રહે તો અલ્લાહ તેના પર જહન્નમ ની આગ ને હરામ કરશે અને કયામત ના દિવસના ભય થી તેને મુકિત આપશે અને તેને કુરાનમાં જેનો વાયદો કરેલો છે તે બદલો આપશે.(સુરએ રહમાન " જે પરવરદિગાર ના મરતબા નો ખોફ રાખશે તેના માટે બે જન્નતો છે.) (આમાલી અલ સદુક)

૫૬) જે અલ્લાહ નો ખોફ રાખે છે તેના થી બધી વસ્તુ ઓ ભયભિત રહે છે અને જે અલ્લાહ નો ખોફ રાખતો નથી તે દરેક વસ્તુ થી ભયભિત રહે છે.(તહફુલ ઉકુલ)

૫૭) જેના માં રહેલો અલ્લાહ નો ખોફ તેને લોકો ના ડર થી મુકત કરે તે હંમેશા સુખી રહે છે.(બિહાર અલ અનવાર)

૫૮) અલ્લાહ ફરમાવે છે હું બંદા માટે બે ભય ભેગા કરતો નથી અને બે સુખશાંતિ ની પરિસ્થિતિઓ પણ ભેગી કરતો નથી. તેથી જો તે દુનિયામાં મારા અઝાબ થી ડરશે નહી તો કયામત ના દિવસે તેને ભયભિત થવું પડશે પરંતુ જો બંદો દુનિયામાં મારો ખોફ રાખશે તો તેને કયામત ના દિવસે સુખશાંતિમાં રાખીશ.(બિહાર અલ અનવાર)

૫૯) જે સૌથી વધારે અલ્લાહ ની મારેફત ધરાવે છે તેજ સૌથી વધારે અલ્લાહ નો ખોફ રાખે છે.(જામેઅ ઉલ અખબાર)

૬૦) જયારે કોઈ મોમીન અલ્લાહ ના ખોફ ને કારણે રૂદન કરે છે તો અલ્લાહ તેના ગુનાહો ને માફ કરે છે ભલે પછી તેના ગુનાહો આકાશ ના તારા અથવા વરસાદ ના ટીપાઓ જેટલા હોય. ત્યાર બાદ આપે આ આયત તિલાવત કરી," ઓછું હસો અને વધારે રડો. જે કાંઈ લોકો કમાય છે તેનો જ બદલો મળે છે.(જામેઅ અલ અખબાર)

૬૧) અલ્લાહ ના ખોફ ને કારણે રૂદન કરનારી આંખ પર આગ હરામ કરવામાં આવી છે.(જામેઅ અલ અખબાર)

૬૨) અંધારી રાતમાં અલ્લાહ ના ખોફ થી આંખ માથી ટપકતું આંસુ નુ ટીપું જેને અલ્લાહ સિવાય કોઈ જોતું ન હોય તે અલ્લાહ ને સૌથી વધારે પ્રિય છે.(જામેઅ અલ અખબાર)

૬૩) કયામત ના દિવસે ત્રણ આંખો સિવાય બધી આંખો રડતી હશે ૧) અલ્લાહ ના ખોફ માં રૂદન કરનારી આંખ ૨) હરામ ચીજો જોવાથી દુર રહેનારી આંખ ૩) અલ્લાહ ની ઈબાદત માં જાગનારી આંખ. (ખમાલ સદુક)

૬૪) જે વ્યકિત પોતાના ગુનાહો યાદ કરીને એ રીતે રૂદન કરે કે આંસુ તેની દાઢી પર વહેવા લાગે તો અલ્લાહ તેના ચહેરા પર જહન્નમ ની આગ હરામ કરે છે.(રોઝતલ વાએઝીન)

૬૫) કોઈ અમલ એવું નથી જેના માટે અમુક ચોકકસ વજન અને હિસાબ ન હોય સિવાય કે આંસુઓ કારણકે આંસુઓ નુ એક ટીપું આગ ના દરિયાઓ ને ઓલવી નાખે છે. (મજમુઆ વરામ)

૬૬) જે બંદો તેના થી થયેલા કોઈ ગુનાહ ના ડર ને કારણે રૂદન કરશે તો તેનો તે ગુનાહ માફ કરવામાં આવશે. જે જહન્નમ ના ખોફ થી રૂદન કરશે તેને સલામતી મળશે અને જે જન્નત પામવાની ઉત્સુકતાને કારણે રૂદન કરશે તેને જન્નતમાં જગ્યા આપવામાં આવશે. અને કયામત ના દિવસ ની ભયંકરતા થી તેને મુકિત આપવામાં આવશે. (ઈરશાદ અલ કુલુબ)

૬૭) અલ્લાહ નો ખોફ સૌથી ઉચ્ચ શાણપણ છે. (ઈસ્નાઅશરી)

૬૮) તમે જયાં પણ હોવ અલ્લાહ થી ડરી ને ચાલો. (ઈસ્નાઅશરી)

૬૯) અલ્લાહ ના ખોફ ને કારણે જો કોઈ ના શરીર ના રૂંવાડા ઉભા થઈ જાય તો તેના ગુનાહો એવી રીતે ખરી પડે છે જેવી રીતે સુકા ઝાડ પર થી પાંદડા ખરી પડે છે. (મજમુઆ વરા)

૭૦) અલ્લાહ નો ખોફ અને અલ્લાહ થી શરમીંદગી સિવાય દાઉદ (અ.સ.) ને કોઈ માંદગી લાગુ પડેલી ન હતી તેમ છતાં લોકો તેમને બિમાર સમ  ને ખબરઅંતર પુછવા આવતા હતા.(રોઝતલ વાએઝીન)

૭૧) હે અલી  તમે અલ્લાહ ના ખોફ ને કારણે રૂદન કરો. અલ્લાહ ના ખોફ ને કારણે આંખો થી ટપકતા દરેક આંસુ ના બદલે અલ્લાહ તમારા માટે જન્નતમાં એક ઘર બનાવશે.(રોઝતલ કાફી)

૭૨) અલ્લાહ નો ખોફ રાખો અને લોકો માં માનમરતબો મેળવવા એ તેમના પર એ જાહેર ન કરો જયારે હકીકતમાં તમે અંદરખાને બદચલન હોવ.(બિહાર અલ અનવાર)

૭૩) જેની આંખો અલ્લાહ ના ડર ને કારણે ભીની થઈ જાય તેની આંખ થી ટપકનારા દરેક ટીપા ના બદલે તેના માટે જન્નતમાં હીરામોતીઓ નો એક મહેલ હશે જેમાં એવી વસ્તુ હશે જે નતો આંખો એ જોઈ હશે અને ન તો કાનો એ સાંભળી હશે અને ન તો મનમાં કલ્પના હોય. (આમાલી અલ સદુક)

## (૬) અલ્લાહ થી સારી આશા રાખવી:–

અને તે લોકોએ સમ  લીધું કે અલ્લાહ સિવાય બી  કોઈ સલામતી ની જગ્યા નથી. (તોબા. આયત. ૧૧૮)

૭૪) અલ્લાહ થી શુભ આશા રાખવી એ અલ્લાહ ની ઈબાદત છે.(બિહાર અલ અનવાર)

૭૫) તમારા માથી કોઈ અલ્લાહ થી નિરાશા ની સ્થિતિમાં મૃત્યુ ન પામે કારણકે અલ્લાહ થી શુભ આશા રાખવી એ જન્નત ની કિમત છે.(રોઝતલ વાએઝીન)

૭૬) અલ્લાહ ની કસમ કોઈ પણ મોમીન ને દુનિયા અને આખેરત ની ભલાઈ ફકત ત્યારે જ મળશે જયારે તે અલ્લાહ થી શુભ આશા રાખે, સારી રીત ભાત થી વર્તણુક કરે અને મોમીનો ની ગીબત કરવા થી દુર રહે. અલ્લાહ ની કસમ અલ્લાહ કદી કોઈ મોમીન પર તોબા કર્યા પછી અઝાબ નહી કરે પરંતુ જયારે તે અલ્લાહ થી નિરાશ થઈ જાય, ખરાબ રીતભાત અપનાવે અને મોમીનો ની ગીબત કરે ત્યારે તે અઝાબ ને પાત્ર થશે.

કસમ એ અલ્લાહ ની જેના સિવાય કોઈ ઈબાદત ને લાયક નથી દરેક મોમીન સાથે અલ્લાહ તેની અપેક્ષા મુજબ જ વર્તન કરે છે કેમકે અલ્લાહ દયાળુ છે અને તેની પાસે નેકી છે તે એ વાત ઉપર શરમ અનુભવે છે કે તેનો બંદો તો તેના માટે સારો અભિપ્રાય રાખે અને તે એ બંદા ની સાથે તેની આશા અને અપેક્ષા વિરૂધ્ધ વર્તન કરે. તેથી અલ્લાહ માટે સારૂં મંતવ્ય કેળવો અને ફકત તેના થી જ મોહબત રાખો. (ઉસુલે કાફી)

૭૭) બેશક અલ્લાહ માટે સારૂં મંતવ્ય રાખવું એ જ ઉત્તમ ઈબાદત છે.(ઈસ્નાઅશરી)

૭૮) મે એક ઉમ્મતી ને સપનામાં જોયો કે તે જહન્નમ ના કિનારા પર ઉભો હતો તે જ સમયે તે અલ્લાહ થી જે આશા રાખતો હતો તે તેના ઉપર આવી ગઈ અને તેણે સેવેલી તે આશાએ તેને જહન્નમ થી મુકિત અપાવી.(રોઝતુલ વાએઝીન)

## <u>(૭) અલ્લાહ ની ઈબાદત અને ઈતાઅત:–</u>

અને મે ન અને ઈન્સાનો ને એટલા માટે પેદા કર્યા કે તેઓ મારી ઈબાદત કરે (સુરા ઝારિયાત આયત ૫૭)

૭૯) અલ્લાહ ની ઈબાદત એ રીતે કરો જાણેકે તમે તેને જોઈ રહયા છો કેમકે જો તમે તેને નથી જોઈ રહયા તો પણ તે તમને જોઈ રહયો છે અને જાણી લો કે સૌથી ઉત્તમ ઈબાદત એ છે તેની મારેફત હાસલ કરવામાં આવે. (બિહાર અલઅનવાર)

૮૦) લોકો માં સૌથી ઉત્તમ એ છે જે ઈબાદત પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરે અને તેને અપનાવે અને મન થી ઈબાદત ને પ્રેમ કરે અને પોતાના અંગો થી તે બજાવી લાવે અને તેના માટે સમય ફાળવે. આવી વ્યકિત ને પોતાનુ વન સુખ કે દુઃખ માં પસાર થાય છે તેની દરકાર હોતી નથી. (ઉસુલે કાફી)

૮૧) ઈબાદત ના ત્રણ પ્રકાર છે એક વર્ગ અલ્લાહ ના ખોફ ને કારણે ઈબાદત કરે છે તે ગુલામો ની ઈબાદત છે.

બીજો વર્ગ સવાબ અને બદલા ની અપેક્ષા થી અલ્લાહ ની ઈબાદત કરે છે તે વેપારીઓ ની ઈબાદત છે

ત્રીજો વર્ગ અલ્લાહ ની મોહબતમાં અલ્લાહ ની ઈબાદત કરે છે તે સ્વતંત્ર લોકો ની ઈબાદત છે અને તે શ્રેષ્ઠ ઈબાદત છે.(ઈસ્નાઅશરી)

૮૨) અલ્લાહ ફરમાવે છે જયારે મારો કોઈ બંદો મારી ઈતાઅત કરે છે ત્યારે હું તેને કદી બીજા ને હવાલે કરતો નથી અને જયારે તે મારી આજ્ઞા નુ ઉલ્લંઘન કરે છે ત્યારે હું તેને તેના જ હવાલે કરી દઉં છું પછી મને તેની કોઈ દરકાર રહેતી નથી કે તે કઈ જગ્યા પર મરી પરવારે છે.(વાફી કિતાબે ઈમાનો કુફ્ર)

૮૩) અલ્લાહ ફરમાવે છે હે મારા સાચા બંદાઓ  મારી ઈબાદતો ની નેઅમત નો લાભ ઉઠાવો કેમકે તેના વડે તમને જન્નત ની નેઅમત મળશે.(આમાલી અલ સદુક)

૮૪) અલ્લાહે ફરમાવ્યું," હે આદમ ની ઓલાદ (માનવીઓ)  મારા હુકમો નું તમે પાલન કરો અને પોતાના લાભ ની વાત મને ન શીખવાડો હું તમારા કરતાં વધારે સારી રીતે જાણુ છું.(ખિસાલ)

૮૫) સૌથી શ્રેષ્ઠ ઈબાદત' લાએલાહાઈલલ્લાહ' કહેવું તે છે. (ઉસુલે કાફી)

૮૬) સૌથી શ્રેષ્ઠ ઈબાદત શરીઅત ના નિયમો સમજવા તે છે અને પરહેજગારી સૌથી શ્રેષ્ઠ દીનદારી છે.(ખિસાલે સદુક)

૮૭) અમીરી પછી ગરીબી કેટલી ખરાબ લાગે છે તેના થી પણ વધારે ખરાબ એ છે કે માણસ લાચારી માપણ અલ્લાહ ના હુકમો નુ ઉલ્લંઘન કરે અને તેના થી પણ વધારે ખરાબ એ છે કે એક ઈબાદતગુજાર બંદો ઈબાદતો નો ત્યાગ કરે. (ઉસુલે કાફી)

૮૮) જાણી લો  દરેક ઈબાદત માટે જુસ્સો અને જોશ નો સમય હોય છે તેના પછી આળસ આવવા લાગે છે.

તેથી જેની ઈબાદતોમાં મારી સુન્નતો તરફ જુસ્સો અને જોશ હશે તેણે હિદાયત મેળવી અને જેણે મારી સુન્નતો નો વિરોધ કર્યો તે ગુમરાહ થયો અને તેનો અમલ વ્યર્થ ગયો.

જેવી રીતે હું નમાઝ પઢું છું અને ઉંઘી જાઉ છુ, રોજો રાખું છુ અને ઈફતારી કરૂં છું, હસું છું અને રૂદન કરૂં છું. જેણે મારી સુન્નતો થી મોઢુંફેરવી લીધું તે મારા થી નથી. (સફીનતુલ બિહાર)

## (૮) અલ્લાહ ની ખાતર મોહબત અને દુશ્મનીઃ–

જે લોકો અલ્લાહ અને કયામત ના દિવસ ઉપર ઈમાન રાખે છે તમે તેમને અલ્લાહ અને રસુલ ના દુશ્મનો સાથે દોસ્તી કરતા નહી જુઓ ભલે પછી તે તેમના બાપ, બેટા અને કટુંબના સભ્યો પણ કેમ ન હોય. (સુરા મુજાદલા આયત ૨૧)

૮૯) અલ્લાહ ની ખુશનુદી માટે મોમીન ની સાથે મોમીન ની મોહબત ઈમાન ના શ્રેષ્ઠ પાસા ઓ માથી છે અને જે અલ્લાહ ની ખાતર દોસ્તી અને દુશ્મની રાખે છે, અલ્લાહ ની ખાતર આપે છે અને અલ્લાહ ની ખાતર હાથ રોકી લે છે તો તે અલ્લાહ ના પ્રિય બંદાઓ માથી છે.(તુહાફ અલ ઉકુલ)

૯૦) અલ્લાહ ની ખાતર દુશ્મની અને અલ્લાહ ની ખાતર દોસ્તી રાખવી એ ઉત્તમ આમાલ માથી છે. (જામેઅ અલ અખબાર)

૯૧) અલ્લાહ ની ખાતર મોહબત કરનારા કયામત ના દિવસે અલ્લાહ ના અર્શ ની છાયામાં જમણી બાજુએ ઝબરજદ ની લીલી જમીન ઉપર હશે. તેમના ચહેરા પર નુર હશે જેનો ઉજાશ સુર્ય થી વધારે હશે. તેમનો મરતબો જોઈ ને ફરિશ્તા અને નબીઓ પણ અંજાઈ જશે. લોકો પુછશે," આ કોણ છે? " તેમને જવાબ મળશે," આ એ લોકો છે જે અલ્લાહ ની ખાતર એકબીજા થી મોહબત કરતા હતા."(ઉસુલે કાફી)

૯૨) જો બે વ્યકિતઓ અલ્લાહ ની ખાતર એકબીજા થી મોહબત કરે અને તેમાથી એક પુર્વમાં હોય અને બીજો પશ્ચિમ માં હોય તો પણ અલ્લાહ કયામત ના દિવસે તેમને ભેગા કરશે.(જામેઅ અલ અખબાર)

૯૩) રસુલ (સ.અ.વ.) એ હઝરત અબુઝર (રઝી) થી પુછયું,"ઈમાન નું કયું પાસું મકકમ છે?" તેમણે જવાબ આપ્યો,"અલ્લાહ અને તેના રસુલ યોગ્ય જાણકારી ધરાવે છે." આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું,"અલ્લાહ ની ખાતર દોસ્તી રાખવી અને અલ્લાહ ની ખાતર દુશ્મની રાખવી.(તુહાફ અલ ઉકુલ)

૯૪) જયારે કયામત નો દિવસ આવશે તો અલ્લાહ તરફ થી એક અવાજ આપનાર અવાજ આપશે જે બધા જ સાંભળી શકશે. તે કહેશે ," અલ્લાહ ના ઘરમા તેના પડોશીઓ કયાં છે?" આ સાંભળી લોકો નો એક સમુહ ઉભો થશે અને ફરિશતાઓ નુ એક જુથ આગળ વધી ને તેમનુ સ્વાગત કરશે અને તેમના થી પુછશે તમે દુનિયામાં કયું કામ કર્યુ હતું જેના કારણે તમે આજે અલ્લાહ ના ઘરમાં તેના પડોશી તરીકે ઓળખાયા?" તે લોકો કહેશે," અમે અલ્લાહ ની ખાતર એકબીજા થી મોહબત કરતા હતા અને

અલ્લાહ ની ખાતર એક બીજા ની મુલાકાત લેતા હતા." તે વખતે અલ્લાહ ના તરફ થી એક અવાજ આપનાર એલાન કરશે," મારા બંદાઓ એ સાચું કહયું છે. તેમને માર્ગ આપો. આ તેજ લોકો છે જે જન્નતમાં અલ્લાહ ના પડોશમાં હિસાબકિતાબ વગર પહોંચી જશે.(તરાએફ અલ હકમ)

૯૫) અલ્લાહ ની ખાતર દુશ્મની રાખવી અને અલ્લાહ ની ખાતર દોસ્તી રાખવી એક ફરજ છે.(જામેઅ અલ અખબાર)

## (૯) અલ્લાહ ના નિર્ણયો ઉપર રા  રહેવું:–

અને આ એ લોકો છે જેમના પર કોઈ મુસીબત આવી પડી તો તેઓ આપમેળે જ કહેવા લાગ્યા," અમે તો અલ્લાહ ના છીએ અને તેની તરફ જ પાછા ફરવાના છીએ."(સુરા બકર આયત. ૧૫૬)

૯૬) જે અલ્લાહે તમને આપ્યું છે તેના પર તમે રા  રહેશો તો તમે તમારી ગરીબી નો સવાબ મેળવશો.(મજમુઆ વરામ)

૯૭) જે ખુબજ ઓછી રો  થી પણ અલ્લાહ થી રા  રહેશે તો અલ્લાહ પણ તેના જરા સરખા અમલ ઉપર રા  રહેશે.(મજમુઆ વરામ)

૯૮) બેશક મોટી મુસીબતો નો બદલો પણ મોટો મળશે. જયારે અલ્લાહ કોઈ બંદા ને પસંદ કરે છે તો તેના ઉપર મોટી મુસીબતો નાખે છે. તેથી જે તેના તરફ ની મુસીબત ઉપર રા  રહે છે તો અલ્લાહ તેના થી રા  રહે છે અને જે મુસીબત થી નાખુશ રહે છે તો અલ્લાહ પણ તેના થી નાખુશ રહે છે.(ખિસાલે સદુક)

૯૯) અચરજ છે એ મોમીન ઉપર  અલ્લાહ તેના માટે ફકત ભલાઈ ના જ હુકમ કરે છે જો તે ખુશ થાય કે નાખુશ થાય. જો કોઈ મુસીબત માં નાખે છે તો એટલા માટે કે તેના ગુનાહો ની માફી થાય. જો કોઈ નેઅમત આપે છે અને તેની ઈજજતમાં વધારો કરે છે તો તે તેની બક્ષિસ છે.(તહફુલ અકુલ)

૧૦૦) અલ્લાહે કહયું," જે બંદો મારા નિર્ણયો પર રા  નથી રહેતો અને મારી નકકી કરેલી તકદીર ઉપર ઈમાન નથી રાખતો તો તેણે પોતાના માટે મારા સિવાય કોઈ બીજા માબુદ ની શોધ કરી લેવી જોઈએ.(જવાહર અલ મન્બા)

૧૦૧) હે અલ્લાહ ના બંદાઓ  તમે માંદગીમાં સપડાયેલા લોકો જેવા છો અને તમારો પરવરદિગાર એક તબીબ જેવો છે બસ એક દર્દી ની ભલાઈ તેમા જ છે  કે જે તબીબ કહે તે માને અને પોતાની

ઈચ્છા અનુસાર વર્તન કરે નહી. હે લોકો  તમે અલ્લાહ ના કામો ને અલ્લાહ ના સુપરત કરો કે જેથી તમે કામયાબ થાવ.(તરાએફુલ હકમ)

૧૦૨) હે ગરીબો  પોતાની જાત ને આનંદમય રાખો અને અલ્લાહ ની સમક્ષ તમારી ખુશનુદી જાહેર કરો કે જેથી અલ્લાહ તમને તમારી ગરીબી નો સવાબ એનાયત કરે અને જો તમે તેમ નહી કરશો તો તમને કોઈ સવાબ નહી મળે. (ઉસુલે કાફી)

**<u>૧૦) અલ્લાહ ની રહમત અને મહેરબાની:–</u>**

તમારા પરવરદિગારે પોતાના માટે લોકો ઉપર મહેરબાની કરવી ફર યાત કરી છે.(સુરા ઈનઆમ આયત ૫૪)

૧૦૩) અલ્લાહે ફરમાવ્યું," ઈબાદતો કરનારાઓએ મારા તરફ થી સવાબ મેળવવા માટે કરેલી પોતાની ઈબાદતો ઉપર ભરોસો ન કરવો જોઈએ કારણકે તેઓ પ્રયત્નો કરે છે અને ઈબાદતો બજાવવા માટે પોતાની જાત ને સખત મહેનતમાં નાખે છે તેમ છતાં પણ મારી ઈબાદતો ની હકીકત સુધી પહોંચી શકતા નથી કે જેથી તેના વડે મારી નેઅમતો અને મારી નજદીકી ના ઉચ્ચ દરજા હાસલ કરી શકે. પરંતુ તેમણે મારી રહમત અને મહેરબાની ઉપર ભરોસો કરવો જોઈએ, મારા થી આશા રાખવી જોઈએ, અને મને દયાળુ સમજવો જોઈએ અને મારા થી પુર્ણ સંતોષ અનુભવવો જોઈએ. આમ કરી ને જ તે લોકો મારી રહમતો ને મેળવી શકે છે, મારી ખુશનુદી હાસલ કરી શકે છે અને મારી મગફેરત મેળવી શકે છે કારણકે હું જ રહમાન અને રહીમ અલ્લાહ છું અને તેજ નામો થી મને પોકારવામાં આવે છે.(ઉસુલે કાફી)

૧૦૪) અલ્લાહ ની કસમ અલ્લાહ પોતાના બંદા ઉપર એક માં પોતાના બેટા થી જેટલી મોહબત કરે છે તેના થી અનેક ગણી મહેરબાની રાખે છે.(રોઝતુલ વાએઝીન)

૧૦૫) અલ્લાહે જમીન અને આકાશ બનાવતાં પહેલાં એક લખાણ લખ્યું અને તેને અર્શ ના નીચે મુકયું જેના પર આ મુજબ લખેલું છે," મારી રહમત મારા ક્રોધ થી વધારે છે."(રોઝતુલ વાએઝીન)

૧૦૬) જયારે એક બંદો કહે છે," હે અલ્લાહ  મને માફ કર " તો અલ્લાહ તેના પર ધ્યાન આપતો નથી. પરંતુ જયારે તે બંદો બી  વખત પણ આજ શબ્દો નુ ઉચ્ચારણ કરે છે તો અલ્લાહ ફરિશતાઓ થી કહે છે," શું તમે જોતા નથી કે મારા એક બંદાએ મારા થી મગફેરત ની દુઆ કરી. મે તેના પર ધ્યાન આપ્યું નહી તેથી બી  વખત તેણે માફી તલબ કરી. તેણે સમ  લીધું કે તેના ગુનાહો ને માફ કરનાર મારા સિવાય કોઈ નથી તેથી હું તમને સાક્ષી રાખું છું કે મે તેને માફી આપી."(જવાહરઅલ મુનબા)

૧૦૭) અલ્લાહે ફરમાવ્યું છે," હે આદમ ના બેટા  લોકો ના ગુનાહ ને કારણે તુ પોતાના ગુનાહ થી બેદરકાર ન બની જા અને લોકો ની પાસે જે નેઅમતો છે તે નેઅમતો ને કારણે તુ એ નેઅમતો પ્રત્યે બેધ્યાન ન બનીશ જે અલ્લાહે તને એનાયત કરી છે. લોકો ને અલ્લાહ ની રહમત થી નિરાશ ન કરો જયારે તમે પોતે તેની આશા રાખો છો. (ઉૈયુન અખબાર અલ રિઝા)

## (૧૧) અલ્લાહ ની નજદીકી અને મોહબતઃ–

અને જે લોકો ઈમાનદાર છે તે સૌથી વધારે અલ્લાહ ની મોહબત રાખે છે. (સુરા બકર આયત.૧૬૫)

૧૦૮) જેને અલ્લાહ પોતાની નજદીકી આપે છે તેને ચાર ગુણો આપે છે કુટુંબકબીલા વગર સત્તાધીશ બનાવે છે, શીખ્યા વગર ઈલ્મ એનાયત કરે છે, ધનદોલત વગર સ્વતંત્રતા આપે છે અને તેને એકલતા માં શાંતિ મળે છે.(ઈસ્નાઅશરી)

૧૦૯) છુપી ઈબાદતો થી વધી ને કોઈ સારી વસ્તુ નથી જે એક બંદા ને અલ્લાહ ની નજદીકી આપતી હોય. (મજમુઆ વરામ)

૧૧૦) જયારે કોઈ અલ્લાહ ની તરફ એક વેંત જેટલો આગળ વધે છે તો અલ્લાહ તેની તરફ એક હાથ જેટલો આગળ વધે છે. અને જયારે અલ્લાહ ની તરફ એક હાથ જેટલો આગળ વધે છે અલ્લાહ તેની તરફ એક ગજ જેટલો આગળ વધે છે. અને જયારે કોઈ અલ્લાહ તરફ ચાલવા લાગે છે તો અલ્લાહ તેની તરફ દોડવા લાગે છે. (મજાઝાત અલ નબવીયા)

૧૧૧) એક આરબે રસુલ (સ.અ.વ.) થી પુછયું," હે રસુલલ્લાહ  કયામત નો દિવસ કયારે આવશે?" આપે તેને ફરમાવ્યું," તેં તે દિવસ માટે શું તૈયારી કરી છે? " તેણે જવાબ આપ્યો," ન તો મારી નમાજો વધારે છે ન તો મારા રોજા વધારે છે પરંતુ હું અલ્લાહ અને તેના રસુલ થી મોહબત રાખું છું." રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું,"બંદો જેને મોહબત કરે છે તેની સાથે જ રહેશે."(મજમુઆ વરામ)

૧૧૨) અલ્લાહે ફરમાવ્યું છે," જેને હું પસંદ કરૂં છું તેને ખપપુરતી રો  આપું છું. અને જેને હું નાપસંદ કરૂં છું તેને વધારે ધનદોલત અને ઓલાદ આપું છું."(જામેઅ અલ અખબાર)

૧૧૩) અલ્લાહ જયારે કોઈ બંદા ને પસંદ કરે છે ત્યારે તેના પર કોઈ મુસીબત નાખે છે કે જેથી તે તેની ફરિયાદ સાંભળે.(મજમુઆ વરામ)

૧૧૪) જે અલ્લાહ ની મુલાકાત ને પસંદ કરે છે અલ્લાહ પણ તેની મુલાકાત ને પસંદ કરે છે. અને જો અલ્લાહ ની મુલાકાત થી અણગમો ધરાવે છે અલ્લાહ પણ તેની મુલાકાત ને પસંદ કરતો નથી. (ઈસ્નાઅશરી)

૧૧૫) જે અલ્લાહ  ની મોહબત ને લોકો ની મોહબત કરતાં વધારે મહત્વ આપે છે અલ્લાહ તેને પુરતી રો  આપે છે. અને તેને લોકો ની મોહતા  થી આઝાદ કરે છે. (ઈસ્નાઅશરીયા)

## (૧૨) રસુલલ્લાહ (સ.અ.વ.) ઉપર દરૂદ અને સલવાતઃ–

તેમા શંકા નથી કે અલ્લાહ અને તેના ફરિશ્તાઓ પૈગંબર અને તેમની આલ ઉપર દરૂદ મોકલે છે. તો હે ઈમાનવાળાઓ તમે પણ દરૂદ મોકલતા રહો અને બરાબર સલામ કરતા રહો. (સુરા એ અહઝાબ આયત ૫૬)

૧૧૬) જે મારા પર દરૂદ મોકલે છે તો અલ્લાહ અને તેના ફરિશ્તાઓ તેના પર દરૂદ મોકલે છે. જો તે વધારે પ્રમાણમાં દરૂદ મોકલે અથવા ઓછા પ્રમાણમા મોકલે તો પણ. (ઉસુલે કાફી)

૧૧૭) તમારો મારા પર દરૂદ મોકલવા નો અમલ તમારી દુઆઓ કબુલ કરાવે છે અનુ તમારા આમાલ પાક હોવાનુ કારણ છે.(તરાએફ અલ હકમ)

૧૧૮) જયારે કોઈ સલલ્લાહો અલયહે વઆલેહી વસલ્લમ કહે છે તો અલ્લાહ કહે છે તુ પણ સલામત રહે અને જે સલલ્લાહો અલા મોહમ્મદ તો કહે પરંતુ આલ પર દરૂદ ન મોકલે તો આવું કરનાર જન્નત ની મહક નહી પામી શકે જે પાંચસો વર્ષ ના અંતર થી સુંઘી શકાય એવી હશે.(આમાલી અલ સદુક)

૧૧૯) મારા પર મોટા સાદે દરૂદ મોકલો કારણકે તેમ કરવાથી નિફાક નાબુદ થાય છે.(ઉસુલે કાફી)

૧૨૦) જેની સામે મારૂં વર્ણન કરવામાં આવે અને તે મારા પર દરૂદ ન મોકલે તો તે જહન્નમ નો હકદાર બનશે અને અલ્લાહ ની રહમત થી દુર થશે.(રોઝતુલ વાએઝીન)

૧૨૧) જેની સામે મારૂં નામ લેવામાં આવે અને તે મારા પર દરૂદ ન મોકલે તો આવી વ્યકિત કંજુસ છે.(સફીનતલ બિહાર)

૧૨૨) જે બંદો મારા પર એક વખત દરૂદ મોકલશે તો અલ્લાહ તેના પર દસ વખત દરૂદ મોકલશે. જે બંદો મારા પર દસ વખત દરૂદ મોકલશે તો અલ્લાહ તેના પર હજાર વખત દરૂદ મોકલશે અને જેના પર અલ્લાહ હજાર વખત દરૂદ મોકલશે તેને કદી જહન્નમ નો અઝાબ નહી કરે.(જામેઅ અલ અખબાર)

૧૨૩) હું કયામત ના દિવસે ત્રાજવા પાસે ઉભો હોઈશ અને જેના ગુનાહો નો પલડો નેકી ઓ ના પલડા કરતાં ભારે હશે તો તે વખતે હું તેના તરફ થી મારા ઉપર મોકલેલી સલવાત ને તેની નેકીઓ ના પલડા માં મુકીશ જયાં સુધી કે તેની નેકીઓ ભારે થઈ જાય. (તરાએફ અલ હકમ)

૧૨૪) જયારે કોઈ બંદો કોઈ કિતાબમાં મારા નામ ઉપર દરૂદ લખે છે તો જયાં સુધી તે કિતાબ રહે છે ત્યાં સુધી ફરિશતાઓ તે બંદા માટે મગફેરત ની દુઆ કરતા રહે છે. (સફીનતલ બિહાર)

૧૨૫) જયારે એક બંદો મારા ઉપર એક વખત દરૂદ મોકલે છે તો અલ્લાહ તેના માટે સલામતી નો દરવાજો ખોલે છે. (જામેઅ અલઅખબાર)

૧૨૬) કયામત ના દિવસે મારી સૌથી ન ક એ લોકો હશે જે મારા પર પુષ્કળ પ્રમાણમાં દરૂદ મોકલે છે.(જામેઅ અલ અખબાર)

૧૨૭) જે બંદો એવું કહે કે ," હે અલ્લાહ  તુ હઝરત મોહમ્મદ અને આલેમોહમ્મદ ઉપર દરૂદ મોકલ" તો અલ્લાહ તેને બોંતેર શહીદો નો સવાબ એનાયત કરશે. અને તે ગુનાહો થી એવી રીતે પાક થશે કે જાણે આ જે જ તેનો જન્મ થયો હોય.(રોઝતુલ વાએઝીન)

૧૨૮) જે બંદો જુમ્આ ના દિવસે મારા પર સો વખત દરૂદ મોકલશે તો અલ્લાહ તેના ૮૦ વર્ષ ના ગુનાહો માફ કરશે.(જામેઅ અલ અખબાર)

૧૨૯) બધી જ દુઆઓ એવી હોય છે કે જેમના અને આકાશ વચ્ચે પડદો હોય છે પરંતુ જયારે દુઆ માગનાર મોહમ્મદ (સ.અ.વ.) પર અને આલે મોહમ્મદ પર દરૂદ મોકલે છે તો આ પડદો વચ્ચે થી ખસી જાય છે અને દુઆ ઉપર પહોંચી જાય છે.જો તે દરૂદ નથી મોકલતો તો દુઆ ઉપર પહોંચતી નથી.(જામેઅ અલ અખબાર

## <u>(૧૩) શફાઅતઃ–</u>

તેની સામે કોઈ કોઈ વ્યકિત ની ભલામણ નથી કરી શકતું સિવાય કે તેની પરવાનગી હોય. (સુરએ યુનુસ આયત.૨)

૧૩૦) જે મારા હોજે કોસર પર ઈમાન ધરાવતો નથી અલ્લાહ તેને મારા હોજ સુધી પહોંચવા દેશે નહી અને જે મારી શફાઅત (ગુનાહો ની માફી ની ભલામણ) પર ઈમાન નહી રાખે મારી શફાઅત તેના સુધી નહી પહોંચે. તેના પછી ફરમાવ્યું," બેશક શફાઅત મારી ઉમ્મત ના એ લોકો માટે છે જેમણે

કબીરા ગુનાહો કર્યા હશે નેકી કરનાર લોકો માટે અઝાબ નો કોઈ સવાલ જ નથી.(આમાલી અલ સદુક)

૧૩૧) દરેક નબી ની એક ખાસ દુઆ હતી જેના દ્વારા તેઓ અલ્લાહ થી પોતાની હાજતો માગતા હતા પરંતુ મે મારી દુઆ ને મારી ઉમ્મત ની શફાઅત માટે ભેગી કરેલી છે.(ખિસાલ)

૧૩૨) મારી શફાઅત તે લોકો ને નહી મળે જે નમાઝ ને બિનમહત્વ ની સમજે છે અને તેવા લોકો હોજે કસર પર મારી પાસે પહોંચી નહી શકે. નહી અલ્લાહ ની કસમ બિલકુલ નહી (રોઝતુલ વાએઝીન)

૧૩૩) જયારે હું મકામે મહમુદ પર ઉભો રહી મારી ઉમ્મત ના ગુનાહગારો ની શફાઅત કરવા લાગીશ તો અલ્લાહ તેમના વિષે મારી શફાઅત કબુલ કરશે. પરંતુ જેણે મને તકલીફ પહોંચાડી હશે તેની શફાઅત નહી કરૂં.(સફીનતુલ બિહાર)

૧૩૪) જે શફાઅત પર ઈમાન નહી રાખે કયામત ના દિવસે તેની શફાઅત નહી થાય.(ઈસ્નાઅશરી)

૧૩૫) જે રાત દિવસ મારા પર દરૂદ મોકલશે મારા પર તેની શફાઅત ફર યાત હશે ભલે પછી તેણે કબીરા ગુનાહો કર્યા હોય.(જામેઅ અલ અખબાર)

૧૩૬) હું કયામત ના દિવસે ચાર પ્રકાર ના લોકો ની શફાઅત કરીશ ૧) મારી એહલેબૈત ના મદદગાર ૨) તેમની તકલીફોમાં તેમની જરૂરિયાતો પુરી કરવા વાળા ૩) દિલ અને ભ થી તેમની સાથે મોહબત રાખનાર ૪) પોતાના હાથે તેમનો બચાવ કરનાર (ખિસાલ)

૧૩૭) જે મારી ઓલાદ ની મદદ પોતાના હાથો અને ભ થી કરશે તેની શફાઅત મારા પર ફર યાત હશે.(જામેઅઅલ અખબાર)

૧૩૮) મારી ઉમ્મત ના એ લોકો માટે મારી શફાઅત હશે જેઓ એ કબીરા ગુનાહો કર્યા હશે પરંતુ જેમણે જુલ્મ અને શિર્ક ના ગુનાહો કર્યા હશે તેમની શફાઅત નહી થાય.(રોઝતુલ વાએઝીન)

૧૩૯) મને એ સત્તા આપવામાં આવી હતી કે કાંતો હું મારી ઉમ્મત ની અડધી સંખ્યા ના લોકો ને જન્નતમાં મોકલું અથવા શફાઅત કરવાનો હક લઈ લઉ. મેં શફાઅત નો હક લઈ લીધો કારણકે શફાઅત સર્વસામાન્ય હશે અને વધારે લોકો માટે પુરતી હશે. શું તમે તેને ફકત પરહેજગાર મોમીનો માટે જ સમજો છો? એવું નથી પરંતુ ગુનાહગાર મોમીનો ની શફાઅત થશે. (રોઝતુલવાએઝીન)

## (૧૪) એહલેબૈત વિષે ફરમાવ્યું.:–

(હે રસુલ) તમે કહી દો કે હું આ (રિસાલત ની તબલીગ) ના કામ નુ મારી એહલેબૈત ની મોહબત સિવાય તમારા થી કોઈ મહેનતાણુ માગતો નથી.(સુરા શુરા આયત ૨૩)

૧૪૦) હે અલી તમામ લોકો પોતાના વંશ અનુસાર જુદી જુદી વંશાવળી થી સબંધ ધરાવે છે પરંતુ હું અને તમે એક જ વૃક્ષ ની બે ડાળીઓ છીએ.(મુસ્તદરક અલ મોહીબ્બીન)

૧૪૧) જો સાતે આકાશ ના રહેનારાઓ ના ઈમાન ને એક પલડામાં મુકવામાં આવે અને બીજામાં અલી (અ.સ.) ના ઈમાન ને મુકવામાં આવે તો અલી (અ.સ.) નુ ઈમાન વજનમાં ભારે હશે. (રિયાઝુન્નઝરા)

૧૪૨) તમે મારા પર અપુર્ણ સલવાત ન મોકલો. લોકો એ પુછયું," અપુર્ણ સલવાત શું છે?' આપે જવાબ આપ્યો," એટલેકે તમે ફકત અલ્લાહુમ્મા સલ્લે અલા મોહંમ્મદ બોલી ને થોભી ન જાવ. તેના બદલે તમારે એમ કહેવું જોઈએ કે," અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહમ્મદ વ અલા આલે મોહમ્મદ"(સવાએકેમુહરરકા)

૧૪૩) તતહીર ની આયત વિષે રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," આ આયત અલી, હસન, હુસેન અને ફાતેમા ઝહરા (અ.સ.) માટે નાઝીલ થઈ છે."(તફસીરે ઈબ્ને જરીર અલ તીબરી)

૧૪૪) જેણે તેઓ ની સાથે મોહબત રાખી તેણે જાણે મારા થી મોહબત રાખી અને જેણે તેઓ ની સાથે દુશ્મનાવટ કરી તો જાણે મારા થી દુશ્મનાવટ કરી. અહીં હસન હુસેન ફાતેમા અને અલી તરફ ઈશારો કરવામાં આવ્યો છે.(કન્ઝુલ ઉમ્માલ)

૧૪૫) બેશક અલ્લાહે મારી રિસાલત નો બદલો તમારા પર મારી એહલેબૈત ની મોહબત રૂપે નકકી કરેલો છે જેના માટે કયામત ના દિવસે હું તમને પુછીશ.(ઝખાએરૂલ ઉકબા)

૧૪૬) રસુલ (સ.અ.વ.) થી પુછવામાં આવ્યું," હે રસુલલ્લાહ  આપના આ ન ક ના સગાવહાલા કોણ છે જેમની મોહબત અમારા પર ફર યાત કરવામાં આવી છે? આપે જવાબ આપ્યો,"અલી,ફાતેમા અને તેમના બન્ને ફરજંદો '(સવાએક ઇબ્ને હજર)

૧૪૭) બેશક અલી મારા થી છે અને હું તેના થી છું અને તે દરેક મોમીન નો વલી (વાલી) છે. (કન્ઝુલ હકાએક)

૧૪૮) હું તમારી વચ્ચે બે વજનદાર વસ્તુઓ મુકી ને જાઉ છુ. તે બન્ને માથી બન્ને એક બીજા થી ચડિયાતી છે અલ્લાહ ની કિતાબ અને મારી એહલેબૈત.સાવધાન તમે મારા પછી તેમની સાથે કેવું વર્તન કરો છો. આ બન્ને એક બીજા થી છુટા નહી પડે ત્યાં સુધી કે હોજેકોસર પર મારા થી મુલાકાત કરશે.''(મુસ્તદરક અલ મુહબ્બીન)

૧૪૯) દરેક નબી નો એક વારસદાર હોય છે અને મારા વારસદાર અલી છે.(રિયાઝુનનઝરા)

૧૫૦) મારી એહલેબૈત નુહ ની કશતી સમાન છે જે તેમાં સવાર થયો તેણે નજાત મેળવી અને જેણે તેમને છોડી દીધા તે ડુબી ગયો. (હલીયતુલ ઓલીયા)

૧૫૧) હું અને મારી એહલેબૈત જન્નત નુ એક વૃક્ષ છીએ જેની ડાળીઓ દુનિયામાં છે જે અમારી સાથે સંકળાયેલો રહયો તેણે અલ્લાહ નો માર્ગ મેળવી લીધો (ઝખાએરૂલ ઉકબા)

૧૫૨) તમારા માથી કોઈ બંદો ત્યાં સુધી મોમીન નથી થઈ શકતો જયાં સુધી તે મારા થી તેના પોતાના કરતા વધારે મોહબત રાખે અને મારા કુટુંબ થી તેના પોતાના કુટુંબ કરતાં વધારે મોહબત રાખે અને મારી ઓલાદ થી પોતાની ઓલાદ કરતાં વધારે મોહબત રાખે. (કન્ઝુલ ઉમ્માલ)

૧૫૩) તમારા માથી જે મારી એહલેબૈત ની મોહબતમાં મકકમ હશે તેના પગો પુલેસિરાત પર અડગ રહેશે. (કન્ઝુલ હકાએક)

૧૫૪) અમારી એહલેબૈત  થી પરહેજગાર મોમીનો સિવાય કોઈ મોહબત રાખતું નથી અને કોઈ કમનસીબ મુનાફિક સિવાય અમારા થી કોઈ દુશ્મનાવટ રાખતું નથી.(ઝખાએર અલ મકબા)

૧૫૫) અલ્લાહ ની કસમ મારી એહલેબૈત થી દુશ્મનાવટ રાખનાર ને અલ્લાહ જહન્નમમાં દાખલ કરશે.(મુસ્તદરક સહીહૈન)

૧૫૬) જે મારી એહલેબૈત સબંધે મને દુ:ખી કરશે તેના પર અલ્લાહ ની લઅનત છે. જેણે મને એહલેબૈત સબંધે દુ:ખી કર્યો તેણે અલ્લાહ ને દુ:ખી કર્યો. બેશક અલ્લાહે તેના પર જન્નત હરામ કરી છે જેણે મારી એહલેબૈત પર જુલ્મ કર્યું અથવા તેમને કતલ કર્યા અથવા તેમ કરવામાં મદદ કરી અથવા તેમને અપશબ્દો કહયા.(સવાએક ઈબ્ને હજર)

૧૫૭) અલી બધા જ ઈન્સાનો થી બેહતર છે. જેણે આ બાબત ઉપર શક કર્યો તે કાફિર છે.(કન્ઝુલ હકાએક)

૧૫૮) પુરૂષો માં સર્વશ્રેષ્ઠ અલી ઈબ્ને અબીતાલીબ (અ.સ.) છે. નવજવાનો માં હસન અને હુસેન અફઝલ છે અને ઓરતોમાં ફાતેમા બિન્તે મોહમ્મદ સૌથી અફઝલ છે.(તારીખ બગદાદ)

૧૫૯) અલી અને તેના શીયાઓ જ કયામત ના દિવસે કામયાબ થશે.(કન્ઝુલ હકાએક)

૧૬૦) જેણે મારી ઈતાઅત કરી તેણે અલ્લાહ ની ઈતાઅત કરી જેણે મારી આજ્ઞા નુ ઉલ્લંઘન કર્યુ તેણે અલ્લાહ ના હુકમ નો અનાદર કર્યો. જેણે અલી ની ઈતાઅત કરી તેણે મારી ઈતાઅત કરી. જેણે અલી ના હુકમ નો અનાદર કર્યો તેણે મારા હુકમ નો અનાદર કર્યો. (મુસ્તદરક સહીહૈન)

૧૬૧) હું અને અલી અલ્લાહ ના બંદાઓ ઉપર અલ્લાહ તરફ થી હુજજત છીએ. (કન્ઝુલ હકાએક)

૧૬૨) અલી હક ની સાથે છે અને હક અલી ની સાથે છે આ બન્ને એક બીજા થી કદાપિ છુટા નહી પડે. ત્યાં સુધીકે કયામત ના દિવસે હોજેકોસર ઉપર મારી સાથે મુલાકાત કરે. (તારીખે બગદાદ)

૧૬૩) અલી કુરાન ની સાથે છે અને કુરાન અલી ની સાથે છે આ બન્ને એક બીજા થી છુટા નહી પડે ત્યાં સુધી કે હોજેકોસર પર મારી સાથે મુલાકાત કરે.(સવાએક ઈબ્ને હજર)

૧૬૪) મારા ભાઈઓ માથી સૌથી બેહતર અલી છે કાકાઓ માથી સૌથી બેહતર હમ્ઝા છે અને અલી નો ઝીકર ઈબાદત છે.(સવાએક ઈબ્ને હજર)

૧૬૫) મારી પાસે એક ફરિશ્તો આવ્યો અને કહયું," હે મોહમ્મદ (સ.અ.વ.) અલ્લાહે આપને સલામ કહયા છે.અને કહયું છે," મેં આપની બેટી ફાતેમા ના નિકાહ અર્શ ઉપર અલી ઈબ્ને અબીતાલીબ (અ.સ.) ની સાથે કરી દીધા છે તેથી આપ પણ જમીન ઉપર આ કામ પુર્ણ કરો.(ઝખાએર અલ મુકબા)

૧૬૬) રસુલ (સ.અ.વ.) એ અલ્લાહ ના હુકમ થી મસ્જિદે નબવીમાં ખુલતા દરવાજા બંધ કરવાનો આદેશ આપ્યો. તે વખતે કેટલાક લોકો એ અણગમો દાખવ્યો હતો અને કહેવા લાગ્યા કે અમારા ઘર ના મસ્જિદ માં ખુલતા દરવાજા તો બંધ કરાવ્યા પરંતુ આપની બેટી ના ઘર ના દરવાજા તો બંધ નથી કરાવ્યા. આ સાંભળી આપે ફરમાવ્યું," મે મારી મર  થી તમારા દરવાજા બંધ નથી કર્યા અને ન તો મારી મર  થી અલી નો દરવાજો ખુલ્લો રખાવ્યો છે પરંતુ અલ્લાહ ના હુકમ થી આવો આદેશ આપ્યો છે." (કન્ઝુલ ઉમ્માલ)

૧૬૭) અલ્લાહે દરેક નબી ની ઓલાદ ખુદ તે નબી થી જ આગળ વધારી જયારે મારી ઓલાદ અલી ઈબ્ને અબીતાલીબ થી આગળ વધારી છે. (કબ્ઝ અલ કદીર)

૧૬૮)( ખૈબર ની જંગમાં ફરમાવ્યું) કાલે હું અલમ એક એવા બંદા ને આપીશ જે અલ્લાહ અને રસુલ થી મોહબત રાખે છે અને અલ્લાહ અને તેના રસુલ પણ તેના થી મોહબત રાખે છે. અને અલ્લાહ તેના હાથે ફતેહ આપશે. તેથી અલમ રસુલ (સ.અ.વ.) એ અલી ઈબ્ને અબીતાલીબ (અ.સ.) ને સોંપી દીધું.(તેહઝીબ અત તેહઝીબ)

૧૬૯) હે અલી હું તમારા માટે એજ પસંદ કરૂં છું જે મારા માટે પસંદ કરૂં છું અને જે મારા માટે અનિચ્છનીય સમજું છું તે તમારા માટે પણ અનિચ્છનીય સમજું છું. (સહીહ તિરમીઝી )

૧૭૦) હે અલી જે તારા થી સાચી મોહબત રાખે તે સદા સુખી રહે. અને તેના માટે અફસોસ છે કે જે તારા થી દુશ્મનાવટ રાખે અને તારા વિષે અસત્ય બોલે. (ઝખાએર અલ અકબા)

૧૭૧) જે અલી થી મોહબત રાખે તેણે મારા થી મોહબત રાખી અને જેણે અલી થી દુશ્મનાવટ રાખી તેણે મારા થી દુશ્મનાવટ રાખી. જેણે અલી ને ઈજા પહોંચાડી તેણે મને ઈજા પહોંચાડી અને જેણે મને ઈજા પહોંચાડી તેણે અલ્લાહ ને ઈજા પહોંચાડી.(રિયાઝ અલ નઝરા)

૧૭૨) મોમીન ના નામએ આમાલ ની પ્રસ્તાવના અલી થી મોહબત છે. (કન્ઝુલ હકાએક)

૧૭૩) અલી થી મોહબત રાખવી એક એવી નેકી છે કે જેની સાથે કોઈપણ દુર્ગુણ નુકશાન નથી કરી શકતું. (કન્ઝુલ હકાએક)

૧૭૪) અલી થી દુશ્મનાવટ રાખવી એક એવો દુર્ગુણ છે જેની સાથે કોઈ નેકી લાભ પહોંચાડી શકતી નથી (કન્ઝુલ હકાએક)

૧૭૫) અલી થી મોહબત ગુનાહોને એવી રીતે ખાઈ જાય છે કે જે રીતે આગ લાકડા ને (તારીખે બગદાદ)

૧૭૬) હું ઈલ્મ નો શહેર છું અને અલી તેનો દરવાજો છે તેથી જે શહેર માં દાખલ થવા ઈચ્છે તેણે દરવાજા થી આવવું જોઈએ.(કન્ઝુલ ઉમ્માલ)

૧૭૭) મારા પછી ફિત્ના ઉભા થશે. જયારે આવું થવા લાગે તો અલી ઈબ્ને અબીતાલીબ નો સાથ આપજો કારણકે તે પહેલો બંદો છે જે મને જોશે અને કયામત ના દિવસે સૌથી પહેલાં મારા થી મુસાફહા કરશે તે સિદદીકે અકબર છે અને આ ઉમ્મત નો ફારૂક છે જે હક અને બાતિલમાં ભેદ કરશે અને તેજ મોમીન નો પેશવા છે (અસદ અલ ગાબા)

૧૭૮) જયાં સુધી અલી પરવાનો નહી લખી આપે ત્યાં સુધી કોઈ સિરાત પર થી પાર નહી ઉતરી શકે.(રિયાઝુ નઝરા)

૧૭૯) હે અલી તમે કયામત ના દિવસે જન્નત અને જહન્નમ વહેંચનાર હશો.(સવાએક ઈબ્ને હજર)

૧૮૦) હે ફાતેમા અલ્લાહ તારી ખુશી થી રા  થાય છે અને તારી નારા  થી નારાજ થાય છે.(ઝખાએર અલ ઉકબા)

૧૮૧) હસન અને હુસેન બન્ને મારા સુગંધિત ફુલો છે . (સહીહ તિરમીઝી)

૧૮૨) હસન અને હુસેન મારા બેટાઓ છે જેણે એ બન્નેથી મોહબત રાખી તેણે મારા થી મોહબત રાખી અને જેણે મારા થી મોહબત રાખી તેનાથી અલ્લાહ  મોહબત રાખે છે. અને અલ્લાહ જેના થી મોહબત રાખે છે તેને જન્નતમાં દાખલ કરે છે. જે એ બન્ને થી દુશ્મનાવટ રાખે તો જાણે તેણે મારા થી દુશ્મનાવટ રાખી. અને જેણે મારા થી દુશ્મનાવટ રાખી અલ્લાહ તેની સાથે દુશ્મનાવટ રાખે છે અને જેના થી અલ્લાહ દુશ્મનાવટ રાખે છે તેને જહન્નમમાં દાખલ કરે છે (મુસ્તદરક

સહીહૈન)

૧૮૩) હસન અને હુસેન જન્નત ના જવાનો ના સરદાર છે (કન્ઝુલ ઉમ્માલ)

૧૮૪) હુસેન મારા થી છે અને હું હુસેન થી છું. અલ્લાહ તેના થી મોહબત રાખે છે જે હુસેન થી મોહબત રાખે છે. હુસેન નવાસાઓ માથી એક નવાસો છે. (સહીહ તીરમીઝી)

૧૮૫) ફાતેમા મારા શરીર નો એક ટુકડો છે જેણે તેને નારાજ કરી તેણે મને નારાજ કર્યો. (ફૈઝ અલ કદીર)

૧૮૬) મેહદી મારી આલ અને ફાતેમા ની ઓલાદ માથી હશે. (સહીહ ઈબ્ને દાઉદ)

૧૮૭) જો દુનિયા ની મુદત નો ફકત એક જ દિવસ બાકી રહી જાય તો અલ્લાહ તે દિવસ ને એટલો લાંબો કરશે કે તેમાં તેને જાહેર કરે જેનુ નામ મારા નામ ઉપર હશે (ઝખાએર અલ મકબા)

૧૮૮) કયામત તે સમય સુધી નહી આવે જયાં સુધી જમીન જુલ્મો જોર અને દુશ્મનાવટ થી ભરાઈ નહી જાય. તેના પછી મારી એહલેબૈત માથી એક સભ્ય જાહેર થશે અને જમીન ને ન્યાય થી એવી રીતે ભરી દેશે જેવી રીતે તે જુલ્મ થી ભરેલી હતી. (મુસ્તદરક અલ સહીહૈન)

૧૮૯) રસુલ (સ.અ.વ.) એ ફાતેમા ઝહરા (સ.અ.) થી ફરમાવ્યું,''અમારો પૈગંબર બધા નબીઓ થી અફઝલ છે જે તારો પિતા છે અને અમારો શહીદ બધા શહીદો થી અફઝલ છે જે તારા પિતા ના કાકા હમઝા છે અને અમારામા થી તે બંદો છે જેને બે પાંખો મળી છે જેના વડે તે જન્નતમાં જયાં ઈચ્છે ત્યાં ઉડે છે અને તે તારા પિતા ના કાકા નો દિકરો જાફર છે અને આ ઉમ્મત ના બન્ને નવાસા અમારા માથી જ છે અર્થાત તારા ફરજન્દો હસન અને હુસેન. અને મહેદી પણ અમારા માથી જ છે.(ઝખાએર અલ અકબા)

## (૧૫) કુરાને મ દ વિષેઃ–

તેમાં કોઈ શંકા નથી કે આ કુરાન એ રાહ ની હિદાયત કરે છે જે સૌથી વધારે સીધી છે. (સુરા ઈસરા આયત ૯)

૧૯૦) કુરાન માણસ માટે ઔષધ છે (ઈસ્નાઅશરી)

૧૯૧) હું પહેલો હોઈશ જે કયામત ના દિવસે અલ્લાહ સમક્ષ મારી એહલેબૈત અને કુરાન ની સાથે હાજર થઈશ (ત્યારબાદ ઉમ્મત હાજર થશે). ત્યારબાદ હું તેમના થી પુછીશ કે તમે અલ્લાહ ની કિતાબ અને મારી એહલેબૈત સાથે કેવી વર્તણુક કરી ?(ઉસુલે કાફી)

૧૯૨) કુરાન ગુમરાહી મા હિદાયત છે, તે અંધત્વ માં રસ્તો બતાવનાર છે, તે ગુનાહો માં પરદાપોશી કરે છે, અંધારામા એક નુર છે, આ નવો ચીલો પાડનાર છે, વિનાશ થી બચાવનાર છે, ફિત્નાઓ નુ વર્ણન કરનાર છે, દુનિયા થી આખેરત સુધી પહોંચાડનાર છે. તમારા દીન ની સંપુર્ણતા આમા જ છે. ફકત જહન્નમી લોકો જ કુરાન થી મોઢું ફેરવે છે. (ઉસુલે કાફી)

૧૯૩) જે કુરાન માં હરામ જાહેર કરેલી બાબત ને હલાલ સમજે તે કુરાન પર ઈમાન ધરાવનાર નથી. (તહફ અલ અકુલ)

૧૯૪) જે કુરાન ને એટલા માટે શીખે કે તેના વડે દુનિયા ની કમાણી કરે એવી વ્યકિત ઉપર અલ્લાહે જન્નત હરામ કરી છે. (બિહાર અલ અનવાર)

૧૯૫) કુરાનવાળાઓ નો દરજો નબીઓ અને રસુલો સિવાય બીજા લોકોમાં સૌથી ઉચ્ચ હશે તેથી તમે કુરાનવાળાઓ ના અધિકારો ને તુચ્છ ન સમજો. બેશક પરવરદિગાર ને ત્યાં તેમનો દરજો ઘણો ઉચ્ચ છે (ઉસુલે કાફી)

૧૯૬) એક જમાનો લોકો માટે એવો આવશે કે કુરાન તેમના દિલોમાં એવી રીતે જુનુપુરાણુ થઈ જશે કે જેવી રીતે શરીર ઉપર કપડા જુનાપુરાણા થઈ જાય છે.(મજમુઆ વરામ)

૧૯૭) કુરાન ની કિરાઅત કરવી સૌથી ઉત્તમ ઈબાદત છે. (તરાએફુલ હકમ)

૧૯૮) જે માણસ કુરાન પઢે અને કુરાન ને પોતાનો ટેકેદાર માને અને તેનુ રક્ષણ કરે તો અલ્લાહ તેને જન્નતમાં દાખલ કરશે. અને તેના કુટુંબમાથી દસ વ્યકિતઓ માટે તેની શફાઅત કબુલ કરશે ભલે પછી તે બધા જહન્નમ ના હક દાર કેમ ન હોય.(તરાએફુલ હકમ)

૧૯૯) હે કુરાન ની તિલાવત કરનારાઓ આ કિતાબ ની બાબતમાં અલ્લાહ થી ડરી ને ચાલો કેમકે આ માટે હું પણ જવાબદાર છું, અને તમે પણ જવાબદાર છો. રિસાલત ને પહોંચાડવા માટે હું જવાબદાર છું અને તમારા થી મારી સુન્નત અને કુરાન ના ઈલ્મ વિષે પુછવામાં આવશે.(ઉસુલે કાફી)

૨૦૦) કુરાન ની આયતો યાદ કરી ને તેના પર અમલ કરનારાઓ અલ્લાહ ની મારેફત ધરાવનાર જન્નતી છે (રોઝતુલવાએઝીન)

૨૦૧) બેશક આ કુરાન અલ્લાહ ની મજબુત રસ્સી છે આના થી જ ન્યાય સ્થાપિત થાય છે તેના માજ ઈલ્મ ના ઝરણા છે અને તેના મા જ દિલો ની ખુશાલી છે.(મજાઝાત અલ નબવીયા)

૨૦૨) તમારા ઘરો માં કુરાન ની તિલાવત કરો કેમકે તે ઘર જેમાં કુરાન ની તિલાવત કરવામાં આવે છે તેમાં રહેનારા માટે આ અમલ આસાની અને ભલાઈ વાળું હોય છે અને જે ઘરમાં કુરાન ની તિલાવત કરવામાં આવતી નથી તો તે ઘર માથી ભલાઈ ઓછી થઈ જાય છે અને તેના રહેનારાઓ તંગી નો સામનો કરે છે.(તરાએફુલ હકમ)

૨૦૩) કુરાન એક એવી આઝાદી છે કે જેના પછી કોઈ ની મોહતા રહેતી નથી અને એવી તવંગરી છે જેના પછી કોઈ તવંગરી નથી. (ઈસ્નાઅશરી)

૨૦૪) નમાઝ માં કુરાન ની તિલાવત કરવી નમાઝ વગર પઢવા થી અફઝલ છે.(તહફલ અકુલ)

૨૦૫) તમારા માથી સૌથી ઉત્તમ એ છે જે કુરાન શીખે અને બીજા ને શીખવાડે (ઈસ્નાઅશરી)

૨૦૬) અલ્લાહ એવા દિલ પર અઝાબ નહી કરે જેની અંદર કુરાન સંગ્રહાયેલું હશે.(સફીનતલ બિહાર)

૨૦૭) બેશક દિલો પર એવી રીતે કાટ લાગે છે જેમ લોખંડ ઉપર કાટ લાગે છે પરંતુ કુરાન ની તિલાવત થી તે કાટ દુર થાય છે. (ઈરશાદ અલ કુલુબ)

૨૦૮) દરેક વસ્તુ નુ એક શણગાર છે અને કુરાન નુ શણગાર મધુર કંઠ થી તિલાવત છે. (જામેઅ અલ અખબાર)

૨૦૯) કયામત ના દિવસે કુરાન એક સમુહ ની આગેવાની કરશે અને બીજા ને હાંકી કાઢતાં આવશે અર્થાત એક સમુહ ને જન્નત ની તરફ દોરી જશે જેમણે તેના હલાલ ને હલાલ અને હરામ ને હરામ તરીકે ગણ્યો હશે અને તેની મુતશાબેહ આયતો પર ઈમાન લાવ્યા અને બીજા સમુહ ને જહન્નમ ની તરફ ધકેલશે જેમણે તેના હુકમો નુ અનાદર કયું અને તેના હરામ ને હલાલ જાણ્યુ. (ઈરશાદુલ કુલુબ)

૨૧૦) જે લોકો એ કુરાન ને યાદ કર્યુ અને તેના પર અમલ કર્યુ તેમના પર અલ્લાહ ની રહમત છે અને તેમને અલ્લાહ ના નુર નો પોશાક મળશે. આ લોકો અલ્લાહ ના કલામ ને શીખવાડનાર છે અને અલ્લાહ તેમને પસંદ કરે છે. જે તેમને પસંદ કરશે તો તેણે અલ્લાહ ને પસંદ કર્યો તેમ ગણાશે.અને જેણે તે લોકો થી દુશ્મનાવટ રાખી તો તેણે અલ્લાહ થી દુશ્મનાવટ રાખી તેમ ગણાશે. અલ્લાહ કુરાન ની તિલાવત સાંભળનાર ની દુનિયા ની બલાઓ દુર કરે છે અને તિલાવત કરનાર ની આખેરત ની બલાઓ દુર કરે છે. તેના પછી ફરમાવ્યું,"તિલાવત સાંભળનાર માટે જો તેણે સાચા અકીદા થી એક આયત પણ સાંભળી હશે તો અલ્લાહ ની કસમ તેનો બદલો સબીર પર્વત જેટલુ સોનુ અલ્લાહ ની રાહમાં સદકો આપવાના બદલા કરતાં પણ વધારે મળશે અને સાચા અકીદા ની સાથે કુરાન ની એક આયત ની તિલાવત કરવા વાળા માટે આકાશ થી પાતાળ સુધી જે કાંઈ છે તેના થી તેની તિલાવત અફઝલ છે.(તરાએફુલ હકમ)

## (૧૬) ઈસ્લામ અને ઈમાન વિષેઃ–

અરબ ના બદદુ લોકો કહે છે કે અમે ઈમાન લાવ્યા છીએ. હે રસુલ તેમને જણાવી દો કે તમે ઈમાન નથી લાવ્યા પરંતુ એમ કહો કે અમે ઈસ્લામ લાવ્યા વાસ્તવમાં તો ઈમાન તમારા દિલો માં પ્રવેશ્યું જ નથી. (સુરા હજરાત આયત ૧૨)

૨૧૧) અલ્લાહે ઈસ્લામ નુ સર્જન કર્યુ અને તેના માટે એક મેદાન નકકી કર્યુ અને એક નુર ની નિમણુક કરી. અને તેના માટે એક સુરક્ષા ચક્ર પણ નકકી કર્યુ. અને એક મદદગાર પણ આપ્યો. ઈસ્લામ નુ મેદાન કુરાન છે તેનુ નુર હિકમત છે તેનુ 'સુરક્ષાચક્ર નેકી છે અને તેના મદદગાર હું અને મારી

એહલેબૈત અને અમારો પરવરદિગાર છીએ તેથી તમે મારી એહલેબૈત થી મોહબત રાખો. (ઉસુલે કાફી)

૨૧૨) ઈસ્લામ નો પહેરવેશ શરમ અને લજજા છે. તેનુ ઘરેણુ વફાદારી છે તેની દોલત ઉચ્ચ ચારિત્ર્ય છે તેનો મિનારો પરહેજગારી છે .દરેક વસ્તુ નો એક પાયો હોય છે ઈસ્લામ નો પાયો અમારી (એહલેબૈત ) ની મોહબત છે (આમાલી અલ સદુક)

૨૧૩) બેશક ઈસ્લામ ની શરૂઆત ગરીબી ની સ્થિતિમાં થઈ હતી અને તે લોકો ની આમાલ પ્રત્યે ની બેદરકારી ને કારણે ન ક મા જ ગરીબી તરફ પાછો ફરશે.(મજાઝાત અલ નબવીયા)

૨૧૪) ઈસ્લામ નો પાયો પાંચ વસ્તુઓ પર છે ૧) બે સાક્ષી ઓ પર ૨) બે ન ક ની વસ્તુઓ ઉપર. આપને પુછવામાં આવ્યું," આ ન ક ની વસ્તુઓ કઈ છે?" આપે જવાબમાં ફરમાવ્યું," નમાઝ અને ઝકાત જે એક બીજા વગર કબુલ થતી નથી. ૩) રમઝાન ના રોજા ૪) જે શકિત ધરાવે છે તેમના માટે હજ ૫) ઈમામો ની વિલાયત. આ તમામ વસ્તુઓ વિલાયત પર પુરી થાય છે. તેના જ વિષે અલ્લાહે ફરમાવ્યું," આજે તમારો દીન સંપુર્ણ થયો."(અમાલી અલ તુસી)

૨૧૫) અલ્લાહ ની કસમ કોઈ બંદો ત્યાં સુધી મુસલમાન નથી થઈ શકતો જયાં સુધી તેનુ દિલ અને તેની ભ બન્ને ઈસ્લામ કબુલ ન કરે. (મજાઝાત અલ નબવીયા)

૨૧૬) ઈસ્લામ ના ચાર પાયા ના ગુણો છે ૧) સબર ૨) યકીન ૩) જિહાદ અને ૪) ન્યાય (જામેઅ અલ અખબાર)

૨૧૭) મુસલમાન તે છે જેની ભ અને હાથ થી બીજા મુસલમાન સુરક્ષિત રહે.(જામેઅ અલ અખબાર)

૨૧૮) ઈમાન ભ થી એકરાર કરવાનુ, દિલ થી મારેફત હાસલ કરવાનુ, અને અંગો થી અમલ કરવાનુ નામ છે.(ઉયુન અખબાર અલ રિઝા)

૨૧૯) જેનામાં ત્રણ ગુણો હોય તો તેનુ ઈમાન સંપુર્ણ છે ૧) જયારે ખુશ થાય ત્યારે તેની ખુશી તેને કોઈ ખરાબ કામમા ન નાખે ૨) જયારે નારાજ થાય તો તેનો ગુસ્સો તેને હક થી ફેરવી ન દે.૩) જયારે સમર્થ બને તો અણછાજતું જુલ્મ ન કરે. (ઉસુલે કાફી)

૨૨૦) જેને તેની બદીઓ દુ:ખી કરે અને તેનો નેક અમલ ખુશ કરે તે મોમીન છે. (આમાલી અલ સદુક)

૨૨૧) ત્રણ ચીજો ઈમાન ની હકીકત છે ૧) પૈસા ની તંગીમાં ખર્ચ કરવું ૨) લોકો ની સાથે પોતાના હિતો અવગણી ને ન્યાય કરવો ૩) વિદ્યાર્થીઓ ને ઈલ્મ આપવું (ખિસાલે સદુક)

૨૨૨) ઈમાન ના ચાર મિનારા છે ૧) સૌથી પહેલાં એ કે તમે તમારા રબ ની મારેફત હાસલ કરો ૨) તમે જાણી લો કે અલ્લાહે તમને શું આપ્યું છે ૩) તમે જાણી લો કે અલ્લાહ તમારા થી શી અપેક્ષા રાખે છે. ૪) તમે એ બાબતો જાણી લો જે તમને તમારા દીન થી દુર કરે છે. (ઈસ્નાઅશરીયા)

૨૨૩) કોઈ બંદો ત્યાં સુધી મોમીન નથી બની શકતો જયાં સુધી ચાર બાબતો ઉપર ઈમાન ન ધરાવે.૧) અલ્લાહ સિવાય કોઈ માબુદ નથી. તે એક છે અને તેનો કોઈ શરીક નથી ૨) હું અલ્લાહ નો રસુલ છું અને મને હક ની સાથે જાહેર કરવામાં આવ્યો છે ૩) મૃત્યુ પછી ના  વન પર ઈમાન ૪) અલ્લાહ ની મર  ઉપર (કઝા અને કદ્ર). (ઈસ્નાઅશરીયા)

૨૨૪) કોઈ પણ બંદા નુ ઈમાન ત્યાં સુધી સંપુર્ણ થતું નથી જયાં સુધી તેના માં પાંચ ગુણો ન હોય. ૧) અલ્લાહ પર તવકકલ ૨) અલ્લાહ ના હુકમો ને કબુલ રાખે ૩) પોતાની બાબતો ને અલ્લાહ ને હવાલે કરે.૪) અલ્લાહ ના નિર્ણયો પર રા  રહે. ૫) અલ્લાહ તરફ થી આવી પડેલી આફતો પર સબર કરે. (સફીનતુલ બિહાર)

૨૨૫) ઈમાન ના બે ભાગ છે એક ભાગ સબ્ર છે અને બીજો ભાગ શુકર છે. (જામેઅ અલ અખબાર)

૨૨૬) કોઈ પણ બંદા ના ઈમાન નો સૌથી ઉચ્ચ દરજો તે છે કે તે જયાં પણ હોય ત્યાં યકીન રાખે કે અલ્લાહ તેની સાથે છે. (જામેઅ અલ અખબાર)

## (૧૭) નિખાલસતા અને યકીન વિષે:–

હે પૈગંબર  એ લોકો થી કહી દો કે મને તો અલ્લાહ તરફ થી એજ હુકમ મળ્યો છે કે હું ફકત અલ્લાહ ના હુકમો ને નજર સમક્ષ રાખી ફકત તેની ઈબાદત કરૂં.(સુરા ઝમર આયત ૧૧)

૨૨૭) જયારે તમે કોઈ અમલ બજાવી લાવો તો ફકત અલ્લાહ ના માટે નિખાલસ તા થી બજાવી લાવો કારણકે અલ્લાહ તેના બંદાઓ ના તેજ અમલ કબુલ કરે છે જે ફકત તેના માટે જ હોય.(બિહાર અલ અનવાર)

૨૨૮) અલ્લાહ તમારા ચહેરાઓ અને તમારા કામો ને નથી જોતો પરંતુ તે તમારા દિલો અને નિયતો ને જુએ છે (જામેઅ અલ અખબાર)

૨૨૯) જે બંદો નિખાલસતા થી બે રકાત નમાઝ પઢે છે જેને અલ્લાહ અને તેના ફરિશ્તાઓ સિવાય બીજું કોઈ જોતું નથી તો તે બંદા ને જહન્નમ થી આઝાદી મળી જાય છે.(મજમુઆ વરામ)

૨૩૦) નિખાલસતા દરેક ઈતાઅત ને કબુલ કરવા પાત્ર બનાવે છે. (તરાએફ અલ હકમ)

૨૩૧) જે બંદો અલ્લાહ માટે ચાલીસ દિવસ સુધી નિખાલસ ઈબાદત કરે છે અલ્લાહ તેને ઈલ્મ અને હિકમત એનાયત કરે છે.(સફીનતુલ બિહાર)

૨૩૨) જે ઈબાદતો છુપી રીતે ફકત અલ્લાહ માટે કરવામાં આવે તેમનો બદલો ઘણો વધારે છે.(સફીનતુલ બિહાર)

૨૩૩) અલ્લાહે હઝરત મુસા (અ.સ.) ને વહી મોકલી કે હે મુસા જેનુ બાહય રૂપ તેના આંતરિક રૂપ કરતાં સારૂં હોય તેવો બંદો મારો હકીકી દુશ્મન છે. જેનુ બાહયરૂપ અને આંતરિકરૂપ એક સમાન હોય તે હકીકી મોમીન છે. અને જેનુ આંતરિકરૂપ (બાતિન) તેના બાહયરૂપ (જાહેરરૂપ) કરતાં વધારે સારૂં હોય તે મારો હકીકી વલી છે.(જામેઅ અલ અખબાર)

૨૩૪) સબ્ર અડધું ઈમાન છે અને યકીન સંપુર્ણ ઈમાન છે. (ઈસ્નાઅશરીયા)

૨૩૫) યકીન સુધી પહોંચનાર ની છ નિશાનીઓ છે ૧) અલ્લાહ ની તોહીદ પર યકીન ૨) મોત પર યકીન અને તેના થી ડર ૩) ફરી સ વ થવુાનુ યકીન અને કયામત નો ડર ૪) જન્નત પર યકીન અને તેના માટે ઉત્સુકતા ૫) જહન્નમ પર યકીન અને તેના થી મુકિત ની કોશીશ કરતો રહે. ૬) હિસાબ કિતાબ પર યકીન અને આત્મનિરીક્ષણ કરતો રહે. (તુહાફ અલ ઉકુલ)

## (૧૮) નેક લોકો અને ઓલિયા અલ્લાહ વિષે:–

જાણી લો કે તેમા જરાય શંકા નથી કે વલી ઓલિયા ને ન તો કોઈ ડર હશે અને ન તો તેઓ દુઃખી હશે. (સુરા યુનુસ આયત ૬૨)

૨૩૬) તમારા માથી સૌથી ઉત્તમ બુધ્ધિશાળી લોકો છે. આપને પુછયું," હે રસુલુલ્લાહ બુધ્ધિહશાળી કોને કહેવાય? આપે જવાબ માં ફરમાવ્યું," સારી રીતભાત અને સ્વાભિમાન ધરાવનાર ને અને સગાવહાલા થી સારી વર્તણુક કરનાર ને, અને માબાપ થી નેકી કરનાર ને અને ફકીરો, મોહતાજો અને પડોશીઓ ની ખબરઅંતર પુછનાર ને, અને બીજા ને ખવડાવનાર અને તે વખતે નમાઝ પઢનાર ને જયારે લોકો બેદરકારી દાખવતા હોય".(ઉસુલે કાફી)

૨૩૭) રસુલ (સ.અ.વ.) થી પુછવામાં આવ્યું," શ્રેષ્ઠ બંદાઓ કોણ છે? આપે જવાબમાં ફરમાવ્યું," તે એ લોકો છે જે જયારે નેક અમલ કરે છે ત્યારે ખુશ થાય છે અને જયારે ગુનાહ થઈ જાય છે ત્યારે માફી માગે છે. જયારે તેમને કશું આપવામાં આવે છે ત્યારે આભાર માને છે. જયારે કોઈ કસોટી માથી પસાર થાય છે ત્યારે સબર કરે છે. જયારે તેમને ગુસ્સો આવે છે ત્યારે માફ કરે છે." (આમાલી સદુક)

૨૩૮) દુનિયામાં જે લોકો ઈબાદતગુજાર અને પરહેજગાર છે હકીકતમાં તેજ લોકો ઓલિયા અલ્લાહ છે. (બિહાર અલ અનવાર)

૨૩૯) મોમીન અલ્લાહ નો વલી (દોસ્ત) છે અને અલ્લાહ તેના દોસ્ત ને બરબાદ નથી કરતો. (જામેઅ અલ અખબાર)

૨૪૦) ત્રણ ગુણો ઓલિયા અલ્લાહ ની નિશાની ઓ છે. દરેક બાબતમાં અલ્લાહ પર ભરોસો કરવો, અને અલ્લાહ ના ભરોસે દરેક બાબત થી નિશ્ચિંત રહેવું, અને દરેક આવશ્યકતા માટે તેના પર જ નિર્ભર રહેવું. (સફીનતુલ બિહાર)

૨૪૧) રસુલ (સ.અ.વ.) થી પુછવામાં આવ્યું," હે રસુલલ્લાહ અલ્લાહ ના તે દોસ્ત કોણ છે જેમને કોઈ ડર કે દુઃખ નથી? આપે ફરમાવ્યું," તે લોકો જે દુનિયા ની આંતરિક બાબતો પર ત્યારે ધ્યાન આપે છે જયારે બીજા લોકો તેની જાહેરી શોભા થી અંજાઈ જતા હોય છે. આ તેજ લોકો છે જે આખેરત ના લાભ ખાતર સાહસ દાખવતા હોય છે જયારે બીજા લોકો દુન્યવી બાબતો ની ખેંચતાણમાં વ્યસ્ત હોય છે. તે લોકો નુકશાનકારક ઈચ્છા ઓ નો ત્યાગ કરે છે અને એવી બાબતો નો ત્યાગ કરે છે જેના વિષે તેઓ જાણતા હોય છે કે તે નાશવંત છે. દુનિયાની મોટાઈ માટે પ્રલોભન આપનાર કોઈ ચીજ એમને લાલચ માં ફસાવી ન શકી. તેમના અભિપ્રાય માં દુનિયા તુચ્છ છે અને તેઓ તેને નવી નથી બનાવવા માગતા. તેમની આંતરિક આંખોમાં દુનિયા વેરાન થઈ ગઈ છે અને તેઓ તેનુ સમારકામ નથી કરતા. તેઓ દુનિયા ને દીલ થી દુશ્મન ગણે છે પછી કેવી રીતે તેના થી મોહબત કરી શકે? તેઓ તેનો સર્વનાશ કરીને તેના વડે આખેરત ને બનાવે છે. તેને વેચી નાખે છે અને તે વસ્તુ ખરીદે છે જે તેમના માટે કાયમી બાકી રહેનાર છે. તે લોકોએ જયારે દુનિયા વાળા પર નજર નાખી તો એમને આમ તેમ વિખરાયેલા જોયા. અને પાઠ ભણાવનાર કિસ્સાઓ તેમની સાથે બન્યા. તેઓ ને અહી કશી શાંતિ દેખાઈ નહી. સિવાય કે અલ્લાહ ની રહમત. અને જે બાબત થી તે દુર રહે છે તેના સિવાય તેમને કોઈ ડર નથી સિવાય કે અલ્લાહ નો અઝાબ. (બિહાર અલ અનવાર)

૨૪૨) જયારે ઓલિયા અલ્લાહ મૌન રહે છે ત્યારે તેમનુ મૌન અલ્લાહ નો ઝીકર બની જાય છે જયારે તે અવલોકન કરે છે ત્યારે તેમનુ અવલોકન ચેતવણી બની જાય છે. જયારે બોલે છે ત્યારે તેમનુ બોલવું

શાણપણ બની જાય છે અને જયારે ચાલે છે તો તેમનુ ચાલવું લોકો માટે બરકત થઈ જાય છે. જો મોત નો કોઈ ચોકકસ સમય ન હોત તો તેમની રૂહો અઝાબ ના ડર થી અને સવાબ ના ઉત્સાહ માં શરીર મા ન રહેતી. (ઉસુલે કાફી)

## (૧૯) મોમીન વિષે:–

(સાચા) મોમીન તો બસ એજ છે જે અલ્લાહ અને તેના રસુલ પર ઈમાન લાવ્યા. ત્યારબાદ તેમણે કોઈપણ જાત ની શંકાકુશંકા કરી નહી. અને પોતાના જાનમાલ થી અલ્લાહ ની રાહમા જેહાદ કર્યુ. આ જ લોકો ઈમાન ના દાવા માં સાચા છે. (સુરા હુજરાત આયત ૧૫)

૨૪૩) મોમીન માં આઠ ગુણો હોવા જોઈએ ૧) ભારે મુશ્કેલીઓ માં સ્વાભિમાન ૨) સંકટ સમયે સબર ૩) ખુશહાલી ના સમયમાં શુકર ૪) અલ્લાહે આપેલી રો થી સંતોષ માનવો ૫) દુશ્મનો ઉપર જુલ્મ ન કરે ૬) મિત્રો પર બોજારૂપ ન બને (૭) શરીર થી મહેનત કરતો રહે (૮) અને લોકો તેના થી આરામ અનુભવે. (બિહાર અલ અનવાર)

૨૪૪) બેશક મોમીન નુ વન બેવિભાગમાં વહેંચાયેલું હોય છે. તે વન જે પસાર થઈ ગયેલું છે. અને તેના વિષે તેને જાણકારી નથી કે અલ્લાહ તેના થી શું વર્તણુક કરશે અને તે વન જે હમણા બાકી છે અને તેના વિષે તેને જાણકારી નથી કે અલ્લાહે તેના નસીબમાં શું લખ્યું છે.(તહફુલ અકુલ)

૨૪૫) મોમીન ને આકાશ માં એવી રીતે ઓળખી લેવામાં આવે છે જેવી રીતે તેના કુટુંબીઓ તેને ઓળખે છે. અને તે અલ્લાહ ની સમક્ષ એક માનનીય ફરિશ્તા થી વધારે માનનીય છે .(સહીફ તુરરઝા)

૨૪૬) મોમીન દુનિયામાથી આખેરત માટે ભાથું લઈ લે છે અને કાફિર ફકત દુનિયા માજ લાભ ઉઠાવે છે. (ઈરશાદ અલ કુલુબ)

૨૪૭) જયારે તમે કોઈ મૌન અને ગૌરવશાળી મોમીન ને જુઓ તો તેની પાસે જાઓ કારણકે તેને શાણપણ ની પ્રેરણા થાય છે.(મજમુઆ વરામ)

૨૪૮) દુનિયા મા મોમીન માટે ત્રણ આનંદ ની બાબતો છે. ૧) ભાઈઓ થી મુલાકાત ૨) રોજાદાર ને ઈફતારી કરાવવી ૩) પાછલી રાતે તહજુદ ની નમાઝ પઢવી.(બિહાર અલ અનવાર)

૨૪૯) મોમીન ના ખર્ચાઓ ઓછા હોય છે. (ઈસ્નાઅશરી)

૨૫૦) મોમીન મોમીન માટે દિવાલ સમાન છે જેના એક ભાગ થી બીજા ભાગ ને મજબુતાઈ મળે છે.(ઈસ્નાઅશરી)

૨૫૧) મોમીન ઈમાનવાળાઓ માટે એવું મહત્વ ધરાવે છે જેવુ માથું શરીર માટે મહત્વ ધરાવે છે.(ઈસ્નાઅશરી)

૨૫૨) મોમીન ની મોટાઈ રાતો ની ઈબાદત મા છે અને તેની પ્રતિષ્ઠા સ્વનિર્ભરતામાં છે.(ઈસ્નાઅશરી)

૨૫૩) મોમીન ને તેના ગુનાહો ની માફી માટે દુઃખ અને ગમગીની અને ચિંતા અલ્લાહ આપે છે.(તહફુલ અકુલ)

૨૫૪) મોમીન તે છે જેનાથી મુસલમાનો ના જાનમાલ સુરક્ષિત રહે. (બિહાર અલ અનવાર)

૨૫૫) મોમીન નુ માંદગીમાં કણસવું તસ્બીહ છે તેની બુમો કલમો પઢવા બરાબર છે અને માંદગી ની પથારી પર આડા પડવું ઈબાદત છે અને તેનુ પાસું ફેરવવું અલ્લાહ ની રાહ જેહાદ છે અને જો તેને તંદુરસ્તી પાછી મળશે તો તેના બધા ગુનાહો માફ થયેલા હશે.(બિહાર અલ અનવાર)

૨૫૬) મોમીન સામાન્ય રીતે પાંચ મુશ્કેલીઓનો સામનો કરે છે ૧) મોમીન તેની ઈર્ષા કરે છે ૨) મુનાફિકો તેના થી દુશ્મનાવટ રાખે છે ૩) કાફિરો તેના થી યુધ્ધ કરે છે ૪) શૈતાન તેને ગુમરાહ કરે છે ૫) અને તેનો નફસ તેના થી ઝઘડો કરે છે. (તેથી જાણવા મળે છે કે નફસ ઝઘડો કરનાર દુશ્મન છે તેથી તેની સાથે સંઘર્ષ કરવો વા બ છે.)(મજમુઆ વરામ)

૨૫૭) મોમીન ની તાકાત તેના હૃદય માં છે શું તમે તેના નબળા શરીર છતાં તેને દિવસમાં રોજા અને રાતે ઈબાદત માં નથી જોતા? (સફીનતુલ બિહાર)

૨૫૮) મોમીન ની પાંચ નિશાની ઓ છે ૧) તે એકાંત મા પણ પરહેજગારી કરે છે ૨) પૈસા ની તંગી મા પણ સદકો આપે છે ૩) મુસીબતો માં સબર કરે છે ૪) ભયમાં પણ સાચું બોલે છે ૫) ગુસ્સા મા પણ સ્વસ્થ રહે છે. (ઈસ્નાઅશરી)

૨૫૯) મોમીન અલ્લાહ ની રીતભાત અપનાવી લે છે જયારે અલ્લાહ બરકત આપે છે તો તે પણ છુટ થી ખર્ચ કરે છે પરંતુ જયારે અલ્લાહ બરકતો છીનવી લે છે ત્યારે તે મર્યાદા માં રહે છે.(તુહાફ અલ ઉકુલ)

૨૬૦) મોમીન ની દરેક વસ્તુ સન્માનીય છે. અર્થાત તેનો વ, તેની ધનદોલત, અને તેની આબરૂ.(તુહાફ અલ ઉકુલ)

૨૬૧) જિબ્રઈલ મારી પાસે આવ્યા અને મને મારા પરવરદિગાર તરફ થી સલામ પછી મને સંદેશો આપ્યો અને કહયું," હે મોહમ્મદ (સ.અ.વ.) તે મોમીનો ને ખુશખબરી આપો જે નેકીઓ કરે છે અને આપ પર અને આપના એહલેબૈત ઉપર ઈમાન ધરાવે છે. તેમના માટે જન્નત છે અને તેમના માટે મારી પાસે નેક બદલો છે અને તેઓ ન ક મા જ મારી જન્નતમાં દાખલ થશે. (જામેઅ અલ અખબાર)

૨૬૨) એક મોમીન બીજા મોમીન ની આરસી છે જેમાં તે પોતાની ખુબીઓ અને ખામીઓ જોઈ શકે છે.(મજાઝાત અલ નબવી)

૨૬૩) એક મોમીન ઉપર બીજા મોમીન ના સાત હકો છે જે અલ્લાહે તેના પર વા બ કર્યા છે ૧) જયારે સામે હોય તો તે ને માન આપે ૨) દીલ મા તેની મોહબત રાખે ૩) પોતાની ધનદોલત થી તેની મદદ કરે ૪) તેની ગીબત (નિંદા) ને હરામ જાણે ૫) જયારે તે માંદો પડે તો તેના ખબરઅંતર પુછે.૬) જયારે તે મૃત્યુ પામે તો તેના જનાઝા ની સાથે ચાલે.૭) અને તેના મૃત્યુ પછી તેને નેકીઓ જ યાદ કરે. (રોઝતુલ વાએઝીન)

૨૬૪) મોમીન ને અપશબ્દો કેહનાર ફાસિક છે. તેની સાથે યુધ્ધ કરનાર કાફિર છે. તેનુ માસ ખાવું એ ગુનાહ છે. અને તેની ધનદોલત પણ એટલી જ સન્માનીય છે જેટલો તેનો વ. (ઉસુલે કાફી)

૨૬૫) મોમીન શૈતાન ને એવી રીતે કમજોર કરી નાખે છે જેવી રીતે મુસાફરી પર જનાર પોતાના ઉંટ ને કમજોર કરી નાખે છે.(મજાઝાત અલ નબવીયા)

૨૬૬) જયારે મોમીન નુ મૃત્યુ થાય છે તો જમીન ચાલીસ દિવસ સુધી તેના પર રૂદન કરે છે (બિહાર અલ અનવાર)

૨૬૭) કંજુસાઈ અને ખરાબ સંસ્કાર આ બે ખરાબ ગુણો મોમીન મા એકસાથે ભેગા નથી થઈ શકતા (બિહાર અલ અનવાર)

૨૬૮) મોમીન ની હિમ્મતો નમાઝ, રોજા અને ઈબાદતોમાં વપરાય છે અને મુનાફિક ની હિમ્મતો પશુઓ ની જેમ ખાવાપીવામાં વપરાય છે. (મજમુઆ વરામ)

૨૬૯) મોમીન અકીદત ધરાવનાર , હોશીયાર અને સાવચેત હોય છે . (સફીનતલ બિહાર)

૨૭૦) મોમીન ની હોંશીયારી થી બચો કારણકે તે અલ્લાહ ના નુર થી જુએ છે (ઈરશાદ અલ કુલુબ)

૨૭૧) મોમીન એક ભુલ બે વાર નથી કરતો. (ઈસ્નાઅશરીયા)

૨૭૨) મોમીન માટે એ યોગ્ય નથી કે તે તેને પોતાને બેઆબરૂ કરે.(ઈસ્નાઅશરીયા)

૨૭૩) જે કોઈ મોમીન ને ભયભિત કરવા તીખી નજરો થી જુએ તો અલ્લાહ તેને એ દિવસે ભયભિત કરશે જે દિવસે તેના પડછાયા સિવાય બીજો કોઈ પડછાયો નહી હોય અર્થાત કયામત ના દિવસે. (સફીનતુલ બિહાર)

૨૭૪) અલ્લાહે મોમીન ને પોતાની ભવ્યતા ના નુર થી પેદા કર્યો જે કોઈ તેને દુ:ખી કરે છે અથવા તેની સાચી વાત ને રદ કરે છે તો એમ ગણાશે કે તેણે અલ્લાહ ના હુકમ ની અવગણના કરી. (તરાએફ અલ હકામ)

૨૭૫) મોમીન મુશ્કેલીઓ દુર કરનાર અને વિનમ્ર હોય છે. (જામેઅ અલ અખબાર)

૨૭૬) અલ્લાહ ની તરફ થી મોમીન માટે માગનાર એક હદિયો છે જે તેના દરવાજા પર આવ્યો છે.(જામેઅ અલ અખબાર)

૨૭૭) જે નિરાધારો ની જરૂરતો પુરી કરે અને પોતાના હિતો ની અવગણના કરી ને બીજા થી ન્યાય થી વર્તે તો વાસ્તવમાં તે જ મોમીન છે. (ઈસ્નાઅશરીયા)

૨૭૮) જેણે કોઈ મોમીન ને રા  કર્યો તો તેણે મને રા  કર્યો અને જેણે મને રા  કર્યો તેણે અલ્લાહ ને રા  કર્યો. (ઉસુલે કાફી)

(૨૭૯) અલ્લાહ ની દષ્ટિએ સૌથી ઉત્તમ અમલ એ મોમીન ને ખુશ કરવાનુ છે. (ઉસુલે કાફી)

૨૮૦) મોમીન અલ્લાહ ના અઝાબ થી ત્યાં સુધી છુટકારો નથી મેળવી શકતો જયાં સુધી તે ચાર બાબતો નો ત્યાગ ન કરે ૧) કંજુસાઈ ૨) જુઠ ૩) અલ્લાહ વિષે ખરાબ અભિપ્રાય ૪) ઘમંડ. (ઈસ્નાઅશરીયા)

૨૮૧) મોમીન માટે એ વાત ની મનાઈ છે કે તે કોઈ બીજા મોમીન ને એવી રીતે જુએ કે તેના થી તેને દુ:ખ થાય. (મજમુઆ વરામ)

## (૨૦) તોબા અને મગફેરત વિષે:–

અને તે એજ છે જે પોતાના બંદાઓ ની તોબા કબુલ કરે છે અને ગુનાહો ને માફ કરે છે. તમે લોકો જે કાંઈ કરો છો તેની તે જાણકારી ધરાવે છે. (સુરા શુરા આયત ૨૫)

૨૮૨) જો કોઈપણ ઈરાદો કરે તો તેના માટે તોબા નો દરવાજો ખુલ્લો જ છે તેથી તમે નિખાલસ તા થી તોબા કરો. (બિહાર અલ અનવાર)

૨૮૩) પસ્તાવો કરવો એ તોબા જ છે. (તહફુલ અકુલ)

૨૮૪) ગુનાહો થી તોબા કરી લેનાર એવો છે જાણે કે તેણે કોઈ ગુનાહ કર્યા જ નથી અને ગુનાહો નુ આચરણ ચાલુ રાખી ને તોબા કરનાર એવો છે જાણે તે પરવરદિગાર ની સાથે મશકરી કરે છે .(મજમુઆ વરામ)

૨૮૫) અલ્લાહ ની દષ્ટિમાં શ્રેષ્ઠ તોબા પસ્તાવો અને ગુનાહો નો ત્યાગ છે (ઈસ્ના અશરી)

૨૮૬) જે પોતાની મોત ના એક વર્ષ પહેલા તોબા કરશે તો અલ્લાહ તેની તોબા કબુલ કરશે પછી ફરમાવ્યું," એક વર્ષ તો વધારે છે પરંતુ જે મોત ના એક મહિના પહેલા તોબા કરશે તો અલ્લાહ તેની તોબા કબુલ કરશે." પછી ફરમાવ્યું," એક મહિનો તો ઘણો જ વધારે છે પરંતુ એક જુમ્આ પહેલાં તોબા કરશે તો અલ્લાહ તેની તોબા કબુલ કરશે. " પછી ફરમાવ્યું," જુમ્આ તો ઘણુ વધારે છે પરંતુ જે મોત ના એક દિવસ પહેલાં તોબા કરશે તો અલ્લાહ તેની તોબા કબુલ કરશે." પછી ફરમાવ્યું," એક દિવસ પણ વધારે છે પરંતુ જે બંદો મોત ને પોતાની આંખો થી જોવા પહેલાં તોબા કરશે તો અલ્લાહ તેની તોબા કબુલ રાખશે.(ઉસુલે કાફી)

૨૮૭) કોઈ વસ્તુ એવી નથી જે એક તોબા કરનાર નવયુવક થી વધારે અલ્લાહ ને પ્રિય હોય. (રોઝતુલ વાએઝીન)

૨૮૮) અલ્લાહ તે દરેક બંદા ની તોબા કબુલ કરે છે જે  વ જતાં પહેલાં તોબા કરી લે.(ઈસ્નાઅશરી)

૨૮૯) એક બંદાએ અલ્લાહ થી દુઆ માગી. અલ્લાહે તે દુઆ કબુલ કરી નહી. તેણે ફરીથી અલ્લાહ થી દુઆ માગી પરંતુ ફરી તેની દુઆ કબુલ ન થઈ. પછી ત્રી  વખત દુઆ માગી પણ કબુલ ન થઈ. ત્યાર પછી તેણે ચોથી વખત દુઆ માગી તો અલ્લાહે કહયું," મારો બંદો મારા થી દુઆ માગે છે પરંતુ મે તેના થી  મોઢું ફેરવી લીધું છે મારા બંદા એ તે જાણી લીધું છે તેના ગુનાહો ને મારા સિવાય કોઈ માફ કરનાર નથી. હું તમને સાક્ષી રાખું છું કે મેં તેની મગફેરત કરી છે.(મજમુઆ વરામ)

૨૯૦) અલ્લાહ ની ન ક તોબા કરનાર મોમીન અને મોમીના થી વધારે પ્રિય કોઈ નથી (સફીનતુલ બિહાર)

૨૯૧) જે પોતાના આમાલ નામા ના દરેક પાના ની નીચે ''અસ્તગફેરુલ્લાહ ' લખેલું જુએ તે સદા સુખી રહે. (જામેઅ ઉલ અખબાર)

૨૯૨) સૌથી શ્રેષ્ઠ દુઆ મગફેરત ની દુઆ છે. (ઉસુલે કાફી)

૨૯૩) જે વધારે મા વધારે મગફેરત ની દુઆ કરે છે તેને દરેક દુઃખ થી રાહત મળે છે અને દરેક તંગી થી મુકિત મળે છે. તેને એવી જગ્યાઓ થી રો  મળે છે જયાં થી તેને મળવા ની કોઈ આશા ન હોય.(બિહાર અલ અનવાર)

૨૯૪) તે બંદો કેટલો દુષ્ટ કહેવાય જે અલ્લાહ થી મગફેરત ની દુઆ કરતાં કરતાં ગુનાહો નુ આચરણ કરે છે તે નજાત ની આશા રાખે છે પરંતુ તેના માટે કોઈ અમલ કરતો નથી . અઝાબ નો ડર રાખે છે પરંતુ તેના થી દુર રહેતો નથી. ગુનાહ કરવામાં જલદી કરે છે અને તોબામાં ઢીલ કરે છે અને અલ્લાહ થી ખોટી ખોટી આશાઓ રાખે છે તેથી તેના માટે કયામત ના દિવસે ખરાબી છે. (ઈરશાદઅલ કલુબ)

૨૯૫) મગફેરત ની દુઆ ગુનાહો નો પાયો તોડી નાખે છે (મજાઝાત અલ નબવીયા)

૨૯૬) તમે વધારેમાં વધારે મગફેરત ની દુઆ કરો કારણકે અલ્લાહે તમને ફકત એટલા માટે જ મગફેરત ની દુઆ શીખવાડી છે કે તમારી મગફેરત કરે.(મજમુઆ વરામ)

૨૯૭) જયારે એક બંદો કહ છે,'' હે મારા પરવરદિગાર મારી મગફેરત કર કારણકે તારા સિવાય કોઈ નથી જે ગુનાહો ને માફ કરે '' તો અલ્લાહ તેના થી રા  થાય છે અને ફરિશતાઓ ને કહે છે,'' હે મારા ફરિશતાઓ મારા આ બંદા ને યકીન છે કે તેના ગુનાહો ને મારા સિવાય બીજું કોઈ માફ નથી કરી શકતું. તેથી તમે સાક્ષી રહેજો કે મેં તેની મગફેરત કરી. (બિહાર અલ અનવાર)

## (૨૧) દુઆ વિષેઃ–

હે રસુલ જયારે મારા બંદાઓ મારા વિષે તમને પુછે તો કહી દો,'' હું તેમની પાસે જ છું અને જયારે મારા થી કોઈ દુઆ માગે છે તો હું દરેક ની દુઆ સાંભળું છું (સુરએ બકર આયત ૧૮૫)

૨૯૮) દુઆ મોમીન નો હથીયાર, દીન નો સ્થંભ, અને આકાશ અને જમીન નો નુર છે. (ઉસુલે કાફી)

૨૯૯) શું હું તમને એક એવો શસ્ત્ર બતાવું જે તમને તમારા દુશ્મનો થી રક્ષણ આપે અને તમારી રો  મા વધારો કરે. લોકો એ કહયું," હા જરૂર બતાવો. " આપે જવાબમાં ફરમાવ્યું,"રાતદિવસ પમારા પરવરદિગાર થી દુઆ માગો કારણકે મોમીન નો હથિયાર દુઆ છે." (ઉસુલે કાફી)

૩૦૦) અલ્લાહ દુઆ કબુલ કરશે જ એવા યકીન સાથે દુઆ માગો અને એ પણ જાણીલો કે અલ્લાહ બેદરકાર દિલ ની દુઆ કબુલ કરતો નથી. (બિહાર અલ અનવાર)

૩૦૧) વધારે માં વધારે દુઆ માગતા રહો કારણકે તમે જાણતા નથી કે કયારે તમારી દુઆ કબુલ થશે. (તહફુલ અકુલ)

૩૦૨) દુઆ શ્રેષ્ઠ ઈબાદત છે. (ઈરશાદ અલ કલુબ)

૩૦૩) અલ્લાહ પોતાના બંદા ને તકલીફોમાં નાખે છે કે જેથી તેનુ રૂદન સાંભળે (ઈરશાદ અલ કુલુબ)

૩૦૪) અલ્લાહ તે માગનાર ને પસંદ કરે છે જે દુઆ માગવામાં  દ કરે. (તરાએફુલ હકમ)

૩૦૫) બેશક જયારે એક બંદો અલ્લાહ થી દુઆ માગે છે અને અલ્લાહ તેને પસંદ કરે છે ત્યારે અલ્લાહ  બ્રઈલ ને હુકમ કરે છે આ બંદા ની હાજત પુરી કરવામાં વિલંબ કરો કારણકે તેના અવાજ ને સાંભળતા રહેવું મને વધારે ગમે છે. (તરાએફ અલ હકમ)

૩૦૬) અઝાન અને ઈકામત ની વચ્ચે માગવામાં આવતી દુઆ જરૂર થી કબુલ થાય છે.(ઈસ્નાઅશરીયા)

૩૦૭) તમને રડવું આવી જાય તો તે વખતે દુઆ અચુક માગો કારણકે દિલ થી રડવું એ રહમત છે.(ઈસ્નાઅશરીયા)

૩૦૮) છુપી દુઆઓ જાહેર દુઆ કરતાં સિત્તેર ગણી વધારે અસરકારક છે. (ઈરશાદ અલ કુલુબ)

૩૦૯) ચાર બંદાઓ એવા છે જેમની દુઆઓ રદ થતી નથી અને તેમના માટે આકાશ ના દરવાજા ખોલી નાખવામા આવે છે અને દુઆ અર્શ સુધી પહોંચી જાય છે ૧) બાપ ની દુઆ બેટા માટે ૨) મઝલુમ ની બદદુઆ ઝાલીમ માટે ૩) ઉમરા કરનાર ની તે તેના ઘર પહોંચી જાય ત્યાં સુધી ની દુઆઓ ૪) રોજો ઈફતારી ન કરી લે ત્યાં સુધી રોજાદાર ની દુઆ. (ઉસુલે કાફી)

૩૧૦) મોત ને દુઆ સિવાય કોઈ વસ્તુ ટાળી શકતી નથી.(ઈસ્નાઅશરીયા)

૩૧૧) ત્રણ ગુણો એવા છે જેમના વડે દુનિયા અને આખેરત ની ભલાઈ હાસલ કરી શકાય છે. ૧) નેઅમતો મળે ત્યારે શુકર કરવો ૨) તકલીફ પહોંચે તો સબર કરવો ૩) અજમાયેશ ના સમયે દુઆ માગવી . (ઈરશાદ અલ કુલુબ)

૩૧૨) અલ્લાહ ની સમક્ષ દુઆ માગવા નો ઉૈત્તમ સમય એ સવાર નો સમય છે. આપે આ આયત જે હઝરત યાકુબ (અ.સ.) માટે નાઝીલ થયેલી છે તેની તિલાવત કરી ," હું ન ક માજ તમારા પરવરદિગાર સમક્ષ ઈસ્તીગફાર કરીશ." અલ્લાહે ફરમાવ્યું," તેને સવાર ના સમય સુધી મુલતવી કરો કે જેથી જલદી કબુલ થાય.(ઉસુલે કાફી)

૩૧૩) અલ્લાહે દુઆ નો દરવાજો તેના માટે ખોલ્યો છે જે દુઆ માગવાની કોશીશ કરે છે કારણકે અલ્લાહ ત્યાં સુધી દુઆ સાંભળવા થી અને કબુલ કરવાથી નથી થાકતો જયાં સુધી તમે પોતે જ થાકતા નથી.(તરાએફ અલ હકમ)

૩૧૪) ગેરહાજર વ્યકિત માટે દુઆ ઘણી જ જલદી કબુલ કરવામાં આવે છે. (ઈસ્નાઅશરીયા)

૩૧૫) રસુલ (સ.અ.વ.) થી પુછવામાં આવ્યું," આ નુ શું કારણ છે કે  અમે અલ્લાહ થી દુઆ માગીએ છીએ અને તે કબુલ નથી કરતો જયારે અલ્લાહે કહયું પણ છે મારા થી દુઆ માગો હું કબુલ કરીશ." આપે ફરમાવ્યું," તમારા દિલો દસ બાબતો ના કારણે મૃત થઈ ગયા છે. ૧) તમે અલ્લાહ ની મારેફત તો ધરાવો છો પણ તેની ઈબાદત નથી કરતા. ૨) તમે કુરાન ની તિલાવત તો કરો છો પરંતુ તેના પર અમલ નથી કરતા ૩) તમે રસુલ થી મોહબત નો દાવો તો કરો છો પરંતુ તેની આલ થી દુશમનાવટ રાખો છો ૪) તમે શૈતાન થી દુશ્મની રાખવાનો દાવો તો કરો છો પરંતુ તેનુ અનુસરણ કરો છો ૫) તમે જન્નત ને પસંદ તો કરો છો પરંતુ તેના માટુે અમલ કરતા નથી (૬) તમે જહન્નમ થી ડરવા નો દાવો તો કરો છો પરંતુ તમારા શરીર ને તેમાં ફેંકી દો છો (૭) તમે તમારા દોષો ને ભુલી જાવ છો અને બીજા ના દોષો ખોળવામાં વ્યસ્ત રહો છો (૮) તમે દુનિયા ને નાપસંદ કરવાનો દાવો તો કરો છો પરંતુ તેના માટે ધન ભેગું કરો છો (૯) તમે મોત નો એકરાર તો કરો છો પણ તેની તૈયારી નથી કરતા ૧૦) તમે તમારા મૃત્યુ પામેલા લોકો ને દફન તો કરો છો પણ તેમના થી કાંઈ પણ પાઠ શીખતા નથી. આજ કારણો સર તમારી દુઆઓ કબુલ નથી કરવામાં આવતી. (ઈસ્નાઅશરીયા)

૩૧૬) ત્રણ વ્યકિતઓ ની દુઆ રદ થતી નથી ૧) દાનવીર ૨) બિમાર ૩) તોબા કરનાર. (ઈસ્નાઅશરીયા)

૩૧૭) એક બંદો જો અલ્લાહ થી  દુઆ માગે અને તેનો ખોરાક અને પોશાક હરામ ની કમાણી નો હોય તો તે પરિસ્થિતિમાં અલ્લાહ કેમ તેની દુઆ કબુલ કરશે? (ઈરશાદ અલ કુલુબ)

(૨૨) રાતોની ઈબાદતો વિષેઃ–

જે બંદો રાતે એકાંત માં અલ્લાહ ની બંદગી માં વ્યસ્ત છે કયારેક સજદો કરે છે અને કયારેક હાથ બાંધી ઉભો રહે છે અને આખેરત નો ડર રાખે છે અને અલ્લાહ ની મહેરબાની નો ઉમેદવાર છે કદી એવો બંદો અને નાફરમાન બંદો એક સરખા હોઈ શકે છે? (સુરએ ઝમર આયત ૮)

૩૧૮) મારી ઉમ્મત ના સન્માનીય લોકો તે છે કુરાન ના જાણકાર છે અને રાતે જાગતા રહી ને તે ઈબાદતો કરે છે. (રોઝતુલ વાએઝીન)

૩૧૯) બંદા ની સંસ્કારિતા રાતે ઉભા રહી ને ઈબાદતો કરવામાં છે અને તેની આબરૂ સ્વનિર્ભરતા માં છે (આમાલી અલ સદુક)

૩૨૦) સુલેમાન (અ.સ.) ને તેમની વાલીદા એ નસીહત કરી કે રાતે વધારે સુઈ રહેવાથી દુર રહોકારણ કે રાતે વધારે સુઈ રહેવાથી કયામત ના દિવસે વ્યકિત  મોહતાજ અને ફકીર થઈ જાય છે. (તરાએફ અલ હકમ)

૩૨૧) જયારે રાત નો આખરી સમય આવે છે તો અલ્લાહ ફરમાવે છે,'' દુઆ માગનાર કોઈ બંદો છે જેની હું દુઆ કબુલ કરૂં ? કોઈ માગનાર છે જેને હું આપું?કોઈ મગફેરત માગનાર છે જેની મગફેરત કરૂં ? કોઈ તોબા કરનાર છે જેની તોબા કબુલ કરૂં ?(આમાલી અલ સદુક)

૩૨૨) જો એક બંદો રાત ના અમુક સમય પછી ઉઠી ને બેરકાત નમાજ પઢે અને સજદાઓમાં ચાલીસ મોમીન ભાઈ ઓના નામ અને તેમના બાપો ના નામ લઈ દુઆ કરે અને અલ્લાહ થી કશું માગે તો અલ્લાહ તેને આપશે. (ખમાલ સદુક)

૩૨૩) જયારે એક બંદો રાત ના અંધારા માં અલ્લાહ ની સાથે એકાંતમાં ગુફતગુ કરે છે તો અલ્લાહ તેના દિલમાં નુર પેદા કરે છે અને જયારે તે બંદો '' હે મારા અલ્લાહ હે મારા અલ્લાહ '' એમ કહે છે તો અલ્લાહ તેને પોકારી ને કહે છે,'' હે મારા બંદા હું હાજર છું મારા થી માગ હું તને આપીશ.મારા પર ભરોસો કર કે જેથી હું તને એનાયત કરૂં.'' ત્યારબાદ અલ્લાહ ફરિશ્તાઓ થી કહે છે,'' હે મારા ફરિશ્તાઓ  મારા બંદા ને તો જુઓ જે રાત ના અંધારામાં એકાંતમાં મારી સાથે વાતચીત માં વ્યસ્ત છે

જયારે બાતિલ પરસ્તો અજુગતા કામોમાં વ્યસ્ત છે અને બેદરકાર લોકો ગફલત ની ઉંઘમાં છે" તમે બધા સાક્ષી રહે જો કે મે તેની મગફેરત કરી છે.(જવાહર અલ સનીયાહ)

૩૨૪) જયારે અલ્લાહ કયામત ના દિવસે શરૂઆત ના અને આખર ના લોકો ને એક જગ્યાએ ભેગા કરશે ત્યારે એક અવાજ આવશે તે લોકો સામે આવે જે રાતે ઉંઘમા થી જાગી ને અલ્લાહ ના ડરમાં અને તેની રહમત ના ઉમેદવાર બની ને દુઆ ઓ માગતા હતા. તેવા લોકો ઉભા થશે પણ તેમની સંખ્યા ઓછી હશે. તેમના ગયા પછી લોકો નો હિસાબ થશે. (ઈરશાદ અલ કુલુબ)

૩૨૫) ત્રણ પ્રકાર ના સંજોગોમાં રાત ના ઉજાગરા વ્યાજબી છે ૧) કુરાન ની તિલાવતમા ૨) ઈલ્મ હાસલ કરવા માટે ૩) સુહાગરાતે (ખિસાલ સદુક)

૩૨૬) કોઈ વ્યકિત ના નુકસાન માટે એ કાફી છે કે તેની એક રાત એવી પસાર થાય જેમાં તેણે બે રકાત નમાઝ ન પઢી હોય અને અલ્લાહ નો ઝીકર ન કર્યો હોય ત્યાં સુધી કે સવાર પડી જાય.(ઈરશાદ અલ કુલુબ)

## <u>(૨૩) મસ્દો વિષે:–</u>

અને (એ પણ ફરમાવ્યું છે) કે દર નમાઝ ના સમયે પોતાના ચહેરા (કિબ્લા ની તરફ) કરી લો અને તેના માટે નિખાલસ ઈબાદત કરીને તેના થી દુઆ માગો (સુરા એઅરાફ આયત ૩૦)

૩૨૭) અલ્લાહે ફરમાવ્યું," હે લોકો જમીન ઉપર મસ્દો મારા ઘર છે જે આકાશ વાળા ને એ રીતે ચમકતા દેખાય છે જે રીતે ચમકતા તારા જમીન વાળા ને દેખાય છે.

૧) સદા સુખી રહે એ લોકો જે મસ્દો ને પોતાનુ ઘર માને છે

૨) સદા સુખી રહે એ લોકો જે પોતાના ઘર મા પાક થઈ ને મારા ઘર માં આવ્યા.

૩) જેની મુલાકાત કરવામાં આવે તેના પર ફરજ છે કે મુલાકાતી ને માન આપે.

૪) તે લોકો માટે ખુશખબરી છે કે જે રાત ના અંધારા માં મસ્દો ની તરફ ચાલે છે કયામત ના દિવસે તેમને ચમકતું નુર એનાયત કરવામાં આવશે. (જવાહર મિનબા)

૩૨૮) જે બંદો ગુરૂવાર ના દિવસે એટલે કે શુક્રવાર ની રાત્રે મસ્દ ની સફાઈ કરે અને જો એટલો કચરો મસ્દ ની બહાર કાઢે જેટલો કે સુરમો આંખ મા આંજવામાં આવે છેતો પણ અલ્લાહ તે બંદા ની મગફેરત કરશે.(રોઝતુલ વાએઝીન)

૩૨૯) જે બંદો અલ્લાહ ની મસ્દો માથી કોઈ મસ્દ માં દીવો બાળશે તો અર્શ વાળા અને તમામ ફરીશતા એ બંદા માટે ત્યાં સુધી મગફેરત ની દુઆ કરશે જયાં સુધી તે દીવા નો પ્રકાશ મસ્દ માં હશે.(તરાએફુલ હકમ)

૩૩૦) જે બંદા ની વાતો ફકત કુરાન વિષે હોય અને મસ્દ તેનુ ઘર હોય તો અલ્લાહ તે બંદા માટે જન્નતમાં એક ઘર બનાવશે.(તરાએફુલ હકમ)

૩૩૧) જે બંદો મસ્દો માં આવવા જવાનુ રાખશે તેને આઠ લાભો મા થી એક મળશે. એક ભાઈ મળશે જે અલ્લાહ ની રાહ માં ફાયદો પહોંચાડશે  કોઈ એવુ ઈલ્મ શીખશે જે આધુનિક હશે. કોઈ એવી વાત સાંભળવા મળશે જે તેને સિરાતે મુસ્તકીમ બતાવશે એવી વાત સાંભળવા મળશે જે તેને વિનાશ થી બચાવશે અલ્લાહ ની રહમત તેની રાહ જોશે અલ્લાહ ની શરમ ને કારણે ગુનાહ નો ત્યાગ કરશે અલ્લાહ ના ડર ના કારણે ગુનાહ નો ત્યાગ કરશે (ખિસાલે સદુક)

૩૩૨) જે બંદો મસ્દ મા હોય અને કોઈ અવાજ સાંભળી ને પાછા ન ફરવાને ઈરાદે મસ્દ છોડી ને જતો રહે તો તે મુનાફિક છે. (રોઝતુલ વાએઝીન)

૩૩૩) જે બંદો કોઈ મસ્દ નો પાયો અલ્લાહ નો ઝીકર થાય એ આશય થી નાખે તો તેના માટે જન્નત માં એક ઘર બનાવવામાં આવશે.(રોઝતુલ વાએઝીન)

૩૩૪) જયારે એક બંદો મસ્દ મા દાખલ થઈ ને ' આઉઝો બિલ્લાહે મીનશ્શયતાનીર ર મ ' કહે છે તો શૈતાન કહે છે ,'' હાય મારી કમર તુટી ગઈ'' અને તે બંદા ના અમલમાં એક વર્ષ ની ઈબાદત નો સવાબ લખવામાં આવશે અને જો તે મસ્દ માથી નીકળતી વખતે એમજ કહે છે તો અલ્લાહ તેના શરીર ના પ્રત્યેક વાળ સામે સો નેકી ઓ લખવાનો હુકમ આપે છે અને તેના સો ઉચ્ચ દરજા આપવામાં આવે છે. (જામેઅ અલ અખબાર)

૩૩૫) જે બંદો મસ્દો મા થી કોઈ મસ્દ ની તરફ ચાલે તો તેના પાછા ફરવા સુધી તેણે ઉપાડેલા દરેક પગલા સામે દસ નેકી ઓ લખવામાં આવે છે અને દસ ગુનાહ માફ કરવામાં આવે છે અને તેના દસ દરજા વધારવામાં આવે છે. (તરાએફુલ હકમ)

૩૩૬) મસ્દો આખેરત ના બજારો માથી એક બજાર છે જયાં ની યજમાની મગફેરત અને તેની સોગાદ જન્નત છે. (તરાએફુલ હકમ)

**(૨૪) નમાઝ વિષે:–**

તમારા નિયમ અનુસાર નમાઝ પઢતા રહો કારણકે નમાઝ તો ઈમાનદારો ઉપર સમય નકકી કરીને ફર્ઝ કરવામાં આવી છે (સુરા નિસા આયત ૧૦૩)

૩૩૭) કયામત ના દિવસે જે ઈબાદત નો હિસાબ સૌપ્રથમ લેવામાં આવશે તે નમાઝ છે. (ઈસ્નાઅશરીયા)

૩૩૮) બેશક નમાઝ દીન ના સ્થંભ છે જે બંદા ના આમાલ માં સૌપ્રથમ જોવામાં આવશુ જો નમાઝ સાચી હશે તો તેના બીજા આમાલ ને જોવામાં આવશે અને જો નમાઝ સાચી નહી હોય તો બીજા આમાલ ને જોવામાં નહી આવે. (વાફી)

૩૩૯) જે બંદો જાણી જોઈ ને નમાઝ નો ત્યાગ કરશે તો તેણે અલ્લાહ અને તેના રસુલ થી કરવામાં આવેલા કરાર નો ભંગ કર્યો ગણાશે.(ઉસુલે કાફી)

૩૪૦) મારી શફાઅત તેના માટે નથી જે નમાઝ ને તુચ્છ ગણે . અલ્લાહ ની કસમ આવા લોકો હોજે કોસર પર મારી પાસે નહી આવી શકે. (વસાએલુલ શીઆહ)

૩૪૧) શૈતાન મોમીન થી ત્યાં સુધી ભયભિત રહે છે જયાં સુધી તે નિયમીતતા થી નમાઝ પઢતો રહે છે પરંતુ જયારે તે નમાઝો નો ત્યાગ કરવા લાગે છે તો શૈતાન ને તેને કબીરા ગુનાહોમાં ધકેલવાની હિમ્મત મળે છે. (ઉયુન અખબાર અલ રિઝા)

૩૪૨) જે બંદો એક વા બ નમાઝ પઢે છે તો અલ્લાહ ની પાસે તેના માટે એક કબુલ થયેલી દુઆ જમા થાય છે.(સહીફતુર રિઝા)

૩૪૩) એક નમાઝ પઢયા પછી બી  નમાઝ ની રાહ જોવી એ જન્નત ના ખજાના માથી એક ખજાનો છે. (વાફી)

૩૪૪) નમાઝ ત્રાજવા સમાન છે જે સંપુર્ણ અદાયગી કરશે તે સંપુર્ણ બદલો મેળવશે. (વાફી)

૩૪૫) તમારી નમાઝો નો ત્યાગ ન કરો કારણકે જે બંદો નમાઝો નો ત્યાગ કરશે તેને કયામત ના દિવસે કારૂન અને હામાન ની સાથે ઉઠાડવામાં આવશે અને અલ્લાહ તેને મુનાફિકો સાથે જહન્નમ મા દાખલ કરશે. તે બંદા પર અફસોસ છે જે નમાઝ અને રસુલ ની સુન્નત ની રક્ષા ન કરે. (ઉયુન અખબાર અલ રિઝા)

૩૪૬) મારી શફાઅત તે બંદા ને નહી પહોંચે જે વા બ નમાઝ ને તેના સમય પર ન પઢે. (આમાલી અલ સદુક)

૩૪૭) તમે તમારી નમાઝો નુ રક્ષણ કરો કારણકે અલ્લાહ કયામત ના દિવસે સૌપ્રથમ તમારી નમાઝ વિષે પુછશે જો તે સંપુર્ણ હશે તો ઠીક છે નહીતર તમને જહન્નમ માં ધકેલવામાં આવશે. (સહીફ તુરરઝા)

૩૪૮) નમાઝ તંબુ ની વચ્ચે ના સ્થંભ સમાન છે જો તે સલામત રહેશે તો તંબુ ના બધા ભાગ સલામત રહેશે અને જો તે સલામત નહી રહે તો તંબુ સલામત રહેશે નહી. (વસાએલ શીઆહ)

૩૪૯) તેણે તો જેમ તેમ કરી ને વેઠ વાળી જો તે આ રીતે જ નમાઝ પઢતો રહે અને એમ કરતા કરતા જ મરી જાય તો તે મારા દીન પર નહી મરે. (વસાએલ અલ શીઆહ)

૩૫૦) નમાઝ નો જાણી જોઈ ને ત્યાગ ન કરો. જે આમ કરશે તો તેણે ઈસ્લામ થી અણગમો વ્યકત કર્યો તેમ ગણાશે. (વાફી)

૩૫૧) દરેક વસ્તુ નો એક ચહેરો હોય છે તમારા દીન નો ચહેરો નમાઝ છે એવું ન બને કે તમે તમારા દીન ના ચહેરા ને વિકૃત કરી નાખો. દરેક વસ્તુ ની એક શરૂઆત હોય છે અને નમાઝ ની શરૂઆત તકબીરતુલ એહરામ છે (મજાઝાતુન્નબવીયા)

૩૫૨) જેણે નમાઝ ને  જાણી જોઈ ને તેનો સમય વીતી જાય ત્યાં સુધી છોડી દીધી તો એવા બંદા ના નેક આમાલ હશે ? ત્યાર પછી ફરમાવ્યું," કોઈ પણ વ્યકિત અને કુફ્ર ની વચ્ચે ફકત નમાઝ ના ત્યાગ નુ અંતર છે. (તરાએફ અલ હકમ)

૩૫૩) જે નમાઝ છોડી દે અને તેના સવાબ ની આશા ન રાખે અને તેને ત્યાગ કરવાના અઝાબ થી ભયભિત ન થાય તો મને તેની દરકાર નથી કે તે મજુસી, અથવા ઈસાઈ અથવા યહુદી ની મોત મરે.(જામેઅ અલ અખબાર)

૩૫૪) જે બંદો નમાઝ ને તેના સમય અનુસાર પઢતો રહે અથવા નમાઝ ના હક ને પારખી તેને બીજા કામો થી વધારુે મહત્વ આપે તેના અને અલ્લાહ વચ્ચે કરાર કાયમ રહેશે પરંતુ જયારે તે તેને બિનમહત્વ ની ગણી ને તેનો ત્યાગ કરે અને બીજા કામો ને નમાઝ કરતાં વધારે મહત્વ ના ગણે તો અલ્લાહ તેના થી કરેલા કરાર ને રદ કરી દે છે અને તે વખતે તેનો અંજામ અલ્લાહ ની મર  અનુસાર થશે તે ઈચ્છે તો તેના પર અઝાબ કરે અથવા જો તે ઈચ્છે તો મગફેરત કરે. (તરાએફ અલ હકમ)

૩૫૫) સૌથી મોટો ચોર એ છે જે નમાઝમાં ચોરી કરે છે. આપ ને પુછવામાં આવ્યું," હે રસુલલ્લાહ નમાઝ માં ચોરી કેવી રીતે કરી શકે?" આપે જવાબમાં ફરમાવ્યું," રૂકુઅ અને સજદાઓ ને યોગ્ય રીતે બજાવી ન લાવવા." (તરાએફ અલ હકમ)

૩૫૬) હે લોકો તમારો પરવરદિગાર કહે છે કે પાંચ વખત ની નમાઝો વા બ છે જે તેમનુ રક્ષણ કરે અને તેમના સમય ઉપર તેમને બજાવી લાવે તો કયામત ના દિવસે તેના માટે મારી પાસે એક કરાર હશે જેના અનુસાર હું તેને જન્નતમાં દાખલ કરીશ. અને જે વ્યકિત તેમને તેમના સમય પર નહી પઢે તો તેનો ફેંસલો મારા હાથમા છે. હું ઈચ્છું તો અઝાબ કરૂં અથવા ઈચ્છું તો મગફેરત કરૂં. (વસાએલ અલ શીઆહ)

૩૫૭) નમાઝ દીન નો સ્થંભ છે તેથી જેણે તેને જાણી જોઈ ને ત્ય દીધી તેણે પોતાના દીન નો નાશ કર્યો અને જેણે નમાઝ ના સમયો ને વેડફી નાખ્યા તે વેલ મા દાખલ થશે અને વેલ જહન્નમ ની એક ખીણ નુ નામ છે જેમ કે અલ્લાહે ફરમાવ્યું છે વેલ એ નમાઝીઓ માટે છે જે તેમની નમાઝ પ્રત્યે બેદરકારી દાખવે છે "(જામેઅ અલ અખબાર)

૩૫૮) નમાઝ મોમીન નુ નુર છે. (ઈસ્નાઅશરીયા)

૩૫૯) નમાઝ દરેક પરહેજગાર માટે અલ્લાહ ની નજદીકી નુ કારણ છે. (ઈસ્નાઅશરીયા)

૩૬૦) દીન મા નમાઝ ની હેસીયત એવી છે જેવી શરીર ઉપર માથા ની હોય છે. (ઈસ્નાઅશરીયા)

૩૬૧) દુનિયામાં દુઆ એ કુનુત ને લંબાણ થી પઢનારા કયામત ના દિવસે હિસાબ ના સમયે આરામ માં હશે. (આમાલી અલ સદુક)

૩૬૨) રસુલ (સ.અ.વ) થી પુછવામાં આવ્યું," કયો અમલ શ્રેષ્ઠ છે? " આપે જવાબ માં ફરમાવ્યું,"શરૂઆત ના સમય માં નમાઝ પઢવી. "(સફીનતલ બિહાર)

૩૬૩) નમાઝ દીન નો સ્થંભ છે અને તેમા દસ વિશેષતાઓ છે તે ચહેરા ની શોભા, દિલ માટે નુર , શરીર માટે રાહત,કબર માં મદદગાર,રહમત નાઝીલ થવાની જગ્યા, આકાશ નો દીવો, ત્રાજવામાં વજનદાર, પરવરદિગાર ની ખુશનુદી નુ કારણ, જન્નત ની કિમ્મત, અને આગ માટે પરદો છે. જેણે તેને અપનાવી તેણે દીન ને કાયમ રાખ્યું અને જેણે તેને ત્ય દીધી તો તેણે દીન નો નાશ કર્યો તેમ ગણાશે. (ઈસ્નાઅશરીયા)

૩૬૪) અલ્લાહે નમાઝ ને મારી આંખો ની ઠંડક બનાવી અને નમાઝ મારા માટે એટલી પ્રિય બનાવી જેમકે એક ભુખ્યા ને ખાવા નુ પ્રિય હોય છે અને તરસ્યા ને પાણી પ્રિય હોય છે. પરંતુ જયારે ભુખ્યો ખાવાનુ ખાઈ લે છે અને તરસ્યો પાણી પી લે છે તો તેઓ ધરાઈ જાય છે પરંતુ હું નમાઝ થી કદી પણ ધરાતો નથી. (બિહાર અલ અનવાર)

૩૬૫) પુરૂષો અને સ્ત્રીઓ માથી જે નમાઝ નુ અપમાન કરશે અને તેને તુચ્છ ગણશે અલ્લાહ તેમને પંદર (૧૫) તકલીફો માં ગિરફતાર કરશે. તેમા થી છ દુનિયામાં , ત્રણ મોત વખતે, ત્રણ કબર માં અને ત્રણ મુસીબતો કયામત માં હશે.

જે તકલીફો જે દુનિયામાં વેઠવી પડશે તે આ પ્રમાણે છે. અલ્લાહ તેના આયુષ્યમાં થી બરકત લઈ લેશે. અલ્લાહ તેની રો માથી બરકત લઈ લેશે, અને અલ્લાહ તેના ચહેરા ઉપર થી નેકી ની નિશાનીઓ મિટાવી દેશે અને જે પણ અમલ તે કરશે તેનો કોઈ બદલો આપશે નહી. તેની દુઆ આકાશ તરફ નહી ઉઠાવવામાં આવે અને નેક લોકો ને દુઆ કરવામાં જે રસ પડે છે તેનો અનુભવ તે નહી કરી શકે.

અને તે તકલીફો જે મોત વખતે વેઠવી પડશે તે આ પ્રમાણે છે. પહેલી તકલીફ એ પડશે કે તે બેઈજજતી નુ મોત મરશે. બી તકલીફ એ પડશે તે ભુખ્યો મરશે. અને ત્રી તકલીફ એ પડશે કે તે તરસ્યો મરશે ભલે તેને કેટલું પણ પાણી પાવામાં આવે.

અને તે તકલીફો જે કબર માં પડશે તે આ પ્રમાણે છે. પહેલી તકલીફ એ છે કે અલ્લાહ તે બંદા પર એક ફરિશતો નીમશે જે તેને કબર માં પરેશાન કરશે.બી તકલીફ એ પડશે તેની કબર તેના માટે સાંકડી હશે અને ત્રી તકલીફ એ પડશે કે તેની કબર તેના માટે અંધારી હશે.

અને કયામત ના દિવસે પડનારી તકલીફો આ પ્રમાણે છે. જેવો તે બંદો કબર માથી બહાર આવશે કે તરતજ અલ્લાહ એક ફરિશતા ને નિમશે જે તેને ઉંધો કરીને ઘસડશે અને લોકો તેને જોઈ રહયા હશે. બીજું એ કે તેના થી હિસાબ લેવામાં કડકાઈ કરવામાં આવશે. અને ત્રીજું એ કે અલ્લાહ તેને રહેમ નજરે જોશે નહી અને તેને આરામ આપશે નહી પરંતુ દર્દનાક અઝાબ માં નાખવામાં આવશે. (તરાએફ અલ હકમ)

૩૬૬) જયારે નમાઝ નો સમય આવે છે તો એક ફરિશતો લોકો ને સાદ કરીને કહે છે ,'' ઉઠો જે આગ ને તમે તમારા ઉપર સળગાવી છે તે નમાઝ વડે ઓલવી નાખો.'' (આમાલી અલ સદુક)

૩૬૭) એક નમાઝ પઢયા પછી બી નમાઝ ની રાહ જોવી જન્નતના ખજાના માથી એક ખજાનો છે (આમાલી અલ સદુક)

૩૬૮) જે લોકો ની હાજરી મા નમાઝ સારી રીતે પઢે અને એકાંત માં બેદરકારી કરે તો તે વ્યકિત પરવરદિગાર નુ અપમાન કરે છે. (વસાએલ અલ શીઆહ)

૩૬૯) જેની નમાઝ તેને બુરાઈયો થી અને અશ્લીલ કામો થી ન રોકે તેવી નમાઝ અલ્લાહ થી અંતર સિવાય કોઈ વાત માં વધારો કરતી નથી.(ઈસ્નાઅશરીયા)

૩૭૦) મારી મસ્‌દ મા એક નમાઝ પઢવી બી  મસ્‌દો મા એક હજાર નમાઝ પઢવા સમાન છે સિવાય કે મસ્‌દુલ હરામ. કારણકે મસ્‌દુલ હરામ માં એક નમાઝ પઢવી મારી મસ્‌દ માં એક હજાર રકાત નમાઝ સમાન છે. (વસાએલ શિઆહ)

૩૭૧) નમાઝ દીન ના વાજેબાત માથી છે તેમા જ પરવરદિગાર ની ખુશનુદી છે નમાઝ જ નબીઓ નો તરીકો છે. નમાઝી ફરિશ્તો નો પ્રિય ગણાય છે. નમાઝ જ ઈમાન છે અને મારેફત નો નુર છે. રો  માં બરકત અને શરીર ની રાહત છે. શૈતાન માટે અનિચ્છનીય છે. કાફિર ની સામે હથિયાર છે અને દુઆ ની અને આમાલ ની કબુલીયત છે. મોમીન નુ આખેરત માટે દુનિયા થી તેનુ ભાથું છે. તેના અને મલેકુલમોત વચ્ચે શફાઅત કરનાર છે. કબર મા તેની મદદગાર છે. તેના નીચે નુ ભોંયતળિયું છે. મુનકિર અને નકીર ને જવાબ આપનાર છે. કોઈ વ્યકિત ની નમાઝ કયામત ના દિવસે તેના માથા નો તાજ, તેના ચહેરા નુ નુર અને તેના શરીર નો પહેરવેશ છે અને આગ ની વચ્ચે પડદો છે અલ્લાહ અને બંદા ની વચ્ચે મોહબત છે. જહન્નમ થી મુકિત અને પુલસિરાત થી પસાર થવાનુ માધ્યમ છે. જન્નત ની ચાવી છે અને હુરો અને જન્નત ની કિમ્મત પણ નમાઝ જ છે. નમાઝ ના માધ્યમ થી એક બંદો ઉચ્ચ દરજા સુધી પહોંચી શકે છે કારણ કે નમાઝ તસ્બીહ, તકબીર , અલ્લાહ જોડે ભળી જવાનુ માધ્યમ અને પ્રસ્તાવના છે. અલ્લાહ થી વાર્તાલાપ પણ છે અને અલ્લાહ થી દુઆ પણ છે. (ખિસાલ શબખ સદુક)

૩૭૨) કોઈ પણ બંદા ની દીન દારી ની નિશાની નમાઝ નુ વધારે માં વધારે રક્ષણ કરવું છે (ઈસ્નાઅશરી)

૩૭૩) મે મારી ઉમ્મત ના એક માણસ ને સ્વપ્નમાં એ સ્થિતિ માં જોયો કે તેની ફરતે અઝાબ ના ફરિશ્તાઓ ઘેરો નાખી ને ઉભા છે  અને તે દરમ્યાન તેની નમાઝ આવી ગઈ અને તેણે તેઓ ને અઝાબ કરવા થી રોકયા. (રોઝતુલ વાએઝીન)

## (૨૫) રોજા વિષેઃ–

રોજા રાખવા જે રીતે તમારા પહેલાના લોકો પર ફરજ કરવામાં આવ્યા હતા તે જ રીતે તમારા ઉપર ફરજ કરવામાં આવ્યા છે કે જેથી તમે તેના કારણે ઘણા ખરા ગુનાહો થી બચો. (સુરએ બકર આયત ૧૮૨)

૩૭૪) બેશક રમજાન મહિનો તે મહાન મહિનો છે જેમા અલ્લાહ નેકીઓ મા અનેક ગણો વધારો કરે છે અને ગુનાહો ને દુર કરે છે અને દરજા ને ઉચ્ચ કરે છે. જે બંદો આ મહિનામા સદકો આપે છે અલ્લાહ તેની મગફેરત કરે છે જે બંદો આ મહિનામા પોતાના નોકરો થી કામ લેવામા કમી કરે છે અલ્લાહ તેની મગફેરત કરે છે. જે બંદો આ મહિના મા પોતાની રીતભાત સારી રાખે છે અલ્લાહ તેની મગફેરત કરે છે. જે આ મહિના મા પોતાના ગુસ્સા પર કાબુ રાખે છે અલ્લાહ તેની મગફેરત કરે છે. જે આ મહિના મા સગાવહાલા થી સારો વ્યવહાર કરે છે અલ્લાહ તેની મગફેરત કરે છે તેના પછી ફરમાવ્યું," તમારો આ મહિનો બીજા મહિનાઓ જેવો નથી જયારે તે આવે છે ત્યારે પોતાની બરકતો અને રહમતો ની સાથે આવે છે જયારે જાય છે ત્યારે ગુનાહો ની મગફેરત કરાવી ને જાય છે. તે આજ મહિનો છે જેમાં નેકીઓ ને અનેક ગણી કરવામાં આવે છે અને નેક આમાલ કબુલ થાય છે તમારા માથી જે કોઈ આ મહિના મા અલ્લાહ ની ખુશનુદી માટે બેરકાત નમાઝ પઢે છે અલ્લાહ તેની મગફેરત કરે છે. ત્યાર પછી ફરમાવ્યું," હકીકત મા કમનસીબ એ છે જેના હાથ માથી આ મહિનો નીકળી જાય અને તે પોતાના ગુનાહો ની માફી ન કરાવી શકે. અને જે વખતે નેક લોકો બદલો મેળવી રહયા હશે તે નિરાશ હશે અને નુકશાન વહોરશે. (આમાલી અલ સદુક)

૩૭૫) રોજા જહન્નમ ની આગ સામે ઢાલ સમાન છે (ઉૅસુલે કાફી)

૩૭૬) અલ્લાહે ફરમાવ્યું છે રોજા ફકત મારા માટે છે  હું જ તેનો બદલો આપીશ.(જવાહર અલ મીનબા)

૩૭૭) રોજાદાર પથારી પર ઉંઘી રહેલો હોય તો પણ તે ઈબાદત મા છે જયાં સુધી તે કોઈ ની ગીબત ન કરે. (તહફુલ અકુલ)

૩૭૮) જે બંદો અલ્લાહ ની ખુશનુદી માટે મુસ્તહબ રોજા રાખશે અલ્લાહ તેને જન્નત મા દાખલ કરશે.(વાફી)

૩૭૯) રોજાદાર ની ઉંઘ ઈબાદત છે અને તેનુ શ્વાસ લેવું તસ્બીહ સમાન છે. (વસાએલ અલ શીઆહ)

૩૮૦) જે બંદો અલ્લાહ ની ખુશનુદી ખાતર એક દિવસ પણ મુસ્તહબ રોજો રાખે તો તેની મગફેરત થશે. (આમાલી અલ સદુક)

૩૮૧) અલ્લાહે રોજાદારો માટે દુઆ કરવા માટે ફરિશ્તાઓ નીમેલા છે. (સફીનતુલ બિહાર)

૩૮૨) દરેક રોજાદાર માટે એક કબુલ થયેલી દુઆ છે. (ઈસ્નાઅશરી)

૩૮૩) દરેક વસ્તુનો એક દરવાજો હોય છે અને ઈબાદત નો દરવાજો રોજા છે (ઈસ્નાઅશરી)

૩૮૪) જે રોજાદાર સામે કેટલાક લોકો જમી રહયા હોય તો તેના તમામ અંગો તસ્બીહ કરે છે અને ફરિશતા તેના માટે રહમત તલબ કરે છે જેના થી તેની મગફેરત થાય છે. (આમાલી સદુક)

૩૮૫) સેહરી અવશ્ય કરો કે જેથી રોજો રાખી શકાય અને બપોર ના સમય માં ઉઘ લઈ લો કે જેથી રાત્રે જાગી શકો. (વાફી)

૩૮૬) રોજાદાર માટે બે ખુશાલીઓ છે એક ઈફતારી ના સમય ની અને બી  જયારે અલ્લાહ થી મુલાકાત કરે. (વસાએલ અલ શીઆહ)

૩૮૭) જન્નતમા એક દરવાજો છે જેને રીઆન કહેવામાં આવે છે જેમા થી ફકત રોજાદાર જ દાખલ થઈ શકશે. (વસાએલ અલ શીઆહ)

૩૮૮) જે મોમીન અલ્લાહ ની ખાતર માહે રમજાન નો રોજો રાખે તેને અલ્લાહ સાત ગુણો આપે છે ૧) તેના શરીર માં હરામ થી જે પોષણ મળેલું હતું તેને ઓગાળી નાખે છે ૨) તેને પોતાની રહમત ની ન ક કરે છે ૩) તે રોજા ને આદમ (અ.સ.) ના તર્કે ઓલા નો કુફફારો ગણે છે. ૪) મરણ પથારીએ તેના માટે આસાની કરે છે ૫) કયામત ના દિવસ ની ભુખ અને તરસ થી તેને મુકિત આપે છે ૬) અલ્લાહ તેની જન્નત ની પાક ચીજો ખાવા આપશે. ૭) અલ્લાહ તેને જહન્નમ ની આગ થી મુકિત આપશે. (ખિસાલે સદુક)

૩૮૯) દરેક વસ્તુ ની એક જકાત છે અને શરીર ની જકાત રોજો છે. (રોઝતુલ વાએઝીન)

૩૯૦) જયારે તમે રોજો રાખો તો તમારા કાન અને આંખો નો પણ રોજો રાખો તમારા રોજા નો દિવસ સામાન્ય દિવસો જેવો ન હોવો જોઈએ. (જામેઅ અલ અખબાર)

૩૯૧) જાબિર બિન અબ્દુલ્લાઅનસારી થી ફરમાવ્યું," હે જાબિર જે રમજાન મહિના ના દિવસો મા રોજા રાખે અને રાતો ની ઈબાદતો માટે જાગતો રહે અને તેની ઈન્દ્રીયો ને હરામ થી બચાવી રાખે અને

પોતાની ભ ને કાબુ મા રાખે તો ગુનાહો થી એવી રીતે દુર થઈ જશે જેવી રીતે આ મહિનો તેના થી અલગ થઈ જશે." આ સાંભળી જાબિરે કહયું," યા રસુલલ્લાહ (સ.અ.વ.) આ વાત કેટલી સરસ છે. આપે ફરમાવ્યું," જાબિર તમે જોતા નથી શરતો કેટલી ભારે છે. (જામેઅ અલ અખબાર)

૩૯૨) શાબાન મારો મહિનો છે અને રમજાન અલ્લાહ નો છે તેથી જે બંદો મારા મહિના મા થી એક રોજો રાખશે કયામત ના દિવસે હું તેની શફાઅત કરીશ. અને જે રમજાન મા રોજા રાખશે તેને આગ થી આઝાદ કરવામાં આવશે. (આમાલી અલ સદુક)

૩૯૩) રમજાન માસ મા મારી ઉમ્મત ને પાંચ વસ્તુ ઓ એનાયત કરવામાં આવી છે જે મારા પહેલા કોઈ પણ નબી ની ઉમ્મત ને આપવામાં આવી નથી ૧) જયારે રમજાન ની પહેલી તારીખ થાય છે ત્યારે અલ્લાહ મારી ઉમ્મત ને રહમત ની નજર થી જુએ છે અને તે જેને એક વાર પણ રહમત ની નજર થી જુએ છે તેના પર અઝાબ નથી કરતો. ૨) જયારે ઈફતારી નો વખત થાય છે ત્યારે તેમના મોઢ ા ની વાસ અલ્લાહ ની ન ક મુશ્ક ની સુગંધ થી વધારે પવિત્ર ગણવામાં આવી છે ૩) ફરિશ્તાઓ રાત દિવસ તેમની મગફેરત માટે દુઆ કરે છે ૪) અલ્લાહ જન્નત ને હુકમ આપે છે તુ મારા બંદા માટે મગફેરત ની દુઆ કર અને પોતાની જાત ને તેમના માટે શણગારી લે. ન ક મા જ તેમના થી દુનિયા ના દુઃખો દુર થઈ જાય અને તે લોકો મારી જન્નત મા દાખલ થાય ૫) રમજાન માસ ની આખરી રાત્રે તેમના બધા ગુનાહો માફ કરવામાં આવે છે. એક વ્યકિત એ અરજ કરી કે હે રસુલલલ્લાહ શબે કદર ની રાત મા? " આપે ફરમાવ્યું," તમે કામ કરનારા ને જોતા નથી જે કામ પુરૂં થયા પછી પુરેપુરૂં મહેનતાણુ મેળવી લે છે ?

## <u>(૨૬) જકાત અને સદકાઓ વિષેઃ–</u>

હે રસુલ  તમે તેમના માલ ની જકાત લો અને તેના બદલે તેમને ગુનાહો થી પાક કરો. (સુરા તોબા આયત ૧૦૩)

૩૯૪) જકાત આપવા થી ગુનાહો નષ્ટ થાય છે. (ઉસુલે કાફી)

૩૯૫) તમારા માલ ની જકાત આપો જેણે પોતાના માલ ની જકાત નથી આપી તેની કોઈ નમાઝ નથી અને તેનુ કોઈ દીન નથી, રોજો નથી અને હજ પણ કબુલ નથી અને તેની જેહાદ પણ કબુલ થશે નહી. (રોઝતુલ વાએઝીન)

૩૯૬) જયારે જકાત રોકી લેવામાં આવશે તો જમીન પોતાની બરકતો ને રોકી લેશે. (વાફી)

૩૯૭) સદકો માગનાર હાથ મા પહોંચે તેના પહેલા અલ્લાહ ના હાથ મા પહોંચે છે. (મજાઝાતુ ન્નબવીયા)

૩૯૮) જે બંદો પોતાના માલ ની જકાત માથી ચાર જવ ની તોલ જેટલી પણ રોકી રાખશે તે મોમીન નથી. (બિહાર અલ અનવાર)

૩૯૯) સદકો બલાઓ ને દુર કરે છે ભલે પછી તે કેટલી પણ ભારે કેમ ન હોય. (બિહાર અલ અનવાર)

૪૦૦) પોતાની ધાદોલત નુ જકાત ની મદદ થી રક્ષણ કરો અને તમારા માના બિમારો નો ઈલાજ સદકા થી કરો. (ઈસ્નાઅશરી)

૪૦૧) મોમીન ના પડછાયા ને બાદ કરતાં કયામત ની જમીન આગ ની જમીન છે  કારણકે મોમીન નો સદકો તેના પર છાયો કરે છે.(વાફી)

૪૦૨) સદકો આપો કારણ કે સદકો માલ માં વધારો કરે છે. સદકો આપો કે જેથી અલ્લાહ તમારા ઉપર રહમ કરે. (વાફી)

૪૦૩) છુપી રીતે અપાયેલો સદકો પરવરદિગાર ના ગુસ્સા ની આગ ને ઓલવી નાખે છે.(વાફી)

૪૦૪) રસુલ (સ.અ.વ. ) ને પુછવામા આવ્યું,'' હે રસુલલ્લાહ   કયો સદકો અફઝલ છે ? '' આપે જવાબ મા ફરમાવ્યું,'' એવા સગાસબંધી ને સદકો આપવો જે સદકો આપનાર થી દ્વેષ રાખતો હોય.'' (વાફી)

૪૦૫) સગાસબંધી ને સદકો આપવો એક જ વખત માં સદકો પણ છે અને સીલેરહમી પણ છે. (ઈસ્નાઅશરી)

૪૦૬) સદકો આયુષ્ય માં વધારો કરે છે અને રો  લઈ ને આવે છે. અને ખરાબ મોત થી બચાવે છે અને અલ્લાહ ના ગુસ્સા ની આગ ને ઓલવી નાખે છે. (બિહાર અલ અનવાર)

૪૦૭) અલ્લાહ સદકા ની મદદ થી સિત્તેર પ્રકાર ની ખરાબ  મોત થી  રક્ષણ આપે છે.(ઈસ્નાઅશરી)

૪૦૮) વહેલી સવાર માં સદકો આપો કારણ કે બલાઓ સદકા થી આગળ વધી શકતી  નથી. (તરાએફલ હકમ)

૪૦૯) જાણી લો જે કોઈ સદકો આપી ને મૈયત ઉપર મહેરબાની કરશે તેના માટે અલ્લાહ ની પાસે ઓહદ ના પહાડ જેટલો બદલો હશે. અને તે કયામત ના દિવસે અર્શે ઈલાહી ની છાયા મા હશે, જે દિવસે અર્શે ઈલાહી સિવાય કોઈ બી  વસ્તુ નો છાંયો નહી હોય.  વિત અથવા મૃત બધા જ સદકા ની મદદ થી નજાત હાસલ કરે છે. (જામેઅ અલ અખબાર)

૪૧૦) અલ્લાહે છ બાબતો મારા માટે નાપસંદ કરી છે. મે પણ મારા પછી મારા ફરઝંદો અને ઓલિયા અલ્લાહ ના અનુયાયીઓ માટે પણ તે બાબતો ને નાપસંદ કરી છે. તેમા થી એક સદકો આપ્યા પછી સદકો લેનાર પર કરેલા ઉપકાર ની જાહેરાત કરવી તે છે. (વાફી)૪૧૧) જે  સદકો આપશે તેને તેણે આપેલા દરેક દિરહમ ના બદલામાં ઓહદ ના પહાડ જેટલી જન્નત ની નેઅમતો આપવામાં આવશે.(રોઝતુલ વાએઝીન)

૪૧૨) કોઈપણ બંદા ની સૌથી ઉત્તમ ધનદોલત તેણે એકઠા કરેલા સદકાઓ છે.(તરાએફ અલ હકમ)

૪૧૩)  તમારા માટે સદકો આપવો આવશ્યક છે કારણ કે તેની દસ ખાસિયતો છે, પાંચ દુનિયા માં અને પાંચ આખેરત મા. દુનિયા મા તેના થી તમારી હાલતો ની પવિત્રતા છે અને તમારા શરીરો ની પાકીઝગી છે તમારી માંદગી ઓ ની દવા છે, અને દિલો મા પ્રસન્નતા પેદા કરે છે, ધનદોલત માં વૃધ્ધિ કરે છે અને રો  મા બરકત આપે છે અને કયામત ના દિવસે આશરો છે હિસાબકિતાબ માં સૌમ્યતા નુ કારણ છે, ત્રાજવામા સવાબ નુ પલડું ભારે રાખશે. અને પુલે સિરાત પસાર કરવામાં સહેલાઈ અને જન્નતમાં ઉચ્ચ દરજા મળવાનુ કારણ બનશે.(ઈસ્નાઅશરી)

## <u>(૨૭) હજ વિષે :–</u>

અને લોકો ઉપર વા બ છે ફકત અલ્લાહ માટે કાબા નુ હજ કરે, જે લોકો પાસે ત્યાં પહોંચવાની શકિત હોય. અને શકિત હોવા છતાં જેણે હજ ન કરી તો તે યાદ રાખે કે અલ્લાહ આખી દુનિયા થી બેપરવાહ છે. (આલે ઈમરાન ૯૧ ૯૨)

૪૧૪) હજ નો સવાબ જન્નત છે અને ઉમરા દરેક ગુનાહ નો કુફફારો છે. (વાફી)

૪૧૫) એક કબુલ થયેલી હજ વીસ નફીલ નમાજો થી અફઝલ છે. જે કાબા ની આસપાસ તવાફ કરે તેણે સાત વખત તવાફ કરવા જોઈએ અને સારી રીતે બેરકાત નમાઝ અદા કરવી જોઈએ કે જેથી અલ્લાહ તેની મગફેરત કરશે. (ઉૈસુલે કાફી)

૪૧૬) જે હજ વા બ થઈ ગયા પછી તેને ટાળતો રહે ત્યાં સુધી કે તે મૃત્યુ પામે તો અલ્લાહ તેને યહુદી અથવા નસરાની તરીકે ઉઠાવશે. (બિહાર અલ અનવાર)

૪૧૭) શકિત હોવા છતાં હજ નો ત્યાગ કરે તે કાફિર છે. અલ્લાહે ફરમાવ્યું કે શકિતધરાવનાર ઉપર અલ્લાહ નો હક છે કે તે તેના ઘર ની જયારત કરુે અને જો લોકો તેમ નહી કરે તો અલ્લાહ બેપરવાહ છે. (બિહાર અલ અનવાર)

૪૧૮) હા  ઓ ના ત્રણ પ્રકાર છે સૌથી અફઝલ એ હા  છે જેના ભુતકાળ ના અને હાલ ના તમામ ગુનાહો માફ કરવામા આવ્યા હોય અને અલ્લાહે તેને જહન્નમ ની આગ થી રક્ષણ આપ્યું હોય અને તેના પછી તે હા  છે જેના ભુતકાળ ના ગુનાહો માફ થઈ ગયા હોય અને પોતાની બાકી ના  વન માટે નવેસર થી શરૂઆત કરે અને તેના પછી ના પ્રકાર ના હા  એ છે જેને ફકત દુન્યવી ફાયદો થાય. (ખિસાલ સદુક)

## (૨૮) જેહાદ વિષેઃ–

હે મુસલમાનો  તમારા પર જેહાદ ફર યાત કરવામા આવ્યું છે જોકે તે તમને અણગમતું છે અને તમે કોઈ વસ્તુ ને (જેહાદ) ના પસંદ કરો પરંતુ હકીકત માં તે તમારા માટે લાભકારી છે . (સુરએ બકર આયત ૨૧૬)

૪૧૯)  લોકો  બેશક જેહાદ જન્નત ની કિમ્મત છે. (ઈસ્નાઅશરી)

૪૨૦) દરેક નેકી થી વધી જાય એવી બી  કોઈ નેકી છે. પરંતુ જયારે એક બંદો અલ્લાહ ની રાહ મા માર્યો જાય છે તો તેના થી વધી ને કોઈ બી  નેકી નથી (ખિસાલ સદુક)

૪૨૧) જન્નત મા એક દરવાજો છે જેને મુજાહિદો નો દરવાજો કહેવામા આવે છે જયારે આ દરવાજો ખુલ શે તો મુજાહિદો તલવારો સાથે તે દરવાજા થી દાખલ થશે જયારે બાકી ના લોકો હિસાબકિતાબ આપતા હશે. અને ફરિશ્તાઓ મુજાહિદો નુ સ્વાગત કરશે. જે લોકો જેહાદ નો ત્યાગ કરશે અલ્લાહ તેને અપમાનિત કરશે અને તેઓ ને મોહતાજ કરશે અને ગુમરાહી મા ધકેલ શે કારણકે અલ્લાહે મારી ઉમ્મત

ને નેજા ની અણીઓ થી અને ઘોડાની ટાપો ના અવાજ થી વિજયી બનાવ્યા છે. (આમાલી અલ સદુક)

૪૨૨) તલવાર અને તલવાર ની છાયા માં ભલાઈ છે લોકો તલવાર ની મદદ થી જ અસ્તિત્વજાળવી શકે છે અને તલવાર મા જ જન્નત અને જહન્નમ ની ચાવી ઓ છે. (સફીનતુલ બહાર )

૪૨૩) મુજાહિદોના ઘોડાઓ જ જન્નતના ઘોડાઓ હશે. (રોઝતુલ વાએઝીન)

૪૨૪) જે બંદો કોઈ મુજાહિદ નો પત્ર પહોંચાડે તો તેણે એક ગુલામ આઝાદ કર્યો તેટલો સવાબ તેને મળશે અને તેની જેહાદ ના સવાબ મા પણ તે ભાગીદાર બનશે. (આમાલી અલ સદુક)

૪૨૫) જેહાદ કરો કે જેથી તમારી ઓલાદ ને સારો વારસો આપી શકો. (ઈસ્નાઅશરી)

૪૨૬) અલ્લાહ ને તે લોહી નુ ટીપું ઘણુ પ્રિય છે જે તેની રાહ મા ઘાયલ થવાથી વહયું હોય.(વાફી)

## <u>(૨૯) નેક કામ ની તાકીદ કરવી અને ખોટા કામ ની મનાઈ કરવી વિષેઃ–</u>

તમે કેટલા સારા જનસમુહ ના લોકો છો કારણકે તમે લોકો ની હિદાયત માટે પેદા કરવામા આવ્યા છો. તમે લોકો ને નેકી ઓ નો હુકમ આપો છો અને બુરાઈ ઓ ની મનાઈ કરો છો અને અલ્લાહ ઉપર ઈમાન ધરાવો છો. (આલે ઈમરાન આયત ૧૧૦)

(૪૨૭) જે નેકી નો હુકમ આપે અથવા કોઈ બુરાઈ ની મનાઈ કરે અથવા કોઈ ભલાઈ ની તરફ માર્ગદર્શન આપે અથવા નેકી ને દર્શાવે તો તે ભલાઈ મા ભાગીદાર બની જાય છે. (ખિસાલ સદુક)

૪૨૮) જે અમારા વડીલો નુ માન ન જાળવે અને અમારા બાળકો ઉપર દયા ન કરે અને નેકી ઓ નો હુકમ ન આપે અને બુરાઈઓ માટે મનાઈ ન કરે તે અમારા માથી નથી.(ઈસ્નાઅશરી)

૪૨૯) જે સમય મા મારી ઉમ્મત મા દુન્યવી કામ મહત્વના સમજવામાં આવશે તો તેમના માથી ઈસ્લામ નો ડર દુર કરવામા આવશે અને જયારે નેકીઓ ની તાકીદ અને બુરાઈયો ની મનાઈ કરવાનુ છોડી દેશે તો ગુનાહો મા તે લોકો સપડાઈ જશે. (મજમુઆ વરામ)

૪૩૦) ભલાઈ અને બુરાઈ બે અલ્લાહ ની મખલુક છે જેમને કયામત ના દિવસે લોકો ની વચ્ચે રાખવામા આવશે. નેકી પોતાના લોકો ને પારખી લેશે અને જન્નત ની તરફ લઈ જશે. જયારે બુરાઈ પોતાના લોકો ને પારખી લેશે અને તેમને જહન્નમ ની તરફ હાંકી ને લઈ જશે. (મજમુઆ વરામ)

૪૩૧) આદમ જાત ની બધી જ વાતો તેને નુકશાન કર્તા છે. પરંતુ જો તે નેકી ઓ નો હુકમ આપે, કોઈ બુરાઈ થી મનાઈ કરે અથવા અલ્લાહ નો ઝીકર કરે તો તે બાબત તેના માટે લાભકર્તા છે. (ઈસ્નાઅશરી)

## <u>(૩૦) ગુનાહ વિષે:–</u>

અને તેની હમ્દ અને સના કરતા રહો તે પોતાના બંદા ના ગુનાહો ની જાણકારી માટે પુરતો છે. (તે પોતે સમ લેશે) (સુરા ફુરકાન આયત ૫૮)

૪૩૨) ગુનાહો નુ વારંવાર આચરણ કરવાથી દિલો મરી પરવારે છે. (મજમુઆ વરામ)

૪૩૩) જે વ્યકિત હસતા હસતા ગુનાહ કરશે તે રૂદન કરતા જહન્નમ મા દાખલ થશે.(તરાએફુલ હકમ)

૪૩૪) જે માંદગી ના ડર થી ખાવા થી પરહેજ કરે છે તે જહન્નમ ની આગ થી ડરી ને ગુનાહ થી દુર કેમ નથી રહેતો (સફીનતુલ બિહાર)

૪૩૫) અલ્લાહ ફરમાવે છે હે આદમ ની ઓલાદ તમને લોકો નો ગુનાહ તમારા પોતાના ગુનાહ વિષે નિશ્ચિંત ન કરી દે અને બીજા ની નેઅમતો જોઈને તમે તમારી નેઅમતો ને તુચ્છ સમઝવા ન લાગો અને તમે લોકો ને અલ્લાહ ની રહમત થી નિરાશ ન કરો કારણકે તમે પોતે જ તેની રહમત ની આશા રાખો છો. (સફીનતુલ બિહાર)

૪૩૬) એક બંદા ને તેણે કરેલા ગુનાહો માથી એક ગુનાહ ની સજા મા આખેરત ના સો વરસ કેદ મા રાખવામા આવશે આ વખતે તે જોઈ રહયો હશે કે તેના સગાવહાલા અને બાલબચ્ચા જન્નતમા છે. (રોઝતુલ વાએઝીન)

૪૩૭) કમનસીબી ની નિશાનીઓ મા આંસુઓ નુ ન નીકળવું, દિલ ની કઠોરતા, દુન્યવી વસ્તુઓ હાસલ કરવાની તીવ્રઈચ્છા, અને ગુનાહો ને વળગી રહેવું શામેલ છે. (ઉસુલે કાફી)

૪૩૮) તમે એ ન જુઓ કે ગુનાહ કેટલો મામુલી છે પરંતુ તમે એ જુઓ કે તમે કોની નાફરમાની કરી રહયા છો (બિહાર અલ અનવાર)

૪૩૯) મોમીન નુ દિલ ગુનાહ કરતી વખતે એટલું બેચેન હોય છે જેટલું બેચેન જાળમા ફસાયેલું એક પક્ષી હોય છે. (બિહાર અલ અનવાર)

૪૪૦) મોમીન ગુનાહ ને એ રીતે જુએ છે કે જાણે તે એક શિલા ની નીચે ઉભો છે અને તે ભય અનુભવે છે કે તે શિલા તેના પર ન આવી પડે. અને કાફિર ગુનાહ એમ સમજે છે કે જાણે એક માખી તેના નાક પાસે થી પસાર થઈ ગઈ. (મજમુઆ વરામ)

૪૪૧) અલ્લાહે ફરમાવ્યું છે," હે આદમ ની ઓલાદ  તુ મારી સાથે ન્યાયપુર્ણ રીતે વર્તન કરતો નથી. હું તારા થી મોહબત રાખી ને તને નેઅમતો એનાયત કરૂં છું જયારે તુ ગુનાહો નુ આચરણ કરીને મારા થી દુશ્મનાવટ કરે છે. મારી તરફ થી તારા ઉપર ભલાઈ ઉતરે છે અને તારા તરફ થી બુરાઈ ઉપર આવે છે. તારા તરફ થી રોજ એક ફરિશ્તો અનિષ્ટ કૃત્યો ને લઈ ને આવે છે. (તરાએફ અલ હકમ)

## (૩૧) મોત વિષેઃ–

મોત ની બેહોશી ચોકકસ આવશે તો અમે બતાવી દઈશું કે આ તે જ દશા છે કે જેના થી તુ નાસતો ફરતો હતો. (સુરએ કાફ આયત ૧૯)

૪૪૨) બોધપાઠ માટે મોત કાફી છે. (ઉસુલે કાફી)

૪૪૩) જેણે આવતી કાલ ના દિવસ ને પોતાની વય નો ભાગ સમ  લીધો તેણે મોત ની સાથે ભલાઈ નથી કરી. (મજાઝાત અલ નબવીયા)

૪૪૪) જે પોતાનુ કફન તૈયાર રાખે છે તે જયારે પણ કફન પર નજર નાખે છે તો તેને સવાબ મળે છે. (આમાલી અલ સદુક)

૪૪૫) આશાઓ ફળીભુત થતા પહેલા મોત આવી જાય છે.(ઈર્શાદ અલ કુલુબ)

૪૪૬) મોજશોખ ના આનંદ ને નાબુદ કરનાર બાબતો નુ વર્ણન વધારે મા વધારે કરો. (ઈસ્નાઅશરી)

૪૪૭) જો પશુઓ ને મોત ની માણસ જેટલી જ જાણકારી હોત તો તમને ભરાવદાર માસ ન મળત (મોત ના ભય થી બધાજ નબળા થઈ જાત)(મજમુઆ વરામ)

૪૪૮) મોત નો ઝીકર વધારે કરો કારણકે તેમ કરવાથી ગુનાહો નાબુદ થાય છે અને દુનિયામા પરહેજગારી અપનાવવાની પ્રેરણા મળે છે. (મજમુઆ વરામ)

૪૪૯) તમારા માથી સૌથી બુધ્ધિશાળી એ છે જે મોત નુ વર્ણન વધારે કરે છે અને તમારા માથી સૌથી વધારે સાવચેત એ છે જે તેના માટે વધારે તૈયારી કરે છે. (બિહાર અલ અનવાર)

૪૫૦) મોમીન માટે મોત અતિપ્રિય છે. (મજાઝાત અલ નબવીયા)

૪૫૧) એક જણે પુછયું," હે રસુલલ્લાહ (સ.અ.વ.) લોકો મા સૌથી વધારે પરહેજગાર કોણ છે? " આપે જવાબ મા ફરમાવ્યું," જે કબર ને ન ભુલે. દુનિયાની મોજશોખ નો ત્યાગ કરે અને જે બાકી

રહેવાનુ છે તે ને જે ફના થઈ જવાનુ છે તેના વધારે પસંદગી આપે. અને આવતી કાલ ને તેના વન નો એક ભાગ ન ગણે. અને પોતાની જાત ને કબર વાળા લોકો માથી જ ગણે. (મજમુઆ વરામ)

૪૫૨) બે બાબતો એવી છે જેને માણસ અનિચ્છનીય ગણે છે. મોત ને અનિચ્છનીય ગણે છે પરંતુ મોમીન માટે મોત દુનિયા ના ફિત્ના થી રાહત છે અને તે ધનદોલત ની તંગી ને અનિચ્છનીય સમજે છે પરંતુ ધનદોલત ની તંગી કયામત ના દિવસ ના હિસાબ ને ઓછું કરે છે. (ખિસાલ સદુક)

૪૫૩) દરેક ચાલનાર નો એક હેતુ હોય છે અને બધા લોકો નો આખરી હેતુ મોત છે. (ઈસ્નાઅશરી)

૪૫૪) આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું, બેશક તે દિલો પણ એ જ રીતે કાટ ખાઈ જાય છે જે રીતે લોખંડ કટાય છે. " આપ ને પુછવામાં આવ્યું," શું તેને કોઈ રીતે ફરી ચમકાવી શકાય છે.? "આપે ફરમાવ્યું," મોત ને યાદ કરીને અને કુરાન ની તિલાવત કરીને."(ઈસ્નાઅશરી)

૪૫૫) જે મોત ની રાહ જોતો હશે તે નેક કામો મા ઉતાવળ કરશે. (બિહાર અલ અનવાર)

૪૫૬) તમારા મૃત સગાઓ ની કબરો ની ઝયારત કરવા જાઓ અને તેમના માટે રહમત માગો અને તેમના પર સલામ મોકલો કારણકે એમ કરવા થી તમને બોધપાઠ મળે છે. (મજમુઆ વરામ)

૪૫૭) મોજશોખ ના આનંદ ને નાબુદ કરનાર મોત ને વધારે યાદ કરતા રહો કારણકે જો તમે ધનદોલત ની તંગી અનુભવતા હશો તો તે તમને સમૃધ્ધિ ની અનુભુતિ કરાવશે. (અર્થાત આ તંગી ફકત દુનિયા ના વન પુરતી જ છે.) જેને તમે સ્વેચ્છા થી કબુલ કરશો અને સવાબ ના હકદાર બનશો. તમને તમારી ધનદોલત દુશ્મન જેવી લાગશે. અને જો તમને ધનદોલત ની સમૃધ્ધિ મળેલી હોય તો મોત નો ઝીકર કરો, આમ કરવાથી તમે દાનવીર બનશો અને સવાબ હાસલ કરશો કારણકે મોત ઈચ્છાઓ ને નાબુદ કરે છે. અને દિવસે દિવસે મોત ન ક આવે છે. મોત વખતે બંદો તેણે અગાઉ મોકલેલા આમાલ જુએ છે તે નેક હોય અથવા ખોટા હોય. તે પોતાની મોહતા અને તવંગરી ને પણ જુએ છે, અને જે મુકી ને જઈ રહયો છે તેને પણ જુએ છે, અને પોતાની એ દોલત ને પણ જુએ છે જે હરામ રાહે ભેગી કરેલી છે અને જેના અધિકારો ની અદાયગી કરી નથી. (ઈર્શાદ અલ કુલુબ)

૪૫૮) જયારે તમે કોઈ જનાઝા ની પાછળ ચાલો તો તમારે તેના વિષે મનોમંથન કરવુ જોઈએ અને દિલ મા એવુ યકીન પેદા કરો કે તમારે પણ એ મરનારાઓ ભેગા થવા નુ છે.(બિહાર અલ અનવાર)

૪૫૯) ત્રણ બાબતો નુ વર્ણન વધારે કરો જે તમારા માટે તકલીફો ને આસાન કરશે. ૧) મોત ૨) કબર મા થી ઉભા થવું ૩) અને અલ્લાહ ની સમક્ષ હિસાબ માટે હાજર થવું (ઈસ્નાઅશરી)

૪૬૦) હે લોકો જાણીલો કે કબર પાંચ બાબતો વિષે વાત કરે છે કહે છે," હે આદમ ની ઓલાદ તમે મારી પીઠ પર ઘમંડપુર્વક ચાલો છો પણ આખરે તમારે મારી પીઠમા દાખલ થવાનુ છે. ૨) મારી પીઠ પર આનંદઉલ્લાસ ઉજવો છો અને મારી પીઠ મા દાખલ થઈ ને ગમગીન થઈ જશો ૩) મારી પીઠ પર ગુનાહો નુ આચરણ કરો છો મારી પીઠ મા દાખલ થઈ ને સકંજો અને અઝાબ મેળવશો. ૪) મારી પીઠ પર હસ્યા કરો છો મારી પીઠ મા દાખલ થઈ ને રડવા લાગશો ૫) મારી પીઠ પર હરામ નુ ખાઓ છો મારી પીઠ મા દાખલ થશો તો તમને વડા ખાશે. (ઈસ્નાઅશરી)

## (૩૨) ગરીબી અને અમીરી વિષે:–

હે લોકો તમે બધા અલ્લાહ ના કાયમી મોહતાજ છો અને ફકત અલ્લાહ જ બધા થી બેપરવાહ અને પ્રશંષા ને પાત્ર છે. (સુરા ફાતિર આયત ૧૫)

૪૬૧) ગરીબી બે પ્રકાર ની છે દુન્યવી ગરીબી અને આખેરત ની ગરીબી. દુન્યવી ગરીબી આખેરત માટે તવંગરી છે અને દુનિયા ની તવંગરી આખેરત માટે ગરીબી છે. અને આજ વસ્તુ વિનાશ નુ કારણ છે. (રોઝતુલ વાએઝીન)

૪૬૨) જે બંદો દરરોજ સો વખત " લાએલાહા ઈલલ્લાહ મલેકુલહકકુલ મોબીન" નુ ઝીકર કરશે તે તવંગરી હાસલ કરશે. મોહતા તેના થી દુર થશે, જહન્નમ નો દરવાજો તેના માટે બંધ થશે અને જન્નત નો દરવાજો ખુલી જશે. (તરાએફુલ હકમ)

૪૬૩) શ્રેષ્ઠ તવંગરી દિલ ની તવંગરી છે. (બિહાર અલ અનવાર)

૪૬૪)ખબરદાર મરી ગયેલા લોકો ની સોબત કરો નહી. લોકો એ પુછયું," યા રસુલલ્લાહ મરી ગયેલા લોકો કોણ છે ? " આપે ફરમાવ્યું,"એ તવંગરો જે પોતાની ધનદોલત ને કારણે અલ્લાહ ના હુકમો નુ અનાદર કરે."(મજમુઆ વરામ)

૪૬૫) જે કોઈ મોહતાજ મુસલમાન નુ માન જાળવશે તો અલ્લાહ તેના થી રા થશે.(સફીનતુલ બિહાર)

૪૬૬) જે પોતાને મોહતાજ જાહેર કરશે તે મોહતાજ જ રહેશે. (સફીનતુલ બિહાર)

(૪૬૭) અલ્લાહ મને ગરીબી નુ વન આપ, ગરીબી નુ મોત આપ, અને ગરીબો ની સાથે જ આખેરત મા રાખ. (રોઝતુલ વાએઝીન)

૪૬૮) ફકીરો અને ગરીબો માટે જન્નત ના દરવાજા ખુલ્લા છે અને દયા કરનારાઓ ઉપર અલ્લાહ ની રહમત થાય છે અને અલ્લાહ ખેરાત કરનારાઓ થી રા  થશે. (રોઝતુલ વાએઝીન)

૪૬૯) બેશક અલ્લાહે ગરીબી ને પોતાની મખલુક ની પાસે અમાનત મુકી છે તેથી જે પોતાની ગરીબી ને જાહેર નહી કરે અલ્લાહ એવા બંદા ને દિવસ ના રોજા રાખનાર અને રાત્રૈ જાગી ને ઈબાદત કરનાર જેટલો સવાબ આપશે.(ઉસુલે કાફી)

૪૭૦) જે કોઈ પણ  ગરીબ મુસલમાન નુ તેની ગરીબી ને કારણે અપમાન કરે અને તેને તુચ્છ ગણે તો તેણે અલ્લાહ ને તુચ્છ ગણ્યો એમ ગણાશે. અને એવું કરનાર વ્યકિત થી અલ્લાહ ત્યાં સુધી નારાજ રહેશે જયાં સુધી તે ગરીબ ને પોતાના થી રા  નહી કરી લે. (તરાએફુલ હકમ)

૪૭૧) રસુલ (સ.અ.વ. ) ની મજલીસ મા સહાબીઓ બેઠા હતા. તેમા એક અમીર માણસ સ્વચ્છ કપડાં પહેરી ને બેઠો હતો. એટલામા એક ગરીબ માણસ બહાર થી આવી ને તે અમીર માણસ ની ન ક બેસી ગયો. અમીર માણસ થોડો આઘો ખસી ગયો. આ જોઈ ને રસુલલ્લાહે (સ.અ.વ.) એ પુછયું," શું તમને એવો ભય લાગ્યો કે તેની ગરીબી તમને લાગી જશે? તેણે કહયું," ના." રસુલ (સ.અ.વ.) એ ફરી પુછયું," શું તને એવો ભય લાગ્યો કે તારી તવંગરી નો થોડો ભાગ તેની પાસે જતો રહેશે?" તેણે કહયું," ના "આપે (સ.અ.વ.) ફરી પુછયું," શું તને એવો ડર લાગ્યો કે તેના અડકી જવા થી તારા કપડાં મેલા થઈ જશે?" તેણે કહયું," ના " આપે (સ.અ.અ) ફરી પુછયું," તો તેં આમ શા માટે કર્યુ?" તેણે કહયું," મારી સાથે એક એવો સાથી શૈતાન છે જે ખરાબ વસ્તુ ને સારી અને સારી વસ્તુ ને ખરાબ કરી બતાવે છે અને આકારણે મે આમ કર્યુ. હું મારી આવી વર્તણુક ને કારણે મારી અડધી દોલત તેને આપું છું. રસુલ (સ.અ.વ.) એ તે ગરીબ થી પુછયું," શું તુ તેની દોલત કબુલ કરીશ? " તેણે કહયું' ના" તે વખતે તે અમીર વ્યકિતએ પુછયું," કેમ? " તેણે જવાબ આપ્યો," જે દોલતે તને અભિમાની બનાવી દીધો છે મને ભય છે કે મને પણ અભિમાની ન બનાવી નાખે. " (ઉસુલે કાફી)

૪૭૨) કોઈ ગરીબ અથવા ધનવાન એવો નથી જે કયામત ના દિવસે એવી ઈચ્છા ન રાખતો હોય કે ," મને દુનિયા મા થી એટલું આપવામાં આવ્યું હોત કે જેના થી હું  વન ગુજારી શકયો હોત "(રોઝતુલ વાએઝીન)

૪૭૩) જે ગરીબ દરેક કપરા સંજોગો મા હરામ થી બચશે અલ્લાહ તેના થી રા  રહેશે.(મજમુઆ વરામ)

## <u>(૩૩) દુનિયા અને આખેરત વિષેઃ–</u>

પરંતુ તમે લોકો તો દુન્યવી વન ને વધારે મહત્વ આપો છો પરંતુ વાસ્તવમાં આખેરત ઘણી સારી કાયમી છે.(સુરા આલા આયત ૧૬ ૧૭)

૪૭૪) તમારા માથી કોઈ તેની કલમા ની આંગળી સમુદમ્રા બોળે અને તેના પર લાગેલા પાણી ને જુએ તો આખેરત ની સરખામણી માં દુનિયા તે પાણી જેટલી જ છે.(ઈસ્નાઅશરી)

૪૭૫) દુનિયા તેનુ ઘર છે જેનુ કોઈ ઘર નથી અને તેના માટે તે જ વ્યકિત ભેગું કરે છે જેના મા બુધ્ધિ નથી. (ઉસુલે કાફી)

૪૭૬) દુનિયા હાસલ કરવા માટે આખેરત મા નુકસાન ભોગવવું પડે છે અને આખેરત ની કામયાબી માટે દુનિયા નુ નુકશાન કરવું પડે છે તેથી તમે દુનિયા નુ જ નુકશાન કરો કેમકે દુનિયા નુકસાન કરવાને પાત્ર છે. (ઉસુલે કાફી)

૪૭૭) રસુલ (સ.અ.વ.) એ એક એવા માણસ પાસે થી પસાર થયા જે સાનભાન ગુમાવી બેઠો હતો. આપ (સ.અ.વ.) એ લોકો થી પુછયું," આ કોણ છે?" લોકો એ જવાબ આપ્યો," આ એક પાગલ છે." આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું," આ પાગલ નથી પરંતુ એક દર્દી છે. (પાગલ એ છે જે આખેરત કરતા દુનિયા ને વધારે મહત્વ આપે.) (રોઝતુલ વાએઝીન)

૪૭૮) દુનિયા મોમીન માટે કેદખાનુ છે અને કાફિર માટે જન્નત છે. (બિહાર અલ અનવાર)

૪૭૯) જે બંદો આખેરત નજર સમક્ષ રાખશે અલ્લાહ તેના દિલમા તવંગરી અને બેપરવાહી નાખી દે છે અને દુનિયા પણ તેને સંપુર્ણ સન્માન સાથે નમન કરે છે (મજાઝાત અલ નબવીયા)

૪૮૦) દુનિયા ની ચાહના દુઃખ અને અફસોસ મા વધારો કરે છે. જયારે પરહેજગારી અખત્યાર કરવાથી દિલ અને શરીર ને રાહત મળે છે.(ખિસાલ સદુક)

૪૮૧) આખેરત ની ખેતી નેક અમલ છે અને દુનિયા ની ખેતી ઓલાદ અને ધનદોલત છે. (બિહાર અલ અનવાર)

૪૮૨) દુનિયા ની મોહબત દરેક ગુનાહ નુ પ્રવેશદ્વાર છે. (મજમુઆ વરામ)

૪૮૩) દુનિયા માગણી કરનાર છે અને આપનાર પણ છે દુનિયા આખેરત ની ઈચ્છા રાખનાર ની રાહ જુએ છે કે જેથી તે અહી થી પોતાની રો  સંપુર્ણરીતે હાસલ કરે અને આખેરત દુનિયા ની ચાહના રાખનાર ની રાહ જુએ છે ત્યાં સુધી કે તેને મોત આવી જાય.(મજમુઆ વરામ)

૪૮૪) અલ્લાહ ની દષ્ટિ મા જો દુનિયા ની હેસીયત માખી ની એક પાંખ જેટલી પણ હોત તો તેમાથી કાફિર કે મુનાફિક ને કોઈ વસ્તુ પણ એનાયત કરત નહી.(તુહાફ અલ ઉકુલ)

૪૮૫) જે બંદો આખેરત ના વિચારો મા રચ્યો પચ્યો રહે તો અલ્લાહ તેના દિલ ને બેપરવા કરે છે અને તેના માટે રો  ના વસીલા ઉપલબ્ધ કરે છે અને તે દુનિયા થી પોતાની રો  સંપુર્ણરીતે મેળવ્યા સિવાય જતો નથી. અને જે બંદો દુનિયા ના વિચારો મા રચ્યો પચ્યો રહે તો અલ્લાહ તેને મોહતાજ બનાવે છે અને તેના કામો ને અસ્તવ્યસ્ત કરે છે. અને દુનિયા માથી પણ તેને તેના નસીબ થી વધારે કાઈ નથી મળતું. (તુહાફ અલ ઉકુલ)

૪૮૬) મારી ઉમ્મત ના શ્રેષ્ઠ લોકો તે છે જે દુનિયા મા પરહેજગારી અખત્યાર કરે છે અને આખેરત ની ઈચ્છા રાખે છે. (ઈસ્નાઅશરી)

૪૮૭) દુનિયા થી સાવધાન રહો તે હારૂત અને મારૂત થી પણ વધારે જાદુ કરનારી છે. (મજમુઆ વરામ)

૪૮૮) અલ્લાહે દુનિયા દોસ્ત અને દુશ્મન બન્ને ને આપી છે અને આખેરત ફકત પોતાના દોસ્ત માટે જ છે. બેશક દુનિયા ની પણ ફરજન્દી હોય છે અને આખેરત ની પણ ફરજંદી હોય છે. બસ તમે આખેરત ની જ ફરજંદી અપનાવો અને દુનિયા ની ફરજંદી ન કરો કારણ કે દરેક ફરજંદ તેની માનુ અનુસરણ કરે છે. અને દુનિયા જતી રહેવાની છે અને મોઢું ફેરવનારી છે. જયારે આખેરત સારી વર્તણુક કરનારી અને આગળ વધી ને સ્વાગત કરનારી છે. અત્યારે તમે અમલ કરવાના દિવસો મા છો અને હિસાબ નથી અને ત્યાં હિસાબ ના દિવસો છે અને કોઈ અમલ નથી. (ઈરશાદ અલ કુલુબ)

૪૮૯) અલ્લાહે દુનિયા ને મુસીબતો ના ઘર તરીકે જાહેર કરી અને આખેરત ને સવાબ ના ઘર તરીકે જાહેર કરી.અને દુનિયા ની મુસીબતો ને આખેરત ના સવાબ નુ માધ્યમ બનાવી અને આખેરત ના સવાબ ને દુનિયા ની મુસીબતો નો બદલો બનાવ્યો.(ઈરશાદ અલ કુલુબ)

૪૯૦) જયારે કયામત નો દિવસ આવશે તો દુનિયા મા જે કાઈ અલ્લાહ માટે હશે તે જુદું પાડવામાં આવશે અને જે અલ્લાહ સિવાય બીજા માટે હશે તેને જહન્નમ મા મોકલવામા આવશે. (મજમુઆ વરામ)

૪૯૧) દુનિયા મા એવી રીતે રહો કે જાણે તમે એક મુસાફર છો અથવા તમે પોતાની જાત ને મૃત લોકોમાં ગણો. (બિહાર અલ અનવાર)

૪૯૨) જે દુનિયામા છે તે મહેમાન છે અને જે તેના હાથ માં છે તે તેને અસ્થાયી રીતે આપેલું છે અને મહેમાનો ને જતું રહેવું પડે છે અને ઉધાર લીધેલી વસ્તુ પાછી આપવી પડે છે. (તરાએફલ હકમ)

૪૯૩) દુનિયા એક ગરમી મા મુસાફરી કરનાર ઘોડેસવાર જેવી છે જે થોડા સમય માટે એક વૃક્ષ ની નીચે વિશ્રામ કરે અને પછી પાછો સફર ઉપર નીકળી પડે.(મજમુઆ વરામ)

૪૯૪) અલ્લાહ જયારે કોઈ બંદા ને દોસ્ત રાખે છે ત્યારે તેના માટે દુનિયા મુશકેલ બનાવે છે જેવી રીતે તમારા માથી કોઈ બિમારો ને પરહેજ કરાવે છે. (મજમુઆ વરામ)

૪૯૫) મને એ વ્યકિત પર અચરજ છે જે દુનિયા ની ચાહના રાખે છે જયારે મોત તેને શોધી રહયું છે. (ઈસ્નાઅશરીયા)

૪૯૬) તે વ્યકિત પર અચરજ છે જે કાયમી રહેનાર ઘર (આખેરત ) ની ગવાહી આપે છે અને દુનિયા માટે પ્રયત્નો કરે છે . (ઈસ્નાઅશરીયા)

૪૯૭) તમે તમારી દુનિયા માટે એવી રીતે કામ કરો જાણે તમે અહી કાયમી રહેવાના હોવ અને આખેરત માટે એવી રીતે કામ કરો જાણે આવતી કાલે જ તમારે કુચ કરવાની છે.(મજમુઆ વરામ)

૪૯૮) જેના માટે દુનિયા અને આખેરત બન્ને હાજર કરવામા આવે અને તે આખેરત નો ત્યાગ કરી દુનિયા અપનાવે તો કયામત ના દિવસે અલ્લાહ થી એવી હાલત મા મુલાકાત કરશે કે તેના નામએ આમાલ મા જહન્નમ થી બચાવનારી કોઈ નેકી નહી હોય અને જે દુનિયા નો ત્યાગ કરી આખેરત ને અપનાવશે તો અલ્લાહ તેના થી રા  થશે અને તેના ગુનાહો ને માફ કરશે. (મજમુઆ વરામ)

## <u>(૩૪) જન્નત અને જહન્નમ વિષે:–</u>

તે દિવસે અમે જહન્નમ થી પુછી શું , "શું તુ ધરાઈ ગઈ ?" અને તે કહેશે કે " શું કઈ બીજું છે? " અને જન્નત પરહેજગારો ની ન ક લાવવામા આવશે. "(સુરા કાફ આયત ૩૦ ૩૧)

૪૯૯) જન્નત અણગમતી બાબતો ની પાછળ સંતાયેલી છે અને જહન્નમ ને ઈચ્છા ઓ ના પડદા મા રાખવામા આવી છે . (મજાઝાતુન્નબવીયા)

૫૦૦) જે જન્નત માટે ઉત્સુક હશે તે નેકી ઓ કરવામા ઉતાવળ કરશે અને જે જહન્નમ ની આગ થી ડરશે તે ઈચ્છા ઓ નો ત્યાગ કરશે. (બિહાર)

૫૦૧) નાની સરખી જન્નત દુનિયા અને તેમાની બધી વસ્તુઓ થી અફઝલ છે. (જામેઅ અલ અખબાર)

૫૦૨) મે જન્નત જેવી કોઈ બી વસ્તુ જોઈ નથી જેની ઈચ્છા ધરાવનારા ઉંઘી રહયા છે અને જહન્નમ જેવી કોઈ એવી વસ્તુ જોઈ નથી જેના થી બચવાની ઈચ્છા રાખનારા ઉઘી રહયા હોય. (ઈસ્નાઅશરી)

૫૦૩) જહન્નમ ની આગ થી ડરી ને ચાલો ભલે પછી ખજુર ના નાના ટુકડા ની પણ વાત કેમ ન હોય. (મજમુઆ વરામ)

૫૦૪) જહન્નમ નો ત્યાગ કરી જન્નત ને અખત્યાર કરો અને તમારા આમાલ ને વ્યર્થ ન કરો. કારણકે તમને જહન્નમ ની આગ મા ઉંધા મોઢે નાખી દેવામા આવશે. (બિહાર અલ અનવાર)

૫૦૫) જિબ્રઈલે ફરમાવ્યું," જયાર થી જહન્નમ ને બનાવવામાં આવી છે ત્યાર થી મિકાઈલ ફરીશ્તા હસવાનુ છોડી દીધું છે" (મજમુઆ વરામ)

૫૦૬) અલ્લાહ ની કસમ જન્નત ના લોકો ની સુંદરતા મા એવી રીતે વધારો થતો જશે જેવી રીતે દુનિયા મા ઉમર વધવાની સાથે વૃધ્ધાવસ્થા અને કદરૂપાપણા મા વધારો થાય છે. (રોઝતુલ વાએઝીન)

## <u>(૩૫) ભ ઉપર કાબુ વિષેઃ–</u>

કોઈ વાત તેની ભ ઉપર નથી આવતી પરંતુ એક રક્ષા કરનાર તેની પાસે તૈયાર રહે છે. (સુરા કાફ આયત ૧૮)

૫૦૭) જેણે મૌન ધારણ કર્યુ તેને નજાત મળી. (રોઝતુલ વાએઝીન)

૫૦૮) પોતાની ભ ને કાબુ મા રાખો કારણકે આમ કરવું એવો સદકો છે જે તમે પોતાની જાત ને આપો છો. તેના પછી ફરમાવ્યું," ફકત ભ ને કાબુ મા રાખનાર જ ઈમાન ની હકીકત સુધી પહોંચી શકે છે." (ઉસુલે કાફી)

૫૦૯) માણસ જાત ના મોટા ભાગ ના ગુનાહો તેમની ભ ને કારણે છે . (મજમુઆ વરામ)

૫૧૦) જે વ્યકિત પોતાની વાણી ને પોતાના અમલ તરીકે ન ગણે તેના થી વધારે ભુલો થશે અને અઝાબ આવી પડશે. (ઉસુલે કાફી)

૫૧૧) અલ્લાહે દરેક ખરાબ બોલનાર માટે જન્નત હરામ કરી દીધી છે જે તે શું બોલી રહયો છે અને તેના વિષે લોકો શું કહે છે તેની પરવા નથી કરતો. (બિહાર અલ અનવાર)

૫૧૨) જેની વાણી થી લોકો ભય અનુભવે તેવી વ્યકિત જહન્નમી છે. (બિહાર અલ અનવાર)

૫૧૩) ખરાબ વાણી નો ત્યાગ કરો કારણકે અલ્લાહ કોઈ ખરાબ વાણી રાખનાર ને પસંદ નથી કરતો. (ખિસાલ સદુક)

૫૧૪) અલ્લાહ ની રહમત એ વ્યકિત ઉપર થાય છે જે પોતાની વાણી ને સુધારે છે.(ઈસ્ના અશરી)

૫૧૫) અલ્લાહ ની રહમત થાય એ વ્યકિત ઉપર જે જયારે બોલે છે તો લાભ મેળવે છે અને જયારે મૌન ધારણ કરે છે તો સુરક્ષિત રહે છે. (ઈસ્નાઅશરી)

૫૧૬) જેની ખરાબ વાણી ને કારણે લોકો તેની ન ક બેસવાનુ નાપસંદ કરે તે અલ્લાહ નો સૌથી ખરાબ બંદો છે. (તરાએફુલ હકમ)

૫૧૭) જે બંદો દુનિયા અને આખેરત મા સુરક્ષિત રહેવાની આશા રાખતો હોય તો તેણે પોતાની ભ ને શરીઅત ની લગામ પહેરાવી ને કેદ મા રાખવી જોઈએ અને તેને દુન્યવી અને આખેરત ના ફાયદા સિવાય કદી છુટો દોર આપવો જોઈએ નહી. (ઈર્શાદ અલ કુલુબ)

૫૧૮) અલ્લાહ ભ ને એવો અઝાબ આપશે કે તેના જેવો અઝાબ શરીર ના કોઈ ભાગ ને નહી આપે.આ જોઈ ને ભ કહેશે," હે મારા પરવરદિગાર તુ મને એવો અઝાબ કેમ આપે છે?" તેના થી કહેવામાં આવશે," તેં એક શબ્દ એવો ઉચ્ચાર્યો જે પુર્વ થી પશ્ચિમ સુધી પહોંચ્યો અને તે શબ્દ ને કારણે કોઈ મહાન વ્યકિત નુ ખુન થયું. તેની દોલત લુંટી લેવામાં આવી તેને બેઈજજત કરવામા આવ્યો. " તેથી હું મારી ઈજજત અને જલાલ ની કસમ ખાઈ ને કહું છું કે ," આવો અઝાબ કોઈ બીજા અંગ ને નહી થાય. (ઉસુલે કાફી)

૫૧૯) જો કોઈ વસ્તુ અપશુકનિયાળ છે તો તે માણસ ની ભ છે. (ઉસુલે કાફી)

૫૨૦) અશ્લીલ અને વધારે વાતો નો ત્યાગ કરો ફકત એટલી જ વાતો કરો જે તમારા માટે આવશ્યક હોય. (બિહાર અલ અનવાર)

૫૨૧) ભ ને વધારે મા વધારે લાબા સમય ની કેદ મા રાખવી જોઈએ. (બિહાર અલ અનવાર)

૫૨૨) તમારા માથી કોઈ નુ ઈમાન ત્યાં સુધી પુર્ણ નથી થઈ શકતું જયાં સુધી તે પોતાની ભ ને કાબુ મા ન રાખે.(ઈસ્નાઅશરી)

૫૨૩) જે પોતાની ભ ને કાબુ મા રાખશે અલ્લાહ તેના એબો ને ઢાંકશે. (ઈરશાદુલ કુલુબ)

## (૩૬) નફસ નો વિરોધઃ–

પરંતુ જે બંદો પોતાના પરવરદિગાર ની સામે ઉભા રહેવા મા ભય અનુભવે છે અને જે પોતાની યોગ્ય ઈચ્છાઓ ને પણ રોકી રાખે છે તો તે અવશ્ય જન્નત મા દાખલ થશે.(સુરા અલ નાઝાત આયત ૨૧,૨૨)

૫૨૪) પોતાના નફસ ના વિરોધ મા જેહાદ કરનાર મુજાહિદ છે . (મજાઝાત અલ અન્નબવીયા)

૫૨૫) જે બંદો પોતાની ઈચ્છા ઓ ને મિટાવી દે શૈતાન તેના પડછાયા થી પણ દુર ભાગે છે. (જામેઅ અલ અખબાર)

૫૨૬) તમારા દુશ્મનો માથી તમારો સૌથી મોટો દુશ્મન તમારી કામવાસના છે.(મજમુઆ વરામ)

૫૨૭) તમારી ઈચ્છા ઓ વિરૂધ્ધ જેહાદ કરો કે જેથી તમે તમારા નફસ ઉપર કાબુ મેળવી શકો.(ઈસ્નાઅશરીયા)

૫૨૮) તમારા પોતાના નફસ ની વિરૂધ્ધ જેહાદ કરો કે જેથી તમારા દિલો મા શાણપણ (હિકમત ) આવે.(ઈસ્નાઅશરીયા)

૫૨૯) જે બંદો લોકો ને દુશ્મન સમજયા વગર પોતાના નફસ ને જ દુશ્મન ગણશે તો અલ્લાહ તેને કયામત ના દિવસે શાંતિ આપશે. (રોઝતુલ વાએઝીન)

૫૩૦) જેનુ ઈલ્મ તેની ઈચ્છા ઓ ને કાબુ મા કરે તો એવું ઈલ્મ જ ફાયદાકારક છે. (રોઝતુલ વાએઝીન)

૫૩૧) શકિતશાળી એ નથી જે લોકો ઉપર શાસન કરે પરંતુ શકિતશાળી એ છે જે પોતાના નફસ ને કાબુ મા કરે. (મજમુઆ વરામ)

૫૩૨) ત્રણ બાબતો શ્રેષ્ઠ આમાલ માથી છે ૧) નફસ ની વિરૂધ્ધ જેહાદ કરવું ૨) ઈચ્છાઓ ને કાબુ મા કરવી ૩) દુનિયા ની અવગણના કરવી. (ઈસ્નાઅશરીયા)

૫૩૩) રસુલ (સ.અવ.) એ ફરમાવ્યું," તમે ધન્ય છો કે તમે નાની જેહાદ(જેહાદે અસગર) થી પાછા ફર્યા છો અને મોટી જેહાદ (જેહાદે અકબર) તરફ આગળ વધી રહયા છો'. લોકો એ પુછયું," યા રસુલલ્લાહ (સ.અ.વ.) જેહાદે અકબર શું છે? " આપે ફરમાવ્યું," પોતાના નફસ વિરૂધ્ધ જેહાદ કરવું." (મજમુઆ વરામ)

## (૩૭) તકવા (પરહેજગારી ) વિષે.:–

તેમા શંકા નથી કે અલ્લાહ ની દષ્ટિ મા તમારા બધામાં સૌથી સન્માનીય તે જ છે જે સૌથી વધારે પરહેજગાર હોય. (સુરા હજરાત આયત ૧૩)

૫૩૪) તમારા માટે પરહેજગારી આવશ્યક છે કારણકે પરહેજગારી બધી નેકીઓ મા સર્વોચ્ચ છે.(તરાએફ અલ હકમ)

૫૩૫) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," હું કુરાને કરીમ ની એક એવી આયત જાણુ છું કે જો દુનિયા ના બધા લોકો તેને લઈ લે તો બધા માટે તે પુરતી થઈ જાય. આપને પુછવામા આવ્યું," તે આયત કઈ છે ?" આપે જવાબ મા ફરમાવ્યું," જે બંદો અલ્લાહ થી પરહેજગારી અખત્યાર કરશે તો અલ્લાહ તેને હિદાયત ના રસ્તા બતાવશે અને તેને અણધારી જગ્યા મા થી રો  આપશે. (ઈરશાદ અલ કુલુબ)

૫૩૬) જે બંદો એમ ઈચ્છતો હોય કે લોકો મા તે સૌ થી વધારે લોકપ્રિય થાય તો તેણે પરહેજગારી અખત્યાર કરવી જોઈએ. (તુહાફ અલ ઉકુલ)

૫૩૭) એક વ્યવસાય નો એક ભાગીદાર તેના બીજા ભાગીદારો નુ જે રીતે નિરીક્ષણ કરે છે તેના થી વધારે ચોકસાઈ થી જે પોતાના નફસ નુ આત્મનિરીક્ષણ કરશે તેજ પરહેજગારી અખત્યાર કરી શકશે અને તેને એ પણ ખ્યાલ હોવો જોઈએ કે તેની રો  અને પોશાક હલાલ થી છે કે હરામ થી છે. (બિહાર અલ અનવાર)

૫૩૮) જન્નત મા દાખલ થનારા ઓ મા પરહેજગારો અને સારી રીતભાત ધરાવનારાઓ હશે. (ઈસ્નાઅશરીયા)

૫૩૯) જયાં સુધી  એક બંદો પરવાનગી અપાયેલી વસ્તુ ઓ નો પણ હરામ હોવાની શકયતા ની બીક થી ત્યાગ ન કરે ત્યાં સુધી તે પરહેજગારો મા નહી ગણાય.(જામેઅ અલ અખબાર)

૫૪૦) લોકો તમારો પરવરદિગાર એક છે તમારો બાપ એક છે તમે બધા એક આદમ ની ઓલાદ છો અને આદમ માટી માથી બનાવેલા છે. તમારા માથી સૌથી માનનીય તે છે જે સૌથી વધારે પરહેજગાર

હોય. આરબ અને ઈરાની ઓ ફકત પરહેજગારી ના ધોરણે જ એક બીજા થી બેહતર છે. (જામેઅ અલ અખબાર)

૫૪૧) સૌથી વધારે પરહેજગાર બંદો એ છે જે દરેક વખતે સાચી વાત કહે ભલે પછી તેના થી તેને લાભ થાય અથવા નુકશાન થાય.(રોઝતુલ વાએઝીન)

## (૩૮) ઈલ્મ વિષે:–

હે પૈગંબર તમે પુછો કે ઈલ્મ ધરાવનાર અને ઈલ્મ થી વંચિત લોકો સમાન હોઈ શકે છે? (સુરા ઝમર આયત ૯)

૫૪૨) ઈલ્મ હાસલ કરવું દરેક મુસલમાન માટે ફર યાત છે. અલ્લાહ ઈલ્મ ની તમન્ના રાખનાર ને પસંદ કરે છે (ઉસુલે કાફી)

૫૪૩) ઈલ્મ ના ખજાના છે અને પ્રશ્નો તેની ચાવી છે. તેથી તમે પુછયા કરો અલ્લાહ તમારા પર રહમત કરશે. કારણકે તેના થી ચાર માણસો ને બદલો મળે છે. પુછનાર ને, આલિમ ને, સાંભળનાર ને અને જે આ બધા ને પસંદ કરે. (સહીફતુલ રિઝા)

૫૪૪) અજ્ઞાન ઈબાદત કરનાર ની ઈબાદત થી આલિમ ની ઉંઘ બેહતર છે. (બિહાર અલ અનવાર)

૫૪૫) એક આલિમ જે બે રકાત નમાજ પઢે છે તે આબિદ ની હજાર રકાત નમાજ પઢવાથી બેહતર છે. (બિહાર અલ અનવાર)

૫૪૬) જે માણસ બીજા ને કોઈ ઈલ્મ શીખવાડે તો તેને કયામત સુધી તે ઈલ્મ ઉપર અમલ કરનાર જેટલો જ સવાબ મળશે.(ઈરશાદ અલ કુલુબ)

૫૪૭) આલિમો ના ચહેરા તરફ નજર કરવી ઈબાદત છે. (મજમુઆ વરામ)

૫૪૮) બે માણસો સિવાય કોઈ ના  વન મા ભલાઈ નથી અર્થાત એવો આલિમ જેનુ અનુસરણ કરવામા આવે અથવા તે સાંભળનાર જે સાંભળી ને તેનુ રક્ષણ કરે. (ઉસુલે કાફી)

૫૪૯) આલિમ અને શીખનાર બન્ને ભલાઈ મા શામેલ છે. (ઈસ્નાઅશરીયા)

૫૫૦) આલિમ નુ એક કલાક સુધી ઈલ્મ નો અભ્યાસ કરવો આબિદ ની સિત્તેર વર્ષ ની ઈબાદતો થી બેહતર છે. (જામેઅ અલ અખબાર)

૫૫૧) ઈલ્મ શીખનાર અલ્લાહ ની મહેરબાની થી ઢંકાયેલો હોય છે. (બિહાર અલ અનવાર)

૫૫૨) જે ઈલ્મ હાસલ કરવા ચાલી નીકળે છે તો અલ્લાહ તેને જન્નત નો હકદાર બનાવે છે અને ફરિશતાઓ ઈલ્મ શીખનાર ના પગનીચે પોતાની પાંખો પાથરે છે અને આકાશ અને જમીન મા જે કાઈ છે અને સમુદ્ર ની માછલીઓ પણ તે ઈલ્મ શીખનાર (તાલીબે ઈલ્મ ) માટે મગફેરત ની દુઆ કરે છે. આલિમ ની સરખામણીમા આબિદ પુનમ ના ચંદ્ર ની સામે એક તારા જેવો છે. આલિમો નબીઓ ના વારસ છે અને નબીયો દિરહમ અને દીનાર વારસા મા નથી મુકતા પરંતુ ઈલ્મ વારસા મા આપે છે જે તેમા થી મેળવે છે તે મોટો ફાયદો ઉઠાવે છે. (ઉસુલે કાફી)

૫૫૩) સૌથી મોટો આલિમ તે છે જે બીજા ના ઈલ્મ થી પોતાના ઈલ્મ મા વધારો કરે છે. લોકો મા સૌથી વધારે સન્માનીય તે લોકો છે જે સૌથી મોટા આલિમ છે અને લોકો મા સૌથી ઓછા માન ને પાત્ર એ લોકો છે જે ઓછા ઇલ્મ વાળા છે. (સફીનતુલ બિહાર)

૫૫૪) અલ્લાહ સમક્ષ ત્રણ જણા ની શફાઅત કબુલ થશે ૧) નબીયો ૨) આલિમો ૩) શહીદો. (ખિસાલે સદુક)

૫૫૫) મારી ઉમ્મત મા થી જે વ્યકિત મારી ચાલીસ હદીસો યાદ કરે જે તેના દીની હુકમો વિષે હોય અને તેના વડે તે અલ્લાહ ની ખુશી અને આખેરત નો ઈચ્છુક હોય તો અલ્લાહ તેને કયામત ના દિવસે આલિમ અને ફિકહ નો જાણકાર તરીકે ઉઠાવશે.(રોઝતુલ વાએઝીન)

૫૫૬) જે ઈલ્મ હાસલ કરવામાં રચ્યોપચ્યો રહેશે અલ્લાહ તેનુ કામ આસાન કરશે. (ઈસ્નાઅશરી)

૫૫૭) તમે આલિમો મા બેસી ને ઘમંડ કરવા, અજ્ઞાનીઓ સાથે વાદવિાદ કરવા, મજલીસો મા દેખાડો કરવા અને લોકો ને પ્રભાવિત કરી ને સત્તા હાસલ કરવા ઈલ્મ હાસલ ન કરો. જો તમારા માથી કોઈ આવું કરશે તો જહન્નમ નો હકદાર બનશે. અને તેનુ ઈલ્મ કયામત ના દિવસે તેના જ વિરૂધ્ધ એક દલીલ બની જશે, પરંતુ તમારે ઈલ્મ શીખવું અને શીખવાડવું જોઈએ. (ઈરશાદ અલ કુલુબ)

૫૫૮) જે ઈલ્મ વગર કોઈ કામ હાથ પર લેશે તો તેને વધારે ખરાબ કરશે. (ઉસુલે કાફી)

૫૫૯) જેના ઈલ્મ મા વધારો થાય પરંતુ તેની હિદાયત મા વધારો ન થાય તો તે અલ્લાહ થી દુર થશે. (મજમુઆ વરામ)

૫૬૦) મારી ઉમ્મત ના દરેક બુધ્ધિશાળી વ્યકિત ને ચાર વસ્તુઓ આપવામાં આવી છે. ૧) ઈલ્મ ને સાંભળવું ૨) ઈલ્મ નુ રક્ષણ કરવું ૩) તેને યોગ્ય લોકો સુધી પહોંચાડવું ૪) અને તેના પર અમલ કરવો. (તરાએફુલ હકમ)

૫૬૧) જે ઈલ્મ હાસલ કરવાની કોશીશ કરીને ઇલ્મ ને હાસલ કરીલે તો તેને બમણો સવાબ મળશે અને જે કોશીશ કરે અને હાસલ ન કરી શકે તો તેને સવાબ નો એક ભાગ મળશે. (ઈસ્નાઅશરી)

૫૬૨) જે ઈલ્મ હાસલ કરીને તેના પર અમલ નહી કરે તો અલ્લાહ કયામત ના દિવસે તેને આંધળો બનાવશે. અને જે દેખાડો કરવા અને લોકપ્રિય થવા ઈલ્મ હાસલ કરશે તો અલ્લાહ તેના થી બરકત લઈ લેશે અને તેને પૈસા ની તંગી મા નાખશે અને તેને ફકત તેના જ હવાલે કરી દેશે. અને જેને અલ્લાહે ફકત તેના જ હવાલે કર્યો તે નાશ પામ્યો. અલ્લાહે ફરમાવ્યું," જે અલ્લાહ થી મુલાકાત કરવાની ઈચ્છા રાખતો હોય તેણે નેક અમલ કરવા જોઈએ અને પોતાની ઈબાદતો મા શિર્ક ન કરે. (બિહાર અલ અનવાર)

૫૬૩) જે પોતાના ઈલ્મ અનુસાર અમલ કરે અલ્લાહ તેના થી રા  થાય. (ઈસ્નાઅશરી)

૫૬૪) જે  લોકો ને દગો કરવા ઈલ્મ હાસલ કરશે તો તેવી વ્યકિત જન્નત ની સુગંધ પણ નહી મેળવી શકે.(મજમુઆ વરામ)

૫૬૫) ઈલ્મ હાસલ કરો ભલે પછી ચીન મા પણ કેમ ન જવું પડે કારણ કે ઈલ્મ હાસલ કરવું દરેક મુસલમાન માટે ફર યાત છે. (રોઝતલ વાએઝીન)

૫૬૬) અલ્લાહ ની દષ્ટિ મા એક આલિમ હજાર શહીદો થી વધારે સન્માનીય છે કારણકે આલિમો નબીયો થી હિદાયત મેળવે છે અને શહીદો આલિમો થી હિદાયત મેળવે છે. (ઈરશાદ અલ કુલુબ)

૫૬૭) કોઈ આલિમ કદી ઈલ્મ થી ધરાતો નથી ત્યાં સુધી કે તેનુ મોત થઈ જાય. (ઈસ્નાઅશરી)

૫૬૮) જે ઈલ્મ મેળવ્યા વગર લોકો ને ફતવો આપે છે તો આકાશ અને જમીન ના ફરિશ્તા તેના પર લાનત કરે છે. (તહફુલ અકુલ)

૫૬૯) જે અલ્લાહ ની ખુશનુદી માટે લોકો ને શીખવાડવા ઈલ્મ હાસલ કરે તો અલ્લાહ તેને સિત્તેર નબીયો નો સવાબ આપશે. (રોઝતુલ વાએઝીન)

૫૭૦) જે વ્યકિત ઈલ્મ હાસલ કરવા નીકળે કે જેથી ઈલ્મ વડે કોઈ બાતિલ ની રોકથામ કરે અને તેને હક ની તરફ ફેરવી દે અથવા કોઈ ગુમરાહ ને હિદાયત ની તરફ લાવે તો તેનો આ અમલ એક આબિદ ની ચાલીસ વર્ષ ની ઈબાદત જેટલું છે (તરાએફુલ હકમ)

૫૭૧) બેશક આલિમો નબીયો ના વારસ છે. (ઈસ્નાઅશરીયા)

૫૭૨) ઈલ્મ અલ્લાહ ની જમીન પર તેની અમાનત છે અને આલિમો તેના અમાનતદાર છે. જેણે પોતાના ઈલ્મ અનુસાર અમલ કર્યો તો જાણેકે તેણે અમાનત ની અદાયગી કરી અને જેણે ઈલ્મ અનુસાર અમલ ન કર્યો તો તેણે અમાનત મા ચોરી કરી એમ ગણાશે. (બિહારૂલ અનવાર)

૫૭૩) કયામત ના દિવસે આલિમો ની શાહી નુ વજન અને શહીદો ના લોહી નુ વજન સરખાવવામા આવશે. અને આલિમો ની શાહી નુ વજન વધી જશે. (ઈરશાદ અલ કુલુબ)

૫૭૪) જેણે કોઈ આલિમ નુ અપમાન કર્યુ જાણે તેણે મારૂં અપમાન કર્યુ અને જે મારૂં અપમાન કરશે તે કાફિર છે (ઇરશાદ અલ કુલુબ)

૫૭૫) બે શક ઈલ્મ ની સાથે ઓછું અમલ પણ વધારે છે અને ઈલ્મ વગર વધારે અમલ પણ ઓછું છે. (ઇસ્નાઅશરી)

૫૭૬) મોમીને સાંભળેલું ઈલ્મ નુ એક વાકય એક વર્ષ ની ઈબાદત થી બેહતર છે. (બિહાર અલ અનવાર)

૫૭૭) જિબ્રઈલે રસુલ (સ.અ.વ.) ને કહયું," આલિમ લોકો દુનિયા અને આખેરતમા આપની ઉમ્મત ના ચિરાગ છે. તે ધન્ય છે જે તેમની મારેફત રાખે અને તેમને દોસ્ત રાખે. અને તેના માટે અફસોસ છે જે તેમની મારેફત ન રાખે અને તેમને દુશ્મન ગણે. અને અમે ફરિશતાઓ તે વાત ની સાક્ષી આપી એ છીએ કે જે આલિમો ને દુશ્મન ગણશે તે જહન્નમ મા જશે અને જે આલિમો ને દોસ્ત રાખે તે જન્નત મા જશે. (ઈરશાદ અલ કુલુબ)

૫૭૮) જે દીન નુઇલ્મ હાસલ કરતા મૃત્યુ પામે તો જન્નતમા તેના અને નબીયો વચ્ચે ફકત એક દરજા નુ અંતર હશે.(તરાએફ અલ હકમ)

૫૭૯) આલિમ જાહીલો ની વચ્ચે એવો છે કે જેવી રીત મૃત લોકો વચ્ચે કોઈ  વિત હોય. અને ઈલ્મ શીખનાર માટે દરેક વસ્તુ મગફેરત ની દુઆ કરે છે. તમે ઈલ્મ હાસલ કરો કારણકે ઈલ્મ શીખવા થી

અલ્લાહ ની નજદીકી પ્રાપ્ત થાય છે. બેશક ઈલ્મ શીખવું દરેક મુસલમાન માટે ફર યાત છે. (ઈરશાદ અલ કુલુબ)

૫૮૦) ઈલ્મ ઈબાદત થી બેહતર છે. (ઈસ્નાઅશરી)

૫૮૧) જે જહન્નમ થી આઝાદ કરાયેલા બંદા જોવા ની ઈચ્છા ધરાવતો હોય તેણે ઇલ્મ શીખનાર ને જોવા જોઈએ. (ઈરશાદ અલ કુલુબ)

**<u>(૩૯) બુધ્ધિ વિષે:–</u>**

કે જેથી જે લોકો બુધ્ધિશાળી છે બોધપાઠ ગ્રહણ કરે.(સુરા ઈબ્રાહીમ આયત ૫૨)

૫૮૨) બુધ્ધિ એ વસ્તુ છે જેના વડે જન્નત મેળવી શકાય છે અને અલ્લાહ ની ખુશનુદી હાસલ કરી શકાય છે. (બિહાર અલ અનવાર)

૫૮૩) જયારે કોઈ બંદો તમારી પાસે સમૃધ્ધ હાલત મા આવે તો તેની બુધ્ધિ ની ખુબી જુઓ કારણકે તેને તેની બુધ્ધિ અનુસાર બદલો મળ્યો છે. (ઉસુલે કાફી)

૫૮૪) બધી ભલાઈ બુધ્ધિ દ્વારા જ હાસલ કરી શકાય છે અને જેની પાસે બુધ્ધિ નથી તેનુ કોઈ દીન નથી. (તુહાફ અલ ઉકુલ)

૫૮૫) અલ્લાહે બુધ્ધિ ને ત્રણ ભાગ મા વહેંચી નાખી છે. જેના મા આ ત્રણેય બાબતો હોય તેની બુધ્ધિ સંપુર્ણ છે અને જેના મા ન હોય તેની બુધ્ધિ જ નથી. ૧) અલ્લાહ ની મારેફત ૨) અલ્લાહ ની ઈતાઅત ૩) અલ્લાહ ના હુકમો સબર કરીને બજાવી લાવે. (તુહાફ અલ ઉકુલ)

૫૮૬) બુધ્ધિ ને તમારો માર્ગદર્શક બનાવો કે જેથી તમે હિદાયત મેળવી શકો. બુધ્ધિનો વિરોધ કરશો નહી કારણકે તેમ કરવા થી તમને શરમીંદગી અને પસ્તાવા નો સામનો કરવો પડશે.(તરાએફ અલ હકમ)

૫૮૭) બુધ્ધિ થી વધી ને કોઈ દોલત લાભકારક નથી. (ઈસ્નાઅશરીયા)

૫૮૮) અલ્લાહ પર ઈમાન લાવ્યા પછી સૌથી મોટી બુધ્ધિ ની વાત લોકો ની સાથે મિત્રતા કેળવવાની છે. (ખિસાલે સદુક)

૫૮૯) જે અલ્લાહ ને એક જાણી ને તેની ઈતાઅત કરે તે બુધ્ધિશાળી છે. (રોઝતુલ વાએઝીન)

૫૯૦) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," અલ્લાહ ની ઈતાઅત કરો અને અલ્લાહ ની ઈતાઅત કરનાર બુધ્ધિશાળી છે."(રોઝતુલ વાએઝીન)

૫૯૧) અમે, નબીયો ના સમુહ, ને હુકમ આપવામા આવ્યો છે કે અમે લોકો ની સાથે તેમની બુધ્ધિ અનુસાર વાતો કરીએ. (ઉસુલે કાફી)

૫૯૨) દુનિયા, ઘમંડ ની જગ્યા, થી મોઢું ફેરવી કાયમ ના ઘર આખેરત તરફ ધ્યાન આપવામા આવે અને કબરો માટે ભાથું તૈયાર કરવામા આવે અને કયામત ના દિવસ માટે તૈયારી કરવામા આવે એજ સાચી બુધ્ધિ ની નિશાની ઓ છે. (બિહાર અલ અનવાર)

૫૯૩) જયારે તમે કોઈ માણસ ને  વધારે નમાજ પઢતા અને રોજા રાખતા જુઓ તો તેના થી પ્રભાવિત ન થઈ જાવ પરંતુ તે જુઓ કે તેની બુધ્ધિ કેવી છે.(ઉસુલે કાફી)

## <u>(૪૦) સચ્ચાઈ અને અમાનત વિષે:–</u>

અને જે લોકો પોતાની અમાનતો અને જવાબદારી નુ ભાન રાખે છે (સુરા. મોમેનુન આયત ૮)

૫૯૪) તમે કોઈ ની સચ્ચાઈ અને અમાનતદારી ને જુઓ (આમાલી અલ સદુક)

૫૯૫) તમારા માથી કયામત ના દિવસે મારી સૌથી ન ક એ જ હશે જે વાત કરવામા સાચો, અને અમાનતો ની અદાયગી કરનાર અને રીતભાત મા વધારે સારો હશે.(મજમુઆ વરામ)

૫૯૬) વિશ્વાસપાત્રતા (અમાનતદારી) તવંગરી નુ કારણ છે અને વિશ્વાસઘાત ગરીબી નુ કારણ છે. (બિહાર અલ અનવાર)

૫૯૭) જે અમાનતો મા વિશ્વાસઘાત કરે અને અને અમાનતો પાછી ન સોંપે અને મૃત્યુ પામે તો તેનુ મોત દીન પર નહી થાય અને આવી વ્યકિત ઉપર અલ્લાહ ગઝબનાક થશે. (મજમુઆ વરામ)

૫૯૮) સચ્ચાઈ મન ની શાંતિ છે અને જુઠ એ બેચેની છે. (ઈસ્નાઅશરીયા)

૫૯૯) જે અમાનત પાછી ન કરે તે અમારા માથી નથી. (સફીનતુલ બિહાર)

## <u>(૪૧) ખુશમિજા  અને વિનમ્રતા વિષે:–</u>

અને બધા મોમીનો થી તે ગરીબ હોય તો પણ હમેશા વિનમ્રતા થી મળો. (સુરા હિજર આયત ૮૮)

૬૦૦) જે અલ્લાહ ની ખાતર ખુશમિજા  અને વિનમ્રતા અપનાવે છે તે સદા રા  રહે. (રોઝતા કાફી)

૬૦૧) વિનમ્રતા એ તેના અપનાવનાર ના વંશ ની શોભા છે. (બિહાર અલ અનવાર)

૬૦૨) જયારે એક બંદો વિનમ્રતા અપનાવે છે ત્યારે અલ્લાહ તેને સાતમા આકાશ સુધી પહોંપાડે છે.(મજમુઆ વરામ)

૬૦૩) વિનમ્રતા કોઈ ના દરજા ની ઉચ્ચતા સિવાય કોઈ વસ્તુ મા વધારો કરતી નથી તેથી તમે વિનમ્રતા અપનાવો અલ્લાહ તમારા ઉપર રહમ કરશે. (મજમુઆ વરામ)

૬૦૪)  વિનમ્રતા અને ખુશમિજા  મા એ પણ શામેલ છે કે જેના પાસે થી તમે પસાર થાવ તેને સલામ કરો તથા મજલિસ મા છેલ્લે અથવા નીચે બેસો.(સફીનતુલ બિહાર)

૬૦૫) જે અલ્લાહ ની ખાતર વિનમ્રતા અપનાવે છે અલ્લાહ તેને ઉચ્ચ દરજો આપે છે અને જે ઘમંડ કરે છે અલ્લાહ તેને હલકો પાડે છે (ઈસ્નાઅશરી)

૬૦૬) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," ઈબાદત ની મીઠાશ વિનમ્રતા મા છે." (મજમુઆ વરામ)

## <u>(૪૨) વચન ના પાલન કરવા વિષેઃ–</u>

અને તમારી જવાબદારીઓ ને પુરી કરો કારણકે કયામત મા જવાબદારી ની જરૂર થી પુછપરછ થશે. (સુરા અસરા આયત ૩૪)

૬૦૭) જે બંદો અલ્લાહ અને કયામત ના દિવસ ઉપર ઈમાન ધરાવે છે તેણે પોતાના વચન નુ પાલન કરવું જોઈએ. (ઉસુલે કાફી)

૬૦૮) વચન નુ પાલન કરવું એ જ ઈમાન છે. (તહફુલ અકુલ)

૬૦૯) તમાર ભાઈ ને એવો વચન આપશો નહી જે પાછળ થી તમે ન પાળી શકો. (ઈસ્નાઅશરી)

૬૧૦) ત્રણ કામ એવા છે જે દરેક માટે ફર યાત છે ૧) વચન નુ પાલન કરવું તે મુસ્લીમ ને આપેલું હોય કે કાફિર ને આપેલું હોય. ૨) માબાપ સાથે ભલાઈ કરવી જો તે મુસ્લીમ હોય કે કાફિર હોય. ૩) અમાનત પાછી આપવી જો તે મુસ્લીમ ની હોય અથવા કાફિર ની હોય. (ઈસ્નાઅશરી)

૬૧૧) જે પોતાના વચનો નુ પાલન કરતો નથી તેનુ કોઈ દીન નથી .(સફીનતુલ બિહાર)

## (૪૩) સારી રીતભાત વિષે.:–

અને બેશક તમારી રીતભાત ઉત્તમ છે. (સુરા કલમ આયત ૪)

૬૧૨) કયામત ના દિવસે બંદા ના આમાલ મા સૌથી ઉત્તમ વસ્તુ સારી રીતભાત છે. (ઉસુલે કાફી)

૬૧૩) સારી રીતભાત ધરાવનાર નો બદલો રોજા રાખનાર અને રાત ના ઉજાગરા કરીને નમાજ પઢ નાર ના બદલા જેટલો જ છે. (ઉસુલે કાફી)

૬૧૪) મારી ઉમ્મત સૌથી વધારે જે અમલ ને લીધે જન્નતમા જશે તે પરહેજગારી અને સારી રીતભાત છે.(ઉસુલે કાફી)

૬૧૫) જો તમે તમારી ધનદોલત ને લીધે લોકો ને સહાય કરવા અસમર્થ હોવ તો તેમા કોઈ શંકા નથી કે સારી રીતભાત વડે તેમને રા  કરી શકો.(આમાલી અલ સદુક)

૬૧૬) જે લોકો ની સાથે સારી રીતભાત થી વર્તે તે સદા સુખી રહે.(રોઝા કાફી)

૬૧૭) તમારા કુટુંબી જનો, પડોશીઓ અને બીજા મળનારાઓ ની સાથે સારી રીતભાત થી વર્તણુક કરો કે જેથી અલ્લાહ ના દરબાર મા તમારા માટે ઉચ્ચ દરજા લખવામા આવે. (તહફુલ અકુલ) અ

૬૧૮) તમારા માથી જે રીતભાત મા સૌથી અફઝલ છે તે ઈમાન મા પણ સૌથી વધી ને છે. (તહફુલ અકુલ)

૬૧૯) સારી રીતભાત પ્રેમ કાયમ રાખે છે. (તહફુલ અકુલ)

૬૨૦) મોમીન ના આમાલ નુ શીર્ષક સારી રીતભાત હોય છે. (સહીફતુલ રિઝા)

૬૨૧) કયામત ના દિવસે મારી સૌથી ન ક જગ્યા મેળવનાર સારી રીતભાત ધરાવનાર અને પોતાના કુટુંબી જનો માટે ભલાઈ કરનાર વ્યકિત હશે.(સહીફતુલ રિઝા)

૬૨૨) સારી રીતભાત અડધું દીન છે. (બિસાલ સદુક)

૬૨૩) મોમીનો મા સૌથી અફઝલ તે છે જેની રીતભાત સારી છે. (મજમુઆ વરામ)

૬૨૪) કયામત ના દિવસે ત્રાજવા મા સૌથી પહેલા જે વસ્તુ મુકવામા આવશે તે સારી રીતભાત છે. (ઈસ્નાઅશરી)

૬૨૫) સારી રીતભાત ધરાવનાર નો દરજો દિવસમા રોજા રાખનાર અને રાતે ઉજાગરા કરીને નમાજ પઢનાર ના દરજા જેટલો છે. રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," બંદા ને એનાયત કરવામા આવેલી સૌથી શ્રેષ્ઠ વસ્તુ સારી રીતભાત છે. "(તહફુલ અકુલ)

૬૨૬) તમારામા થી શ્રેષ્ઠ તે લોકો છે જે સારી રીતભાત ધરાવે છે અને જે બીજા થી મોહબત રાખે છે અને બીજા તેમના થી મોહબત રાખે છે. (તહફુલ અકુલ)

૬૨૭) જો માણસ ને ખબર હોય કે સારી રીતભાત મા શું છે તો તે તેને મેળવવા તત્પર રહે કારણકે સારી રીતભાત ગુનાહો ને એવી રીતે ઓગાળી નાખે છે જેવી રીતે પાણી મીઠા ને ઓગાળી નાખે છે. (જામેઅ અલ અખબાર)

૬૨૮) ત્રાજવા મા સારી રીત ભાત થી વધારે કશું વજનદાર નથી. (રોઝતુલ વાએઝીન)

૬૨૯) બેશક અલ્લાહ બંદા ને સારી રીતભાત અપનાવવા માટે એટલો સવાબ આપે છે જેટલો તેની રાહ મા જેહાદ કરનાર ને આપે છે. (ઈરશાદુલ કુલુબ)

૬૩૦) અલ્લાહ તરફ થી જિબ્રઈલ મારી પાસે આવ્યા અને કહયું," હે મોહમ્મદ (સ.અ.વ.) તમારે સારી રીતભાત અપનાવવી જોઈઅ કારણકે તે દુનિયા અને આખેરત ની ભલાઈ નુ કારણ છે." પછી રસુલલ્લાહે ફરમાવ્યું," તમારા માથી તે બંદો મારા જેવો છે જે તમારા માથી રીતભાત મા સૌથી શ્રેષ્ઠ છે". (વસાએલ અલ શીઆહ)

૬૩૧) કોઈ બંદા ની લાયકાત તેની સારી રીતભાત છે અને તેની ખરાબ રીતભાત તેની કમનસીબી છે. (મજમુઆ વરામ)

## (૪૪) લજજા વિષે:–

એટલામા એ બે સ્ત્રીઓ મા થી એક ને જુએ છે કે તે તેમની તરફ શરમાઈ ને આવી રહી છે. (સુરા કસસ આયત ૨૫)

૬૩૨) લજજા ઈમાન નો એક ભાગ છે. (તુહાફ અલ ઉકુલ)

૬૩૩) લજજા સંપુર્ણ નેકી છે અને તેનુ પરિણામ નેકી સિવાય બીજું કશું નથી હોતું. (ઈસ્નાઅશરીયા)

૬૩૪) લજજા ઈમાન નો એક ભાગ છે જેના મા લજજા નથી તેનુ કોઈ ઈમાન નથી. (મજમુઆ વરામ)

૬૩૫) દરેક દીન ની એક નીતિ હોય છે અને ઈસ્લામ ની નીતિ લજ્જા છે.(ઈસ્નાઅશરીયા)

૬૩૬) જે લજ્જા નો ત્યાગ કરે છે તેની ગીબત ઉચિત છે (તુહાફઅલ ઉકુલ)

૬૩૭) લજ્જા ના બે પ્રકાર છે બુધ્ધિ સાથે લજ્જા અને મુર્ખતા સાથે લજ્જા. બુધ્ધિ ની લજ્જા ઈલ્મ છે અને મુર્ખતા ની શરમીંદગી અજ્ઞાનતા થી છે. (તુહાફ અલ ઉકુલ)

૬૩૮) ઈમાન અને લજ્જા એક જ દોરડા થી બંધાયેલા છે જયારે આ બન્ને માથી એક ભ્રષ્ટ થાય છે ત્યારે બીજું પણ ભ્રષ્ટ થાય છે. (મજમુઆ વરામ)

## <u>(૪૫) સગાવહાલા થી સદભાવ (સિલે રહમી) વિષેઃ–</u>

આ તે લોકો છે કે જે સબંધો જાળવી રાખવાનો અલ્લાહે હુકમ કર્યો છે તેને જાળવી રાખે છે. અને પોતાના પરવરદિગાર થી ડરે છે. અને કયામત ના દિવસ ના હિસાબ થી ભય પામે છે. (સુરા રાદ આયત ૨૧)

૬૩૯) સબંધો જાળવી રાખો ભલે પછી તે ફકત સલામ વડે પણ કેમ ન હોય.(તુહાફ અલ ઉકુલ)

૬૪૦) સગાઓ સાથે સદભાવ આયુષ્ય ને દીર્ઘ કરે છે(બિહાર અલ અનવાર)

૬૪૧) મારી ઉમ્મત ના જે લોકો અહીં હાજર છે તે જે ગેરહાજર છે તેમને અને તેમને જેઓ હજુ જન્મયા નથી અને કયામત સુધી આવનારી પેઢી ઓ ને મારી આ વસીયત પહોંચાડો કે સગાઓ સાથે સદવર્તન ને જાળવી રાખે ભલે પછી તે સગાઓ સુધી પહોંચવા નુ અંતર એક વર્ષનુ પણ કેમ ન હોય કારણ કે આમ કરવું દીન માથી જ છે. (ઉસુલે કાફી)

૬૪૨) સગાઓ સાથે સદવર્તણુક નો સવાબ ઈબાદત ના સવાબ કરતા વધારે ઝડપ થી પહોંચે છે.(ઈસ્નાઅશરી)

૬૪૩) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," જયારે એક બંદો સગાઓ સાથે સદવર્તણુક કરે છે અને તેના આયુષ્ય ના ફકત ત્રણ વર્ષ બાકી હોય છે ત્યારે અલ્લાહ તે વધારી ને તીસ વર્ષ કરી નાખે છે. અને જો કોઈ બંદો જેના આયુષ્ય ના તીસ વર્ષ બાકી હોય અને તે સગાઓ સાથે સબંધો કાપી નાખે તો અલ્લાહ તેના આયુષ્ય મા ઘટાડો કરી ને ત્રણ વર્ષ કરી નાખે છે. તે પછી આપે (સ.અ.વ.) એ આ આયત તિલાવત ફરમાવી," ઉમ્મુલ કિતાબ તેની જ પાસે છે તે જે ઈચ્છે છે તે ભુંસી નાખે છે અને જે ઈચ્છે છે તે રહેવા દે છે.(જામેઅ અલ અખબાર)

૬૪૪) જે બંદો તેના કોઈ સગા પાસે જાય અને પોતાની જાત અથવા માલ થી તેની સાથે સદવર્તન કરે તો અલ્લાહ તેને સો શહીદો નો સવાબ આપશે અને તેના દરેક પગલા ની સામે તેને ચાલીસ હજાર નેકી ઓ આપશે અને તેના ચાલીસ હજાર ગુનાહો માફ કરશે અને તેના ચાલીસ દરજા ઓ વધારશે અને તેને તે બંદા જેટલો સવાબ મળશે જેણે સો વર્ષ સુધી નિખાલસપણે અલ્લાહ ની ઈબાદત કરી હોય. (આમાલી અલ સદુક)

૬૪૫) સગાઓ સાથે સદવર્તણુક કયામત ના દિવસે થનારા હિસાબ ને આસાન કરે છે અને ખરાબ મોત થી બચાવે છે. (સફીનતુલ બિહાર)

૬૪૬) સગાઓ સાથે સદવર્તણુક જાળવી રાખો ભલે પછી પાણી ના એક ઘુંટ થી પણ કેમ ન હોય અને સૌથી ઉત્તમ સિલેરહમી તે છે કે પોતાના સગાસબંધી ઓ ની તકલીફો દુર કરો. (સફીનતુલ બિહાર)

૬૪૭) કેટલીક વખતે લોકો બદચલન અને ગુનાહગાર હોય છે અને નેક હોતા નથી. પરંતુ તેમની ધનદોલત વધે છે અને તેમના આયુષ્યમા વધારો થાય છે આ નુ કારણ એ છે કે તેઓ સગાઓ સાથે સદવર્તણુક કરતા રહે છે. જો આ લોકો નેક હોત અને સગાઓ સાથે સદવર્તણુક કરતા હોત તો કેટલું સારૂં થાત. (ઉસુલે કાફી)

૬૪૮) જે તમારા થી કપાઈ ગયો હોય તો તેની સાથે સદવર્તન કરો અને જે તમારા સાથે ખરાબ વર્તણુક રાખે તેની સાથે સદવર્તન કરો. (બિહાર અલ અનવાર)

૬૪૯) જયારે મને આકાશો ની મુસાફરી કરાવવામા આવી તો મે સિલેરહમી ને અર્શ પર જોઈ અને તેને અલ્લાહ થી ફરિયાદ કરતા જોઈ. મે તેના થી પુછયું,"તારા અને જેની તું ફરિયાદ કરે છે તેના વચ્ચે કેટલું અંતર છે.?" તેણે જવાબ આપ્યો," અમે બન્ને ચાલીસ મી પેઢી ઉપર મળી એ છીએ."(ખિસાલ સદુક)

## <u>(૪૬) સખાવત અને અલ્લાહ ની રાહ મા ખર્ચ વિષે:–</u>

જેની પાસે ક્ષમતા હોય તેણે પોતાની ક્ષમતા અનુસાર ખર્ચ કરવો જોઈએ અને જેની રો  ઓછી હોય તે જેટલું અલ્લાહે તેને આપ્યું છે તેમા થી ખર્ચ કરે.(સુરા તલાક આયત ૭)

૬૫૦) સૌથી વધારે ઉદાર એ છે જે પોતાની દોલતમા થી ઝકાત આપે છે (રોઝતુલ વાએઝીન)

૬૫૧) સખાવત જન્નત ના વૃક્ષેમા થી એક વૃક્ષ છે જે દુનિયા સુધી ફેલાયેલું છે. જે દુનિયામા તેની કોઈ ડાળી ને પકડે છે તો તે ડાળી તેને જન્નત ની તરફ ખેંચી લે છે. (મજમુઆ વરામ)

૬૫૨) જે પોતાની ફાજલ દોલત ખચ કરે અને બિનજરૂરી વાતો નો ત્યાગ કરે તે સદા રા  રહે. (તુહાફ અલ ઉકુલ)

૬૫૩) ઉદાર અલ્લાહ ની ન ક છે, લોકો ની ન ક છે, જન્નત ની ન ક છે અને જહન્નમ થી દુર છે.(ઈર્શાદ અલ કુલુબ)

૬૫૪) જન્નત સખાવત કરનારાઓ નુ ઘર છે. (ઈસ્નાઅશરીયા)

૬૫૫) સખાવત કરતા રહો બેશક અલ્લાહ દરેક સખાવત કરનાર ને પસંદ કરે છે. જો કોઈ બંદો તમારી પાસે કોઈ હાજત લઈ ને આવે તો તેને પુરી કરો કારણકે તે બંદો જો તે મદદ ને લાયક નથી તો તમે તો મદદ કરવાને લાયક છો જ. (રોઝતુલવાએઝીન)

૬૫૬) દેનાર નો હાથ લેનાર ના હાથ કરતાં બેહતર છે. (મજાઝાત અલ નબવીયા)

૬૫૭) ઉદાર વ્યકિત ના ગુનાહ ને અવગણો કારણકે જયારે પણ તેના થી કશી ચુક થાય છે તો અલ્લાહ તેનો હાથ પકડી લે છે. (મજમુઆ વરામ)

૬૫૮) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું,"જે બંદો ઉદાર છે તે ઈમાન ને અનુલક્ષી ને અફઝલ છે. "(તરાએફ અલ હકમ)

૬૫૯) ઉદાર વ્યકિત પાસે રો  એટલી સહજતા થી આવે છે જેટલી સહજતા થી ઉંટના માસમા છરી ફરે છુ.(ઈર્શાદ અલ કુલુબ)

૬૬૦) જે વ્યકિત લોકો ને ખાવા નુ આપે છે અલ્લાહ ફરિશતાઓ ની સામે તેના માટે ગર્વ કરે છે. (ઈર્શાદ અલ કુલુબ)

૬૬૧) ઉદાર વ્યકિત ને ત્યાં ખાવું દવા છે અને કંજુસ ને ત્યાં ખાવું બિમારી છે. (સફીનતુલ બિહાર)

૬૬૨) જે બંદો અલ્લાહ ની પૈસા ને લગતી ફરજો બજાવી લાવે તે સૌથી વધારે ઉદાર છે. (તરાએફ અલ હકમ)

૬૬૩) જયારે અલ્લાહે જન્નત નુ સર્જન કર્યુ તો જન્નતે પુછયું," હે અલ્લાહ તેં મારૂં સર્જન કોના માટે કર્યુ છે? " અલ્લાહે કહયું," દરેક ઉદાર, પરહેજગાર અને મુતકકી માટે. જન્નતે કહયું," હે મારા પરવરદિગાર હું રા  છું " (ઈર્શાદ અલ કુલુબ)

## (૪૭) ઈબાદત ગુજારી અને પરહેજગારી વિષેઃ–

અને આ અમે તમને એટલા માટે જણાવી દીધું છે કે કોઈ વસ્તુ જો તમારા થી છુટી જાય તો તમે તેનો અફસોસ ન કરો અને કોઈ નેઅમત જો તમને અલ્લાહ આપે તો તેના ઉપર ઘમંડ ન કરો. (સુરા હદીદ આયત ૨૩)

૬૬૪) દુનિયા મા ઈબાદત ગુજારી એ છે કે વ્યકિત પોતાની ઈચ્છાઓ ને સીમિત રાખે. (તહફુલ અકુલ)

૬૬૫) દુનિયામા ઈબાદત અને પરહેજગારી અપનાવનારા હકીકતમા અલ્લાહ ના દોસ્ત છે. (બિહાર અલ અનવાર)

૬૬૬) તમે પરહેજગારી અખત્યાર કરો કે જેથી તમે સૌથી મોટા ઈબાદતગુજાર બનો અને તમારો શ્રેષ્ઠ દીન પરહેજગારી છે. (મજમુઆ વરામ)

૬૬૭) તે વ્યકિત સૌથી મોટો ઈબાદતગુજાર છે જે હરામ કામો નો ત્યાગ કરે છે અને પરહેજગાર વ્યકિત એ છે જે હકદાર હોવા છતાં દેખાડો નથી કરતો. (રોઝતુલવાએઝીન)

૬૬૮) દુનિયામા ઈબાદત ગુજારી અપનાવવી મન અને શરીર માટે રાહતરૂપ છે. (ઈસ્નાઅશરી)

૬૬૯) જે અલ્લાહ પાસે છે તે મેળવવાની ઈચ્છા રાખો કે જેથી અલ્લાહ તમને દોસ્ત રાખે અને જે લોકો ના હાથમા છે તેના થી દુર રહો કે જેથી લોકો તમને દોસ્ત રાખે. (તરાએફુલ હકમ)

૬૭૦) પરહેજગારી એ નથી કે બંદો હલાલ અને હરામ શું છે તે જાણે પરંતુ પરહેજગારી એ છે કે જે પોતાના હાથમા છે તેના કરતાં વધારે જે અલ્લાહ ના હાથમા છે તેની વધારે આશા રાખે. (બિહાર અલ અનવાર)

૬૭૧) દુનિયામા પરહેજગારી અખત્યાર કરવા કરતાં વધારે મોટી કોઈ ઈબાદત નથી. (ઈર્શાદઅલ કુલુબ)

૬૭૨) જે દુનિયામા પરહેજગારી અપનાવે છે તેના પર દુનિયા ની તકલીફો આસાન થાય છે. (ઈસ્નાઅશરી)

૬૭૩) જયારે અલ્લાહ કોઈ ની ભલાઈ કરવાનુ ઈચ્છે છે તો તેને દીન ની સમજણ આપે છે અને તેને દુનિયામા પરહેજગારી અખત્યાર કરવાની તોફીક આપે છે અને તેને તેની જાત મા રહેલા દોષો ની જાણકારી આપે છે. (બિહાર અલ અનવાર)

## (૪૮) સંતોષ વિષેઃ–

અમે તેને જરૂર થી એવી હાલત મા વિત રાખીશું કે તેને પવિત્ર વન મળે.(સુરા નહલ આયત ૯૭)

૬૭૪) જે ઈસ્લામ કબુલ કરે અને તેની રો તેના માટે પુરતી હોય તે સદા સુખી રહે.(ઉસુલે કાફી)

૬૭૫) જે ઓછું હોય પરંતુ પુરતું હોય તે તેના કરતાં વધારે સારૂં છે જે વધારે હોય અને બંદા ને ખોટા કામ મા નાખે. અલ્લાહે મોહમ્મદ અને આલે મોહમ્મદ ને પુરતી રો આપી. (ઉસુલે કાફી)

૬૭૬) જે સંતુષ્ટ થયો કરી તે કદી મોહતાજ થયો નથી. (મજમુઆ વરામ)

૬૭૭) હે આદમ ની ઓલાદ જે તારા માટે કાફી છે એટલું તારી પાસે છે પરંતુ તુ એટલું માગે છે જે તને ગુમરાહ કરી દે. બંદો નતો ઓછા ઉપર સંતુષ્ટ થાય છે અને નતો વધારે થી ધરાય છે.(ઈસ્નાઅશરી)

૬૭૮) જેને ઈસ્લામ ની હિદાયત મળે અને તેની પાસે પુરતી દોલત હોય અને તે તેના પર સંતોષ માને તો તે હંમેશા સુખી રહે. (ઈસ્નાઅશરી)

૬૭૯) જે સંતુષ્ટ રહે છે અલ્લાહ તેને બે પરવાહ કરે છે. (મજમુઆ વરામ)

૬૮૦) સંતોષ એક એવો ખજાનો છે જે કદી ખાલી થતો નથી. (ઈરશાદુલ કુલુબ)

૬૮૧) જે અલ્લાહ તરફ થી ઓછી રો પર રા રહેશે અલ્લાહ તેના ઓછા અમલ થી પણ રા રહેશે. (તરાએફુલ હકમ)

૬૮૨) સંતોષી રહો કે જેથી સૌથી વધારે શુકરગુજાર બનો. (ઈરશાદુલ કુલુબ)

૬૮૩) મોમીનો મા સૌથી શ્રેષ્ઠ સંતુષ્ટ રહેનાર છે અને લાલચ કરનાર સૌથી ખરાબ છે. (ઈસ્નાઅશરી)

## <u>(૪૯) સબર અને સહનશીલતા વિષે:–</u>

સબર કરો બેશક અલ્લાહ સબર કરનારાઓ સાથે છે. (સુરા અનફાલ આયત ૪૬)

૬૮૪) સબ્ર નો સબંધ ઈમાન ની સાથે એવો છે જેવો માથા નો સબંધ શરીર સાથે છે. (ઉસુલે કાફી)

૬૮૫) મુશકેલીઓ ના સમયમા સબર કરવો વધારે પ્રશંષાપાત્ર છે.(ઈસ્નાઅશરી)

૬૮૬) સબ્ર ના ત્રણ પ્રકાર છે ૧) મુસીબતો વખતે સબ્ર ૨) દીન પાળવામાં પડતી તકલીફ વખતે સબ્ર અને ૩) ગુનાહો થી બચતા રહેવામાં સબ્ર. જે બંદો મુસીબતો પર સબ્ર કરે છે અને તેને સહન કરી લે છે તો અલ્લમહ તેના માટે ૩૦૦ દરજા લખી લે છે. આ દરજાઓ એવા હોય છે કે જેઓ નુ અંતર આકાશ થી જમીન જેટલું હશે. જે બંદો અલ્લાહ ની ઈતાઅત બાબત મા સબર કરશે તેના માટે ૬૦૦ દરજા લખશે અને આ દરજાઓ એક બીજા થી જમીન થી લઈ ને આકાશ સુધી હશે. (ઉસુલે કાફી)

૬૮૭) જે કોઈ મુસીબત ઉપર સબર કરશે અલ્લાહ તેને તેનો બદલો આપશે. (ઈસ્નાઅશરી)

૬૮૮) તે ગરીબો ધન્ય છે જે સબર કરે છે અને આ લોકો જમીન અને આકાશ ના ફરિશ્તાઓ ને જુએ છે. (ઉસુલે કાફી)

૬૮૯) સબ્ર અડધું ઈમાન છે અને યકીન સંપુર્ણ ઈમાન છે. (ઈસ્નાઅશરી)

૬૯૦) જયારે સબ્ર ની પરાકાષ્ઠા આવે છે ત્યારે સુખશાંતિ મળે છે  અને એટલેકે સબ્ર પછી સફળતા મળે છે. (ઈરશાદ અલ કુલુબ)

૬૯૧) મોમીન સહનશીલતા દ્વારા ઈબાદતગુજાર નો દરજો હાસલ કરે છે. (મજમુઆ વરામ)

૬૯૨) અલ્લાહે જાહેલીયત દ્વારા કોઈ ને આબરૂ આપી નથી અને સહનશીલતા ને કારણે કોઈ ને બેઆબરૂ કર્યો નથી.(ઉસુલે કાફી)

૬૯૩) અલ્લાહે કહયું, " જયારે મારો બંદો કોઈ મુસીબત પર સબ્ર કરે છે તો હું કયામત ના દિવસે તેના આમાલો ને જાહેર નહી કરૂં. (જામેઉલ અખબાર)

૬૯૪) જે બંદો મુસીબત વખતે પોતાના હાથે મારશે તો તેને મળનાર બદલો નહી મળે. (તરાએફુલ હકમ)

૬૯૫) જે બંદા ઉપર પહેલાં કોઈ મુસીબત પડી હોય અને તે બંદો જયારે તે સમય ને યાદ કરી "ઈન્ના લિલ્લાહે વ ઈન્નાએલેયહે રાજેઉન" કહે તો અલ્લાહ તેને એટલો જ બદલો આપશે જેટલો તેને મુસીબત પડી તે વખતે આપવામા આવ્યો હતો. (સફીનતુલ બિહાર)

## <u>૫૦) ગુસ્સા પર કાબુ મેળવવા વિષેઃ–</u>

અને ગુસ્સા ને કાબુ મા રાખે છે અને લોકો ની ભુલો ને માફ કરે છે. (સુરા આલે ઈમરાન આયત ૧૩૪)

૬૯૬) ગુસ્સા ને કાબુ મા રાખવું એ અલ્લાહ ને સૌથી વધારે પ્રિય છે. (મજાઝાત અલ નબુવ્વા)

૬૯૭) બે બાબતો અલ્લાહ ને સૌથી વધારે પસંદ છે ૧) કાબુમા રાખેલો ગુસ્સો ૨) મુસીબત વખતે સબ્ર.(ઉસુલે કાફી)

૬૯૮) જે બંદો પોતાના ગુસ્સા મુજબ વર્તન કરવાની ક્ષમતા ધરાવતો હોય તેમ છતાં ગુસ્સા ને કાબુ મા રાખે તો અલ્લાહ તેને જન્નતમા મનપસંદ હુર મળશે. (ઈરશાદ ઉલ કુલુબ)

૬૯૯) જે બંદો પોતાના ગુસ્સા મુજબ વર્તન કરવાની ક્ષમતા ધરાવતો હોય તેમ છતાં ગુસ્સા ને કાબુમા રાખે તો અલ્લાહ તેને સુખશાંતિ આપશે. (મજમુઆ વરામ)

૭૦૦) જે બંદો અલ્લાહ ની ખુશનુદી હાસલ કરવા ગુસ્સા ને કાબુમાં રાખે છે તો તે બંદા નુ આકામ અલ્લાહ ને સૌથી વધારે પસંદ છે. (મજમુઆ વરામ)

૭૦૧) ખરો શકિશતશાળી એ છે જે ગુસ્સા ના સમયે પોતાની જાત ઉપર કાબુ પમેળવે.(રોઝતુલ વાએઝીન)

૭૦૨) અલ્લાહ ની મોહબત તે બંદા ઉપર વા બ છે જે ગુસ્સા ના સમયે સહિષ્ણુતા થી વર્તન કરે. (ઈસ્નાઅશરી)

૭૦૩) જે બંદો પોતાના ગુસ્સા ને રોકશે તો અલ્લાહ તેના થી પોતાના અઝાબ ને રોકશે. (સફીનતુલ બિહાર)

૭૦૪) જે બંદો પોતાના ગુસ્સા ને એ સંજોગોમા કાબુમા રાખે જયારે તે ગુસ્સા મુજબ વર્તવાની ક્ષમતા પણ ધરાવતો હોય તો અલ્લાહ તેને એક શહીદ નો દરજો આપશે. (મજમુઆ વરામ)

## (૫૧) માફ કરવું અને દરગુજર કરવા વિષેઃ–

અને બુરાઈ નો બદલો તેવી જ બુરાઈ છે તેમ છતાં પણ જે બંદો માફ કરી ને સુલેહ કરે તો તેનો સવાબ અલ્લાહ ની પાસે છે. (સુરા શુરા આયત ૪૦)

૭૦૫) તમારે માટે માફ કરવું જરૂરી છે કારણકે માફ કરવાથી માફ કરનાર બંદા ની પ્રતિષ્ઠા મા વધારો થાય છે તેથી તમે માફ કરો અલ્લાહ તમને આબરૂ આપશે.(ઉસુલે કાફી)

૭૦૬) અલ્લાહે મુસા નબી ને કહયું," જે બંદો બદલો લેવા ની ક્ષમતા ધરાવતો હોય તેમ છતાં માફ કરે તો તે મને સૌથી વધારે સન્માનીય લાગે છે. "(જવાહરઉલ સમબાહ)

૭૦૭) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું,"તમારા થી સબંધો કાપી નાખનાર થી પણ સારો વ્યવહાર કરો, જે તમને વંચિત રાખે તેઓ ને આપો, તેઓ ને માફ કરો જે તમારા ઉપર જુલ્મ કરે. આ શ્રેષ્ઠ રીતભાત છે. (ઉસુલે કાફી)

૭૦૮) જે બંદો લોકો ને માફ કરે છે અલ્લાહ તેને માફ કરે છે. (ઈસ્નાઅશરીયા)

૭૦૯) દુનિયા અને આખેરતમા ત્રણ બાબતો સારી રીતભાત દર્શાવે છે. જેણે તમારા ઉપર જુલ્મ કર્યું છે તેને માફ કરો, જે તમારા થી સબંધો કાપી નાખે તેની સાથે સદવર્તન કરો અને જે તમારૂં અપમાન કરે તેની સાથે સૌમ્યતા દાખવો. (બિહાર અલ અનવાર)

૭૧૦) જયારે કયામત ના દિવસે લોકો ને ભેગા કરવામા આવશે તો એક અવાજ આપનાર પોકારશે," 'સાહબાને ફઝલ' કયાં છે? આ સાંભળી લોકો નુ એક નાનુ જુથ જન્નત ની તરફ ચાલવા માડશે. માર્ગ મા ફરિશ્તાઓ તેમના થી મુલાકાત કરશે અને પુછશે," અમે તમે લોકો ને ઘણી ઝડપ થી જન્નત તરફ જતા જોઈએ છીએ ?" તેઓ જવાબ આપશે," અમે 'સાહબાને ફઝલ ' છીએ. ફરિશતાઓ પુછશે તમારી વિશેષતા શું હતી?" તેઓ કહેશે," અમે તે લોકો છીએ કે જયારે અમારા પર જુલ્મ કરવામા આવતું તો અમે માફ કરી દેતા હતા. અને જયારે અમારૂં અપમાન કરવામા આવતું તો સૌમ્યતા દાખવતા હતા". તેજ વખતે તેમના થી કહેવામા આવશે જન્નતમા દાખલ થઈ જાઓ." (મજમુઆ વરામ)

૭૧૧) કયામત ના દિવસે એક અવાજ આપનાર પોકારશે," જેનો કોઈ બદલો અલ્લાહ પાસે લેવાનો બાકી હોય તે ઉભો થાય. " તે વખતે ક્ષમા આપનાર સિવાય બીજું કોઈ ઉભું નહી થાય. શું તમે અલ્લાહ

નુ આ ફરમાન સાંભળ્યું નથી કે જે કોઈ માફ કરે છે અને પોતાની સુધારણા કરે છે તો તેનો બદલો અલ્લાહ ની પાસે છે."(સફીનતુલ બિહાર)

## (૫૨) લોકો ની સાથે નમ્ર વહેવાર (મદારાત) કરવા વિષેઃ–

તો હે પૈગંબર આ પણ અલ્લાહ ની એક મહેરબાની છે કે તમારા જેવો માયાળુ સરદાર તેમને મળ્યો છે અને જો તમે ખરાબ સ્વભાવ ધરાવતા હોત તો આ લોકો તમારી આજુ બાજુ થી વિખેરાઈ ગયા હોત. "(સુરા આલેઈમરાન આયત ૧૫૯)

૭૧૨) મારા પરવરદિગારે જેવી રીતે મને ફરજો ની અદાયગી નો હુકમ આપ્યો છે તેવી જ રીતે લોકો થી નમ્ર વહેવાર કરવાનો પણ હુકમ આપ્યો છે.(ઉસુલે કાફી)

૭૧૩) લોકો ની સાથે નમ્ર વહેવાર કરવો એ અડધું ઈમાન છે અને તેમની સાથે સૌમ્ય રહેવુ એ અડધું વન છે.(ઉસુલે કાફી)

૭૧૪) નમ્ર વર્તણુક અને સૌમ્યતા બરકત નુ કારણ છે જયારે ખરાબ રીતભાત કમનસીબી છે. (ઈરશાદ અલ કુલુબ)

૭૧૫) મને લોકો ની સાથે નમ્ર વર્તણુક કરવાનો એવો જ હુકમ આપવામા આવ્યો છે જેવો રિસાલત ની તબલીગ નો આપવામા આવ્યો છે. (તુહાફ અલ ઉકુલ)

૭૧૬) જેની પાસે નમ્ર વર્તણુક નથી તેની પાસે કોઈ ભલાઈ નથી.(તુહાફ અલ ઉકુલ)

૭૧૭) જે વસ્તુ મા નરમાશ રાખવામા આવી છે તે તેના માટે શોભાસ્પદ છે અને જેની પાસે થી નરમાશ લઈ લેવા મા આવે છે તો તેની બદનામી થાય છે. (સફીનતુલ બિહાર)

૭૧૮) જહન્નમ ની આગ તે બંદા પર હરામ છે જે વિનમ્ર,સરળ અને લોકો માં ભળી જાય છે. (મજમુઆ વરામ)

૭૧૯) નરમાશ માં વૃધ્ધિ અને બરકત છે. અને જે નરમાશ થી વંચિત છે તે બધી ભલાઈ ઓ થી વંચિત છે. (ઉસુલે કાફી)

૭૨૦) લોકો ની સાથે સારી વર્તણુક રાખવી એ એક પ્રકાર નો સદકો છે. (રોઝતુલ વાએઝીન)

૭૨૧) નરમાશ દરેક શાણપણ (હિકમત) નુ શીર્ષક છે (ઈસ્નાઅશરીયા)

૭૨૨) વન મા વિનમ્રતા અને સૌમ્યતા અમુક વ્યવસાયો કરતાં પણ વધારે નફાકારક છે.(ઈસ્નાઅશરીયા)

૭૨૩) અલ્લાહ ઉપર ઈમાન લાવવું અને તેના બંદાઓ થી નમ્ર વહેવાર કરવા થી વધારે અલ્લાહ અને તેના રસુલ (સ.અ.વ.) ને પ્રિય બીજો કોઈ અમલ નથી.અને અલ્લાહ ની સાથે શીર્ક કરવા ના કામ થી વધારે અપ્રિય અમલ અલ્લાહ માટે બીજો કોઈ નથી.(સફીનતુલ બિહાર)

૭૨૪) જો નમ્ર વ્યવહાર જિવીત મખલુક ના સ્વરૂપ મા હોત તો તેના થી સુંદર બી  કોઈ મખલુક ન હોત. (ઉસુલે કાફી)

૭૨૫) કોઈ પણ બે સાથે બેસનાર બંદા ઓમા થી જે વધારે નમ્ર વ્યવહાર કરનાર હશે તેને અલ્લાહ તરફ થી વધારે સારો બદલો મળશે અને અલ્લાહ ને તે વધારે પસંદ હોય છે.(ઉસુલે કાફી)

૭૨૬) લોકો મા સૌથી વધારે બુધ્ધિશાળી એ છે જે લોકો ની સાથે સૌમ્યતા થી નમ્ર વ્યવહાર કરે છુ અને લોકો માં સૌથી નીચ એ છે જે લોકો ને અપમાનિત કરે છે. (સફીનતુલ બિહાર)

૭૨૭) જે મારી ઉમ્મત ની સાથે નમ્ર વ્યવહાર કરશે અલ્લાહ તેની સાથે સૌમ્ય વ્યવહાર કરશે. (ઈસ્નાઅશરીયા)

## (૫૩) સમાજમાં ભળવા વિષે:–

નિખાલસ મિત્રો પણ એ દિવસે એકબીજા ના દુશ્મન બની જશે પરંતુ પરહેજગાર લોકો ના તે મિત્રો હશે.(સુરા ઝખરફ આયત ૬૭)

૭૨૮) બંદો તેના મિત્ર ના દીન પર હોય છે (ઉસુલે કાફી)

૭૨૯) નેક સાથી એકાંત કરતાં બેહતર છે અને એકલતા ખરાબ મિત્ર કરતાં સારી છે.(મજમુઆ વરામ)

૭૩૦) મોમીન સિવાય કોઈ નો સાથ અપનાવો નહી. (મજમુઆ વરામ)

૭૩૧) ઈસા (અ.સ.) એ ફરમાવ્યું," જેને જોવાથી તમને અલ્લાહ નુ સ્મરણ થાય અને જેની વાણી થી તમારા ઈલ્મ મા વુધ્ધિ થાય અને તેનુ વ્યકિત્વ તમને આખેરત નુ સ્મરણ કરાવે તેવા બંદા ને સાથી બનાવો. (ઉસુલે કાફી)

૭૩૨) દીનદાર લોકો નો સાથ દુનિયા અને આખેરત મા પ્રતિષ્ઠા છે. (ઉસુલે કાફી)

૭૩૩) જે તમારા અધિકારો ને માન્ય ન રાખતો હોય તેનો સાથ કરવો લાભકારક નથી. (ઈસ્નાઅશરી)

૭૩૪) તમારા સાથીઓ નેક હોવા જોઈએ અને તમારા મિત્રો પરહેજગાર હોવા જોઈએ કારણકે અલ્લાહે ફરમાવ્યું છે ," કયામત ના દિવસે પરહેજગાર મિત્રો સિવાય બધાજ એક બીજા ના દુશ્મન બની જશે. (બિહાર અલ અનવાર)

૭૩૫) તમે એવા લોકો ને સાથી બનાવો જે તમને પાંચ બાબતો થી બી પાંચ બાબતો તરફ લઈ જાય ૧) શક થી યકીન તરફ ૨) ઘમંડ થી વિનમ્રતા તરફ ૩) આડંબર થી નિખાલસતા તરફ ૪) દુશ્મનાવટ થી શુભેચ્છા તરફ ૫) દુનિયા પરસ્તી થી ઈબાદત તરફ . (મજમુઆ વરામ)

૭૩૬) નબીઓ રાહબર છે અને આલિમો સરદાર છે અને તેમનો સાથ વધારે મા વધારે રાખવામા આવે કારણકે તેમ કરવાથી ઈમાન અને ઈલ્મ મા વધારો થાય છે. (ઈસ્નાઅશરી)

૭૩૭) બંદો તેના જ દીન ઉપર હોય છે જે તેનો સાથી દાર હોય છે તેથી બંદા માટે એ જરૂરી છે કે તે અલ્લાહ થી ડરે અને તે જુએ કે તે કોને સાથીદાર બનાવે છે. (તરાએફુલ હકમ)

## <u>(૫૪) નિંદા અને લોકો ના દોષો જોવા વિષેઃ–</u>

અને આપસમા એક બીજા ની પ્રવૃત્તિઓ ના નિરીક્ષણ મા ન રહયા કરો અને તમારા માથી કોઈએ પણ એક બીજા ની નિંદા કરવી જોઈએ નહી. શું તમારા માથી કોઈ એ બાબત પસંદ કરશે કે તેના મૃત ભાઈ નુ માસ ખાય. તમે તો ચોકકસ એ બાબત પ્રત્યે અણગમો દાખવશો. (સુરા હુજરાત આયત ૧૨)

૭૩૮) જેટલી ઝડપ થી રકતપિત્ત ની બિમારી દર્દી ના શરીર ને નુકશાન કરે છે તેના કરતાં વધારે ઝડપ થી નિંદા દીન ને નુકશાન કરે છે. (ઉસુલે કાફી)

૭૩૯) કયામત ના દિવસે એક બંદો એવો હશે જેણે નેકી ઓ કરી હશે પરંતુ તે નેક અમલો તેના આમાલ નામા મા લખાયેલા નહી હોય. તે કહેશે મે દુનિયામા જે નેક અમલો કર્યા હતા તે કયાં છે?" તેને કહેવામાં આવશે," તમારી લોકો ની નિંદા કરવાની ટેવ ને કારણે તે બધા નેક અમલો નાશ પામ્યા અને જેની નિંદા તમે કરતા હતા તેમની નિંદા નો બદલો બની ગયા."(ઈર્શાદઉલ કુલુબ)

૭૪૦) મુસલમાનો ની નિંદા ન કરો અને તેમની છુપા દોષો ની શોધખોળ કરો નહી.(ઈસ્નાઅશરી)

૭૪૧) જે બંદો કોઈ મુસલમાન પુરૂષ કે સ્ત્રી ની નિંદા કરશે તો અલ્લાહ તેની ચાલીસ દિવસ ની ઈબાદતો નમાઝ અને રોઝા કબુલ નહી કરે. પરંતુ તેણે જેની નિંદા કરી હતી તે માફ કરે તો ઈબાદતો કબુલ થશે. (જામેઅ અલ અખબાર)

૭૪૨) જે બંદો રમજાન માસ મા કોઈ મુસલમાન ની નિંદા કરશે તો તેને તેના રોજા નો કોઈ સવાબ નહી મળે. (જામેઅ અલ અખબાર)

૭૪૩) રોજાદાર દરેક સ્થિતિ મા ઈબાદત મા છે ભલે પછી તે ઉંઘ મા પણ કેમ ન હોય પરંતુ જયારે તે કોઈ મુસલમાન ની નિંદા કરશે તો તેની ઈબાદત નહી ગણાય. (સફીનતુલ બિહાર)

૭૪૪) જે વ્યકિત પોતાના કોઈ ભાઈ ની સામે તો તેના વખાણ કરે પરંતુ પીઠપાછળ નિંદા કરે તો તેમની વચ્ચે સુરક્ષા રહેતી નથી.(આમાલી સદુક)

૭૪૫) નિંદા અને ચાડીકરવા  નો ત્યાગ કરો કારણ કે નિંદા રોજા ને બાતિલ કરે છે અને ચાડી કરવા થી કબર નો અઝાબ નાઝીલ થાય છે. (તહફુલ અકુલ)

૭૪૬) નિંદા કરશો નહી કારણકે નિંદા વ્યભિચાર કરતાં પણ ખરાબ છે કારણ કે જે વ્યભિચાર કરીને તોબા કરી લે છે તો અલ્લાહ તેની તોબા કબુલ કરે છે પરંતુ નિંદા ત્યાં સુધી માફ થતી નથી જયાં સુધી જેની નિંદા કરવામાં આવી હોય તે માફ ન કરે.(મજમુઆ વરામ)

૭૪૭) જે બંદો પોતાના કોઈ દીની ભાઈ ની ગેરહાજરીમા તેની આબરૂ નુ રક્ષણ કરે તો અલ્લાહ તેને જહન્નમ ની આગ થી આઝાદ કરશે. (મજમુઆ વરામ)

૭૪૮) જયારે એક બંદો બીજા ના દુર્ગુણ વિષે તે વાત કહે જે તેના મા નથી તો તે એક આક્ષેપ છે.(ઈરશાદ ઉલ કુલુબ)

૭૪૯) નિંદા કરવાના ગુનાહ નો કુફફારો એ છે કે જેની નિંદા કરવામાં આવી હોય તેના માટે મગફેરત ની દુઆ કરવામાં આવે.(તરાએફુલ હકમ)

**<u>(૫૫) ગુસ્સા અને મનદુઃખ વિષેઃ–</u>**

અને જયારે ગુસ્સો આવે છે ત્યારે માફ કરી દે છે. (સુરએ શુરા આયત ૩૭)

૭૫૦) ગુસ્સો અને નારાજગી ઈમાન ને એ રીતે દુષિત કરે છે જેવી રીતે સરકો મધ ને દુષિત કરે છે. (ઉસુલે કાફી)

૭૫૧) ગુસ્સો અને નારાજગી એક આગ છે જે બંદા ના દિલ મા લાગી જાય છે શું તમે નથી જાણતા કે જયારે ગુસ્સો આવે છે તો આંખો લાલ થઈ જાય છે અને ગરદન ની નસો ફુલી જાય છે. (મજાઝાત અલ નબવીયા)

૭૫૨) જે પોતાના ગુસ્સાને કાબુમાં રાખે છે અલ્લાહ કયામત ના દિવસે તેનાથી જહન્નમનો અઝાબ દુર કરશે. (ઉસુલે કાફી)

૭૫૩) રસુલ (સ.અ.વ.) એ અલી (અ.સ.) ને વસીયત કરતાં ફરમાવ્યું,"કોઈ ના ઉપર પણ ગુસ્સો ના કરશો અને કોઈ ના પર ગુસ્સો આવી જાય તો બેસી જાઓ અને અલ્લાહ ની તેના બંદાઓ પર કુદરત વિષે વિચાર કરો અને તેના શાણપણ વિષે વિચારો અને જયારે તમને કહેવામાં આવે કે" અલ્લાહ થી ડરો " તો તમારે તરતજ ગુસ્સા નો ત્યાગ કરી શાણપણ અખત્યાર કરવું જોઈએ."(તુહાફ અલ ઉકુલ)

૭૫૪) તમારા માથી સૌથી વધારે શકિતશાળી એ છે જે ગુસ્સા ના સમયે પોતાની જાત ઉપર કાબુ રાખે છે.(તુહાફ અલ ઉકુલ)

૭૫૫) જયારે તમે નારાજ થઈ જાવ અને તમને ગુસ્સો આવે તો મૌન ધારણ કરી લો. (મજમુઆ વરામ)

## <u>(૫૬) ઈર્ષા અને દ્વેષ વિષે:–</u>

અને ઈર્ષા કરનાર ના દોષ ને કારણે તે જયારે ઈર્ષા કરે. (સુરા ફલક આયત ૫)

૭૫૬) ઈર્ષા નેક આમાલો ને એવી રીતે નષ્ટ કરી દે છે જેવી રીતે આગ લાકડા ને નષ્ટ કરે છે.(મજાઝાત અલ નબવીયા)

૭૫૭) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," અલ્લાહ ની નેઅમતો ના પણ કેટલાક દુશ્મન હોય છે." આપ (સ.અ.વ.) ને પુછવામાં આવ્યું," હે રસુલલ્લાહ નેઅમતો ના દુશ્મન કોણ છે?" આપે ફરમાવ્યું," તે એ લોકો છે જે અલ્લાહે આપેલી નેઅમતો ના કારણે નેઅમતો ધરાવનારાઓ ની ઈર્ષા કરે છે. (જામેઅ અલ અખબાર)

૭૫૮) ઈર્ષાળુ દુનિયામાં ઘણી ઓછી રાહત મેળવે છે.(રોઝતુલ વાએઝીન)

૭૫૯) સાવધાન  ઈર્ષા થી બચ્યા રહો કારણકે ઈર્ષા એ જ કાબિલ ને તેના ભાઈ હાબિલ ના કત્લ માટે ઉશ્કેર્યો હતો. (ઈરશાદ અલ કુલુબ)

૭૬૦) ઈર્ષા કરનાર અલ્લાહ ના નિર્ણય ને નકારી કાઢે છે અને માન્ય રાખતો નથી (ઈરશાદ અલ કુલુબ)

૭૬૧) અલ્લાહે મુસા ઈબ્ને ઈમરાન (અ.સ.) થી ફરમાવ્યું," હે ઈમરાન ના બેટા લોકો ને મે જે કાંઈ મારી મહેરબાની થી એનાયત કર્યુ છે તેના કારણે તેમના થી ઈર્ષા ન રાખ, અને નતો તેને યેનકેન પ્રકારે હાસલ કરવાની ઈચ્છા રાખ અને નતો તેનુ મોહ રાખ કારણકે ઈર્ષા રાખનાર મારી એનાયત કરેલી ચીજો વિષે નારાજગી રાખનાર છે આ પ્રકાર ની વ્યકિત નતો મારા થી છે અને નતો હું તેના થી છું"(ઉસુલે કાફી)

૭૬૨) હું મારી ઉમ્મત વિષે સૌથી વધારે એ વાત થી ભયભીત છું કે તેમની પાસે અઢળક ધનદોલત હોય અને તેઓ એક બીજા થી ઈર્ષા કરવા લાગે. (મજમુઆ વરામ)

૭૬૩) તમારા કાર્યો અને તમારી આવશ્યકતા ઓ પુર્ણ થાય એ માટે તે બાબતો ને ગુપ્ત રાખી ને મદદ હાસલ કરો કારણકે જેની પાસે કોઈ નેઅમત છે તેની ઈર્ષા કરવામાં આવે છે. (મજમુઆ વરામ)

## (૫૭) અભિમાન વિષે:–

શું અભિમાનીઓ નુ ઠેકાણુ જહન્નમ નથી? (સુરા ઝમર આયત ૬૦)

૭૬૪) જહન્નમ મા દાખલ થનાર લોકો માં મોટા ભાગ ના અભિમાની હશે. (મજમુઆ વરામ)

૭૬૫) જો ઘમંડ નો ત્યાગ કરવો યોગ્ય ન હોત તો અલ્લાહ મોમીન અને ગુનાહ ની વચ્ચે એકાંત રહેવા ન દેત.(તરાએફુલ હકમ)

૭૬૬) ઉચ્ચ ખાનદાન અને ઉમદા વ્યકિતત્વ માટે મિથ્યાભિમાન સંકટ ઉભું કરે છે.(ઉસુલે કાફી)

૭૬૭) જે બંદો મિથ્યાભિમાન અને ઘમંડ કરે છે તે અલ્લાહ ની સત્તા ને પડકારે છે. (આમાલી અલ સદુક)

૭૬૮) જે બંદો એ હાલત મા મરી જાય કે તેના દિલમા એક રજમાત્ર પણ ઘમંડ હશે તો તે જન્નત ની સુગંધ પણ નહી મેળવી શકે. પરંતુ જો તે મૃત્યુ પહેલાં તોબા કરશે તો તેની મગફેરત થશે. (બિહાર અલ અનવાર)

૭૬૯) અલ્લાહે દાઉદ (અ.સ.) ને કહયું," હે દાઉદ મારા ગુનાહગાર બંદાઓ ને ખુશખબરી આપો અને મારા દોસ્તો ને ચેતવણી આપો." દાઉદ (અ.સ.) એ પુછયું," હું કેવી રીતે ગુનાહગારો ને

ખુશખબરી આપું અને દોસ્તો ને ચેતવણી આપું? '' અલ્લાહે કહયું,'' મારા દોસ્તો ને ચેતવો કે તે તેમના નેક આમાલો ને કારણે ઘમંડી ન બની જાય કારણકે મેં જે બંદા નો હિસાબ કર્યો તે મારા ન્યાય ને કારણે નાશ પામ્યો અને ગુનાહગારો ને ખુશખબરી આપો કે હું તોબા કબુલ કરનાર છું અને તેમના ગુનાહો ને માફ કરીશ.(તરાએફુલ હકમ)

૭૭૦ મુસા (અ.સ.) એ ઈબ્લીસ થી પુછયુ,'' મને તે ગુનાહ વિષે જણાવ જે બંદો કરે છે તો તું ખુશ થાય છે.'' ઈબ્લીસે કહયું,'' જયારે એક બંદો ઘમંડ કરે, પોતાના નેક અમલો ને વધારે સમજે અને પોતાના ગુનાહ ને નાનો સમજે ત્યારે હું ખુશ થાઉ છું.''(ઉસુલે કાફી)

## <u>(૫૮) જુલ્મ વિષેઃ–</u>

જે દિવસે જાલીમો ને તેમની ક્ષમાયાચના કોઈ ફાયદો નહી આપે અને તેમના પર ફીટકાર પડતી હશે અને તેમના માટે ઘણુ ખરાબ ઘર જહન્નમ છે. (સુરા ગાફીર આયત પર)

૭૭૧) જુલ્મ કરવા થી ડરતા રહો કારણકે તે કયામત ના દિવસ નુ અંધારૂં છે. (ઉસુલે કાફી)

૭૭૨) જે બંદો અલ્લાહ તરફ થી મળનારી સજા થી ભય અનુભવે છે તે લોકો પર જુલ્મ કરવાનુ ટાળે છે.(ઉસુલે કાફી)

૭૭૩) અલ્લાહ કહે છે જે મારા સિવાય કોઈ મદદગાર ન ધરાવતો હોય તેના પર જુલ્મ કરનાર માટે મારો અઝાબ સખત છે. (જવાહરુલ મુન્બા)

૭૭૪) સાવધાન જુલ્મ કરવાથી બચો. કારણકે જુલ્મ તમારા દિલો ને ખરાબ કરે છે. (સહીફતુરિઝા)

૭૭૫) જે બંદો કોઈ જાલીમ નો સાથ આપે તો તે ઈમાનદાર નથી. (બિહાર અલ અનવાર)

૭૭૬) જે કોઈ જાલિમ ને કોઈ નો હક નષ્ટ કરવામા મદદરૂપ થાય તો તેવી વ્યકિત અલ્લાહ અને રસુલ તેની જવાબદારી લેતા નથી.(મજમુઆ વરામ)

૭૭૭) જેના પર જુલ્મ કરવામાં આવ્યો હોય (મઝલુમ) તેની દુઆ કબુલ થાય છે ભલે પછી તે ગુનાહગાર હોય. (ઈસ્નાઅશરી)

૭૭૮) કોઈ ગુનાહ એવો નથી જેની સજા જુલ્મ ની સજા કરતાં વધારે ઝડપ થી પહોંચતી હોય. (ઈસ્નાઅશરી)

૭૭૯) જે કોઈ જાલિમ ને જુલ્મ કરવામાં માર્ગદર્શન આપે તે જહન્નમ મા હામાન ની ન ક હશે. (સફીનતુલ બિહાર)

૭૮૦) જો એક પહાડ પણ બીજા પહાડ પર જુલ્મ કરશે તો જુલ્મ કરનાર ટુકડે ટુકડા થઈ જશે. (મજમુઆ વરામ)

૭૮૧) જે બંદો કોઈ ની ઉપર જુલ્મ કરે અને તે મરી જાય તો જુલ્મ કરનાર ની ફરજ છે તેના માટે મગફેરત ની દુઆ કરે કારણકે આ કામ તેના જુલ્મ નો કુફ્ફારો બનશે.(ઉસુલે કાફી)

**<u>(૫૯) કંજુસાઈ અને લાલચ વિષે:–</u>**

જે પોતે કંજુસાઈ કરે છે અને બીજા લોકો ને પણ કંજુસાઈ કરવાની સલાહ આપે છે અને જે આવી વાતો થી મોઢું ફેરવી લે છે તો અલ્લાહ બેપરવાહ છે તારીફ ને લાયક છે.(સુરા હદીદ આયત ૨૪)

૭૮૨) એક મુસલમાન માં આ બે ગુણો હોઈ શકતા નથી ૧) કંજુસાઈ ૨) ખરાબ રીતભાત (ખિસાલ અલ સદુક)

૭૮૩) કંજુસાઈ અને ઈમાન કોઈ એક દિલ મા એક સાથે નથી રહી શકતા. (ખિસાલ અલ સદુક)

૭૮૪) દુનિયા ની લાલચ મુનાફીકત ની નિશાની છે (ઈસ્નાઅશરી)

૭૮૫) માણસ ઘરડો થતો જાય છે તેમ તેનામા બે લક્ષણો દ્રઢ થતા જાય છે ૧) ધનદોલત ની લાલચ ૨) લાંબા આયુષ્ય ની લાલચ. (મજાઝાતુન્નબવીયા)

૭૮૬) જો માણસ પાસે સોના ના બે મેદાનો હોય તો તે ત્રીજા મેદાન ની ઈચ્છા રાખશે. માણસ નુ પેટ માટી સિવાય કોઈ બી વસ્તુ થી ભરાતું નથી અને તોબા કરનાર ની તોબા અલ્લાહ કબુલ કરે છે. (રોઝતુલ વાએઝીન)

૭૮૭) માણસ ઘરડો થતો જાય છે તેમ તેના માં બે વસ્તુઓ મજબુતાઈ થી બાકી રહે છે ૧) લાલચ ૨) ઈચ્છા. (રોઝતુલ વાએઝીન)

૭૮૮) કંજુસાઈ જહન્નમ નું એક વૃક્ષ છે અને જે કંજુસાઈ કરે છે તે તેની એક ડાળ પકડી લે છે જે તેને જહન્નમ મા પહોંચાડી દે છે. (મજમુઆ વરામ)

૭૮૯) આ ઉમ્મત નો પ્રથમ સુધારો ઈબાદતગુજારી અને યકીન ના લીધે હતો અને તેનો છેલ્લો અંતિમ નાશ કંજુસાઈ અને ઈચ્છાઓ ને લીધે હશે.(ખિસાલે સદુક)

૭૯૦) સાવધાન કંજુસાઈ થી બચો કારણકે તેણે તમારાથી પહેલાના લોકો નો વિનાશ કર્યો છે અને તેમને એ વાત માટે ઉશકેર્યા કે તેઓ ખુનામરકી કરે અને હરામ બાબતો ને હલાલ સમજે.(મજમુઆ વરામ)

૭૯૧) કંજુસ અલ્લાહ થી, લોકો થી અને જન્નત થી દુર છે અને જહન્નમ ની ન ક છે. (મજમુઆ વરામ)

૭૯૨) મોમીન ડરપોક, ઈર્ષાળુ અને કંજુસ હોઈ શકતો નથી. (ખિસાલ સદુક)

૭૯૩) બધા લોકો ની સરખામણીમા કંજુસ ને ઓછી સગવડો પ્રાપ્ત થાય છે અને સૌથી મોટો કંજુસ એ છે જે અલ્લાહે ફર યાત કરેલી જકાત, ખુમ્સ અને ખેરાત માં કંજુસાઈ કરે.(સફીનતુલ બિહાર)

૭૯૪) સાવધાન કંજુસાઈ થી બચો. કારણકે તેણે તમારા થી પહેલા ના લોકો નો વિનાશ કર્યો છે. તેણે તે લોકો ને જુઠ બોલવા નો,જુલ્મ કરવાનો અને સગાવહાલા થી સબંધો કાપવા માટે હુકમો આપ્યા અને તેમણે તેમ કર્યુ. (ખિસાલે સદુક)

૭૯૫) અલ્લાહ તે વ્યકિત ને નાપસંદ કરે છે જે વન મા કંજુસ હોય અને મર્યા પછી દાનવીર બને. (તરાએફુલ હકમ)

૭૯૬) લોકો મા સૌથી વધારે તવંગર તે છે જે ઈર્ષા નો કેદી નથી. (સફીનતુલ બિહાર)

## <u>(૬૦) આડંબર વિષેઃ–</u>

અને ફકત લોકો સામે દેખાડો કરે છે અને દિલ થી તો અલ્લાાહ ને યાદ કરતા જ નથી. (સુરા નિસા આયત ૧૨૧)

૭૯૭) અલ્લાહ એવા કોઈ અમલ ને કબુલ નહી કરે જેમા રજમાત્ર પણ આડંબર શામેલ હોય. (મજમુઆ વરામ)

૭૯૮) કયામત ના દિવસે દેખાડો કરનાર ને પોકારવામાં આવશે,' હે ગુનાહગાર (ફાસિક) હે બહાના કાઢનાર હે દેખાડો કરનાર તારો અમલ નષ્ટ થયો. તારો બદલો નાશ પામ્યો. તેથી જા અને જઈને એ લોકો થી બદલો માગ જેને દેખાડવા તુ અમલ કરતો હતો.'' (મજમુઆ વરામ)

૭૯૯) ફરિશતો ખુશ થઈ ને કોઈ બંદા ના આમાલ લઈ ને ઉપર જાય છે કારણકે તે બધાજ નેક અમલ હોય છે. પરંતુ તે અમલો ને જોઈ ને અલ્લાહ કહે છે આ આમાલો ને સ ન નામની જહન્નમ ની જગ્યામાં નાખી દો કારણકે બંદા ના તે આમાલ મારા માટે ન હતા." (ઉસુલે કાફી)

૮૦૦) આડંબર કરનાર ની ત્રણ નિશાનીઓ છે. જયારે લોકો ની સામે આમાલ કરે છે ત્યારે નિષ્ઠા થી કરે છે અને એકાંત મા નિરૂત્સાહ થઈ ને આમાલ કરે છે અને તે એમ ઈચ્છે છે તેના બધા કામો માટે તેના વખાણ થાય. " (તુહાફ અલ ઉકુલ)

૮૦૧) જે દુનિયા મા આડંબર કરીને લોકપ્રિયતા મેળવવાની આશા રાખે છે અલ્લાહ તેની નાલેશી કરશે. (મજાઝાત અલ નબવીયા)

૮૦૨) અલ્લાહ થી ડરી ને ચાલો અને આડંબર નો ત્યાગ કરો કારણકે આ શિર્ક નો એક પ્રકાર છે.(આમાલી અલ સદુક)

૮૦૩) અલ્લાહ ફરમાવે છે હું શિર્ક વિષે સૌથી વધારે બેપરવાહ છું તેથી જે કોઈ અમલ કરે અને તેમા મારા સિવાય બીજા કોઈ ને શામેલ કરે તો હું તેના થી ત્રસ્ત અને દુર થઈ જાઉ છું અને તે અમલ નો બદલો તેની પાસે છે જેને મારી સાથે શામેલ કરેલો છે. (જવાહર અલ મુનબા)

૮૦૪) દરેક વસ્તુ ની એક હકીકત હોય છે. જયાં સુધી બંદો પોતે કરેલા કામ ના વખાણો ની અપેક્ષા રાખે ત્યાં સુધી તે નિખાલસતા ની હકીકત સુધી પહોંચી શકતો નથી. (રોઝતુલ વાએઝીન)

૮૦૫) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," મને તમારા વિષે સૌથી વધારે ભય ' શિર્કે અસગર' નુ છે આપ (સ.અ.વ.) ને પુછવામાં આવ્યું," શિર્કે અસગર શું છે.?" આપે ફરમાવ્યું," આડંબર અને દેખાડો. "(સફીનતુલ બિહાર)

## <u>(૬૧) નિફાક અને દોરંગીપણુઃ–</u>

હે રસુલ મુનાફિકો ને ખુશખબરી આપી દો કે તેમના માટે અવશ્ય દર્દનાક અઝાબ છે. (સુરા નિસા આયત ૧૩૮)

૮૦૬) જેનુ અંતર તેના જાહેર કરતાં વિરોધાભાસી હોય તે મુનાફિક છે. (સફીનતુલ બિહાર)፦

૮૦૭) જે બંદો દુનિયા મા બે ભો ધરાવતો હશે અને દોરંગીપણુ ધરાવતો હશે તો તેની જહન્નમ મા પણ આગ ની બે ભો હશે. (બિહાર અલ અનવાર)

૮૦૮) કયામત ના દિવસે અલ્લાહ ની દષ્ટિ મા સૌથી દુષ્ટ એ લોકો હશે જે મુનાફિક હશે.(ખિસાલ સદુક)

૮૦૯) જે દુનિયામાં દોરંગીપણુ ધરાવતો હશે કયામત ના દિવસે તેના માટે આગ ની બે ભ્મો હશે. (ખિસાલ સદુક)

૮૧૦) ત્રણ લક્ષણો જેમા હશે તે મુનાફિક છે ભલે પછી તે નમાઝ પઢે અને રોજા રાખે અને પોતાની જાત ને મુસલમાન સમજેઃ ૧) જયારે તેની પાસે કોઈ અમાનત મુકવામા આવે તો વિશ્વાસઘાત કરે. ૨) જયારે વાત કરે તો જુઠું બોલે.૩) જયારે કોઈ ને વચન આપે તો પાળે નહી. (સફીનતુલ બિહાર)

૮૧૧) મુનાફિક ના ત્રણ લક્ષણો હોય છે તેની ભ્મ તેના દિલ ના વિરૂધ્ધ હોય છે તેની વાણી તેના કામ થી જુદી હોય અને તેનુ અંતર તેના જાહેર થી વિરોધાભાસી હોય છે. (ઈસ્નાઅશરી)

૮૧૨) મુનાફિક ખજુર ની ડાળ જેવો છે જે જો તેનો માલિક જો કોઈ ઈમારત મા વાપરવાની ઈચ્છા રાખે તો તે વાંકીચુકી હોવાને કારણે વાપરી શકાતી નથી. અને કોઈ બી જગ્યાએ પણ યોગ્યરીતે કામ આપતી નથી. આખરે કંટાળી ને તેને આગ ને હવાલે કરે છે. (ઉસુલે કાફી)

૮૧૩) જેના દિલમા જે કાઈ છે તેના લીધે તેના નેક આમાલ મા વધારો થતો નથી તેને મુનાફિક કહેવામાં આવે છે. (ઉસુલે કાફી)

૮૧૪) ચાર લક્ષણો જેના મા હોય તે મુનાફિક છે. જો કોઈ બંદા માં આ ચાર લક્ષણોમા થી એક પણ હોય તો તેનામા નિફાક નો એક ભાગ છે જયાં સુધી તે એનો ત્યાગ ન કરેઃ ૧) વાત કરે તો જુઠું બોલે ૨) વચન આપે તો પાળે નહી ૩) કરાર કરે તો કરારભંગ કરે.૪) જયારે ઝઘડો કરે તો મર્યાદા વટાવી જાય. (ખિસાલ સદુક)

## <u>(૬૨) દગો ફટકો, મિલાવટ અને છેતરપીંડી વિષેઃ–</u>

અને કાફિરોએ દગો કર્યો અને અલ્લાહે તેને નિષ્ફળ બનાવ્યો અને અલ્લાહ સૌથી વધારે યુકિતપ્રયુકિત જાણનાર અને બદલો લેનાર છે. (સુરા આલે ઈમરાન આયત ૫૨)

૮૧૫) જે કોઈ મુસલમાન થી દગો ફટકો કરે તે અમારા માથી નથી.(ઉસુલે કાફી)

૮૧૬) જે કોઈ મુસલમાન માટે મિલાવટ કરે અથવા તેને નુકશાન કરે અથવા તેની સાથે દગો કરે તો તે અમારા માથી નથી. (સહીફતુરરિઝા)

૮૧૭) જે કોઈ મુસલમાન ને કોઈ વસ્તુ વેચતી વખતે અથવા ખરીદતી વખતે મિલાવટ કરશે તો તે અમારા માથી નથી અને કયામત ના દિવસે તે યહુદીઓ ની સાથે ઉઠશે કારણકે તે લોકો મુસલમાનો માટે સૌથી વધારે મિલાવટ કરનાર છે. (આમાલી અલ સદુક)

૮૧૮) જે બંદો પોતાના કોઈ મુસલમાન ભાઈ ને નુકશાન કરવાનુ ષડયંત્ર રચે તો અલ્લાહ તેના થી ત્યાં સુધી નારાજ રહેશે જયાં સુધી તે તોબા ન કરીલે.(આમાલી અલ સદુક)

૮૧૯) સાવધાન કોઈ થી પણ દગો કરશો નહી. કારણકે અલ્લાહ ની એવી ગોઠવણ છે કે દગો તેના કરનાર તરફ જ પાછો ફરશે. (તુહાફ અલ ઉકુલ)

૮૨૦) દગો ફટકો કરનાર જહન્નમ મા છે. (ઈસ્નાઅશરીયા)

**<u>(૬૩) જુઠ વિષેઃ–</u>**

બેશક અલ્લાહ જુઠ બોલનાર અને નાશુકરી કરનાર ને ઈચ્છિત સ્થાન પર નથી પહોંચાડતો (સુરા ઝમર આયત ૩)

૮૨૧) સાવધાન કદી જુઠું બોલો નહી કારણકે જુઠ ગુનાહો તરફ બોલાવે છે અને ગુનાહો જહન્નમ તરફ બોલાવે છે (જામેઅ અલ અખબાર)

૮૨૨) જે જાણી જોઈને મારા દ્વારા જુઠ વાત બયાન કરે તો તેનુ ઠેકાણું જહન્નમ છે. (બિહાર અલ અનવાર)

૮૨૩) સાવધાન જુઠ નો ત્યાગ કરો કારણ કે તે ગુનાહો નો સાથી છે અને આ બન્ને જહન્નમ મા જશે.(મજમુઆ વરામ)

૮૨૪) જુઠ નિફાક નો દરવાજો છે. (મજમુઆ વરામ)

૮૨૫) સાવધાન જુઠું ન બોલો કારણકે જુઠ ચહેરા ને કાળું કરે છે અને અલ્લાહ ના દરબાર મા જુઠાઓ મા લખાય છે. (તહફુલ અકુલ)

૮૨૬) આ વાત મોટો વિશ્વાસઘાત છે કે તમે તમારા ભાઈ થી કોઈ જુઠી વાત કરો જેને તે સાચી માનીલે. (મજમુઆ વરામ)

૮૨૭) એક વ્યકિત જયાં સુધી જુઠ બોલશે અને જુઠ બોલનાર તરીકે જાહેર થશે તો તે અલ્લાહ ના દરબાર જુઠો તરીકે લખાઈ જશે.(મજમુઆ વરામ)

૮૨૮) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," મોમીન બીકણ હોઈ શકે છે,મોમીન કંજુસ હોઈ શકે છે પરંતુ જુઠો નથી હોઈ શકતો."(રોઝતુલ વાએઝીન)

૮૨૯) સુલેહ શાંતિ કરાવનારા ની વાત જુઠ માં શામેલ નથી. (ઉસુલે કાફી)

૮૩૦) કોઈ ના જુઠા જાહેર થવા માટે નુ સૌથી મોટું કારણ એ છે કે તે સાંભળેલી વાતો કહેતો ફરે. (ઈસ્નાઅશરીા

## <u>(૬૪) દારૂ ના વ્યસન વિષેઃ–</u>

હે મોમીનો દારૂ, જુગાર અને મુર્તિપુજા અને પાસાં ફેંકવા એ નાપાક અને ખરાબ શૈતાની કામો છે તો તમે તે કામો થી દુર રહો કે જેથી તમારી ભલાઈ થાય. (સુરા માએદા આયત ૯૦)

૮૩૧) સાવધાન દારૂ નુ સેવન ન કરો અને દરેક નશા થી દુર રહો કારણકે આ બન્ને દરેક ખરાબી ની ચાવી ઓ છે. (તહફુલ અકુલ)

૮૩૨) દારૂ પીનાર મુર્તિપુજક જેવો છે. (બિહાર અલ અનવાર)

૮૩૩) અલ્લાહ દારૂડિયા ની ઈબાદતો ચાલીસ દિવસ સુધી કબુલ કરતો નથી અને જો તે એ દરમિયાન મરી જાય તો કાફિર તરીકે ગણાશે. (બિહાર અલ અનવાર)

૮૩૪) શરાબ દરેક ખરાબીઓ નુ મુળ છે જે તેનુ સેવન કરશે અલ્લાહ ચાલીસ દિવસ સુધી તેની નમાઝ કબુલ નથી કરતો અને તે જો મરી જાય અને તેના પેટ મા શરાબ હોય તો તેનુ મોત જાહીલીયત નુ મોત ગણાશે. (મજાઝાત અલ નબવીયા)

૮૩૫) બધા એબો ને એક ઘર મા જમા કરવામા આવ્યા અને તેની ચાવી શરાબ ને ગણવામાં આવી (જામેઅ અલ અખબાર)

૮૩૬) જે એવી જગ્યા પર બેસી ને ખાય જયાં શરાબ પીરસવામાં આવતી હોય તો તે બંદા પર અલ્લાહ ની લાનત છે. (સફીનતુલ બિહાર)

૮૩૭) જે વ્યકિત અલ્લાહ અને કયામત ના દિવસ ઉપર ઈમાન રાખતો હોય તેણે જયાં શરાબ પીવામાં આવતી હોય તેવી જગ્યા ઉપર ખાવા બેસવું જોઈએ નહી. (રોઝતુલ વાએઝીન)

૮૩૮) જે વધારે પ્રમાણ મા પીવા થી નશો ચડતો હોય તેને થોડા પ્રમાણ મા પીવું પણ હરામ છે. (સફીનતુલ બિહાર)

૮૩૯) જે કોઈ નશો લાવનાર વસ્તુ પીએ તે મારા થી નથી અલ્લાહ ની કસમ તે મારી પાસે હોજે કોસર પર જયાં સુધી તોબા ન કરે ત્યાં સુધી નથી આવી શકતો. (સફીનતુલ બિહાર)

૮૪૦) જે થોડા અથવા વધારે પ્રમાણ મા નશાકારક ચીજ પીએ તો અલ્લાહ ની દષ્ટિમાં તેનો ગુનાહ વ્યાજખોર કરતાં પણ મોટો છે કારણકે નશો દરેક ખરાબી નુ મુળ છે.(બિહાર અલ અનવાર)

૮૪૧) યહુદીઓ અને ઈસાઈઓ ને તો સલામ કરો પરંતુ શરાબી ને સલામ ન કરો અને જો તે સલામ કરે તો તેને જવાબ ન આપો. (જામેઅઅલ અખબાર)

૮૪૨) શરાબી ના સાથે બેસવા કરતાં યહુદી અને ઈસાઈઓ સાથે વધારે સારૂં છે શરાબી સાથે દોસ્તી ન રાખો કારણકે શરાબી ની દોસ્તી મા પસતાવા સિવાય કાઈ જ નથી.( જામેઅ અલ અખબાર)

૮૪૩) શરાબ અને ઈમાન કોઈ વ્યકિતમાં એક સાથે નથી હોઈ શકતા (જામેઅ અલ અખબાર)

૮૪૪) અલ્લાહ શરાબી ઉપર ત્રણસો સાઠ પ્રકાર ના અઝાબ નાઝીલ કરશે. (જામેઅ અલ અખબાર)

૮૪૫) શરાબ બધા ગુનાહો નુ મિશ્રણ છે. (ઈસ્નાઅશરી)

## <u>(૬૫) વ્યભિચાર વિષે:–</u>

અને જુઓ વ્યભિચાર થી દુર રહેજો કારણકે બેશક તે એક બેશરમી નુ કામ છે અને અને ઘણુ ખરાબ ચાલચલન છે (સુરા ઈસરા આયત ૩૨)

૮૪૬) જયારે એક બંદો વ્યભિચાર નુ આચરણ કરે છે ત્યારે તે ઈમાન થી દુર થઈ જાય છે. (ઉસુલે કાફી)

૮૪૭) મોમીન કદી વ્યભિચાર કરતો નથી અને ચોરી કરતો નથી (ઉસુલે કાફી)

૮૪૮) સાવધાન  વ્યભિચાર થી બચો કારણ કે તેમા છ લક્ષણો હોય છે. ત્રણ નો સબંધ દુનિયા થી છે અને ત્રણ નો સબંધ આખેરત થી છે. દુનિયા થી સબંધ ધરાવતા લક્ષણોઃ ૧) તેના લીધે ચહેરા નુ નુર નાશ પામે છે ૨) દરિદ્રતા માં સપડાય છે ૩) આયુષ્ય ઓ છું થાય છે. અને તે ત્રણ બાબતો જે આખેરત થી સબંધ ધરાવે છે તે આ પ્રમાણે છે ૧) અલ્લાહ ની નારાજગી વહોરવી પડે છે ૨) સખત હિસાબ કિતાબ થશે ૩) જહન્નમ મા કાયમી રહેઠાણ થશે. (ખિસાલે સદુક)

૮૪૯) મારા પછી જયારે વ્યભિચાર વધી જશે તો આકસ્મિક મૃત્યુ વધારે થશે. (તહફુલ અકુલ)

૮૫૦) જયારે ધરતી ઉપર કોઈ વ્યભિચારી ના ગુસલ નુ પાણી પડે છે ત્યારે તે ઘણી જ ફરિયાદ કરે છે.(જામેઅ અલ અખબાર)

## (૬૬) વ્યાજ વિષે:–

અને અલ્લાહે વકરા ની આવક હલાલ ગણી છે અને વ્યાજ ની આવક ને હરામ ગણી છે. (સુરએ બકર આયત ૨૭૫)

૮૫૧) વ્યાજ ના ૭૦ પ્રકાર છે જેમા સૌથી હલકા પ્રકાર ના વ્યાજ રીબા નો ગુનાહ એવો છે કે જાણે એક વ્યકિત કાબામા તેની માતા સાથે વ્યભિચાર કરે.(બિહાર અલ અનવાર)

૮૫૨) વ્યાજ થી કમાયેલું એક દિરહમ અલ્લાહ ની દષ્ટિ મા મહેરમાત ની સાથે સિત્તેર વખત વ્યભિચાર કરવા જેટલો ગુનાહ છે. (બિહાર અલ અનવાર)

૮૫૩) જે વ્યાજ ની કમાણી ખાશે અલ્લાહ તેના પેટ ને આગ થી ભરી દેશે જો વ્યાજ થી કોઈ ધનદોલત કમાશે તો તેનો કોઈ અમલ કબુલ નહી કરે. અને જયાં સુધી વ્યાજ થી કમાયેલી દોલત તેની પાસે હશે તો અલ્લાહ અને તેના ફરિશતા તેના પર સતત લાનત કરશે.(જામેઅ અલ અખબાર)

૮૫૪) સૌથી ખરાબ કમાણી વ્યાજ ની કમાણી છે. (જામેઅ અલ અખબાર)

૮૫૫) અલ્લાહે વ્યાજ લેનાર અને વ્યાજ આપનાર અને તેનુ લખાણ કરનાર અને તેના સાક્ષીઓ પર લાનત કરી છે. (સફીનતુલ બહાર)

## (૬૭) હલાલ અને હરામ ની કમાણી વિષે:–

અલ્લાહે તમને જે હલાલ અને પાક રો  આપેલી છે તેને ખાવ. (સુરએ નહલ આયત ૧૧૪)

૮૫૬) જે બંદો હલાલ રો  ની તલાશ મા રાત્રે થાકયોપાકયો ઘરે આવે તો સવાર થતાં સુધી તેની મગફેરત થઈ ચુકી હશે. (આમાલી અલ સદુક)

૮૫૭) ઈબાદત સિત્તેર પ્રકાર ની હોય છે જેમાં સૌથી અફઝલ પ્રકાર હલાલ રો  ની તલાશ છે. (સફીનતુલ બિહાર)

૮૫૮) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," મે જે કામો ને હલાલ જાહેર કર્યા છે તે કયામત સુધી હલાલ છે અને જે કામો ને હરામ જાહેર કર્યા છે તે કયામત સુધી હરામ છે."(સફીનતુલ બિહાર)

૮૫૯) જે બંદો ચાલીસ દિવસ સુધી હલાલ રો  થી ખરીદેલું અન્ન ખાશે તો અલ્લાહ તેના દિલમા નુર નુ આરોપણ કરશે.(સફીનતુલ બિહાર)

૮૬૦) ઈબાદતો ના દસ પ્રકાર છે જેમા થી નવ પ્રકાર હલાલ રો  ની તલાશ મા છે. (જામેઅ અલ અખબાર)

૮૬૧) જે બંદો જાતમહેનત કરીને હલાલ રો  કમાશે તો તેના માટે જન્નત ના દરવાજા ખોલી દેવામાં આવશે કે જેથી તે પોતાની ઈચ્છા મુજબ ના દરવાજા થી જન્નતમા દાખલ થઈ શકે. (જામેઅ અલ અખબાર)

૮૬૨) એક સમય એવો આવશે કે જયારે કોઈ પણ વ્યકિત એ બાબત ની દરકાર નહી કરે કે તે પોતાના ભાઈ ની ધનદોલત કેવીરીતે(હલાલ કે હરામ) લઈ રહયો છે.(મજમુઆ વરામ)

૮૬૩) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," અલ્લાહ કહે છે," કોઈ સ વ ત્યાં સુધી નથી મરતો જયાં સુધી તે તેના માટે લખાયેલી રો  ન મેળવી લે તેથી અલ્લાહ થી ડરો અને રો  તલાશ કરવા નો હલાલ તરીકો અપનાવો. આ વિશ્વાસ રાખો કે રો  ના બે પ્રકાર છે એક રો  તમારી તલાશ કરે છે અને બી  રો  ની તમે તલાશ કરો છો. તેથી તમે હલાલ તરીકા થી રો  તલાશ કરો કારણ કે જો તમે હલાલ તરીકા થી રો ની તલાશ કરશો તો હલાલ રો  ખાશો. અને જો તેમ નહી કરો તો હરામ ખાશો અને તેજ તમારી રો બની જશે જેને ખાવા માટે તમે વિવશ થઈ જશો. (આમાલી અલ સદુક)

૮૬૪) જે વ્યકિત પોતાની જાતમહેનત થી કમાણી કરી ને ખાશે અલ્લાહ તેને તેની રહમત ની દષ્ટિ થી જોશે અને તેના પછી કદી તેના પર અઝાબ નહી કરે. (જામેઅ અલ અખબાર)

૮૬૫) ઈમારત ના બાંધકામ મા હરામ નુ ધન વાપરો નહી કારણ કે તેમ કરવાથી તે વેરાન થઈ જશે.(ઈસ્નાઅશરી)

## <u>(૬૮) દુનિયા નો પ્રેમ અને મહત્વાકાંક્ષાઓ વિષેઃ–</u>

અને તમારા પરવરદિગાર તરફ ધ્યાન કેન્દ્રિત કરો અને તેના જ ફરમાબરદાર બની જાઓ. પરંતુ એ પહેલાં કે  તમારા પર અઝાબ નાઝીલ થઈ જાય અને પછી તમારી મદદ શકય ન રહે. (સુરા હદીદ આયત ૨૦)

૮૬૬) ધનદોલતે તમારા પહેલા નો લોકો નો પણ વિનાશ કર્યો અને તમને પણ વિનાશ તરફ દોરી જશે. (ખિસાલ સદુક)

૮૬૭) હું તમારા વિષે એ વાત થી ભય અનુભવુંછું કે દુનિયા તમારી પાસે નદી ની જેમ વહેતી ન આવે. (મજાઝાત અલ નબવીયા)

૮૬૮) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," હુ જોઈ રહયો છું કે દુનિયાની મોહબત માં મોટાભાગના લોકો સપડાઈ ગયા છે તેઓ એમ સમ  રહયા છે કે આ દુનિયામા મોત તેમના સિવાય બધા લોકો માટે અનિવાર્ય છે."(તુહાફ અલ ઉકુલ)

૮૬૯) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું,"મારી ઉમ્મત ઉપર એક સમય એવો આવશે કે લોકો દીન ની અવગણના કરી ને દુનિયા ને વધારે મહત્વ આપશે. (તુહાફ અલ ઉકુલ)

૮૭૦) જે બંદો દુનિયા થી મોહબત રાખશે તે હકીકત મા પોતાના દિલ ને ત્રણ બાબતો થી જોડે છે ૧) કદી સમાપ્ત ન થનારૂં દુઃખ ૨) કદી પુરી ન થનાર આશાઓ ૩) એવી મહત્વકાંક્ષાઓ જેમના સુધી તે પહોંચી ન શકે. (ઈસ્નાઅશરી)

૮૭૧) પોતાની આશાઓ ને ઓછી કરો અને પોતાની મોત ને પોતાનુ નસીબ સમજો અને અલ્લાહ ની શરમ એવી રીતે ભરો કે તમે મર્યાદામા રહો.(મજમુઆ વરામ)

૮૭૨) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," મને મારી ઉમ્મત વિષે મહત્વાકાંક્ષાઓ અને ઈર્ષા અને વાસના માટે ભય છે. ઈચ્છાઓ તેમને હક થી દુર કરશે. અને મહત્વાકાંક્ષાઓ આખેરત ને ભુલાવી દેશે" (ખિસાલ સદુક)

૮૭૩) જો તમે મોત ની જગા જોઈ શકો તો તમારી આશાઓ અને તેમના દગાફટકા ને દુશ્મન ગણવા લાગો.(મજમુઆ વરામ)

## <u>(૬૯) ફુરસદ નો સમય વિતાવવા વિષેઃ–</u>

જાણી લો કે દુન્યવી  વન ફકત ખેલ અને તમાશો છે અને જાહેરી ભપકો અને એક બીજા ઉપર અભિમાન કરવો અને ધનદોલત અને ઓલાદ માં એક બીજા થી વધી જવાની ઈચ્છા છે (સુરા ઝમર આયત ૫૨)

૮૭૪) નવરાશ ની પળો વ્યર્થ કાઢવા થી દુઃખ અને પસ્તાવા સિવાય કાઈ હાસલ થતું નથી. (બિહાર અલ અનવાર)

૮૭૫) નવરાશ ની પળો વાદળો ની જેમ પસાર થઈ જાય છે.(બિહાર અલ અનવાર)

૮૭૬) તમારા દિવસો મા અલ્લાહ ની રહમત ની પળો પણ છે તેથી તમે તે પળો ને ખોળતા રહો. (બિહાર અલ અનવાર)

૮૭૭) પાંચ બાબતો ને પાંચ બાબતો પહેલાં અમુલ્ય તક સમજો યુવાની ને વૃધ્ધાવસ્થા પહેલાં, આરોગ્ય ને માંદગી ના પહેલાં,તવંગરી ને ગરીબી થી પહેલાં, નવરાશ ને પ્રવૃત્તિ થી પહેલાં અને વન ને મોત થી પહેલાં. (મજમુઆ વરામ)

૮૭૮) બે નેઅમતો એવી છે જેમાં ઘણા લોકો ધોકો ખાય છે તંદુરસ્તી અને નવરાશ. અર્થાત આ બે નેઅમતો થી લાભ ઉઠાવતા નથી અને તેમની સમાપ્તી પછી તેમની કદર જાણે છે. (મજમુઆવરામ)

૮૭૯) જે બંદો પોતાના વન ના એક કલાક નો પણ એવી બાબત માં વ્યય કરે જેના માટે તેનુ નિર્માણ થયું નથી તો આ શકય છે કયામત ના દિવસે તેના માટે વધારેમા વધારે પસ્તાવું પડે. (ઈરશાદ અલ કુલુબ)

૮૮૦) નેકી કરવામાં ઘણી જ ઉતાવળ કરો એ પહેલાં કે કોઈ બી બાબતો તમને વ્યસ્ત ન કરી નાખે.(બિહાર અલ અનવાર)

૮૮૧) હે મુસલમાનો કમર કસી લો કારણકે એક મુશકેલ કામ સામે છે. તૈયાર થઈ જાવ કારણકે અહીં થી કુચ કરવાનો સમય ન ક છે. રસ્તા માટે ભાથું હાસલ કરો કારણકે રસ્તો લાંબો છે. પોતાના ગુનાહો ના ભાર ને ઓછું રાખો કારણકે રસ્તો મુશકેલ છે અને ઓછા બોજા વાળો જ તેને પાર કરી શકે છે.(બિહાર અલ અનવાર)

## (૭૦) યુવાની અને વૃધ્ધાવસ્થા વિષે:–

અલ્લાહ તે છે જેણે તમને એક કમજોર વસ્તુ માથી પેદા કર્યા. પછી તેણે કમજોરી પછી તાકાત આપી. પછી તેણે જ તાકાત પછી કમજોરી અને વૃધ્ધાવસ્થા પેદા કરી દીધી. (સુરા રોમ આયત ૫૩)

૮૮૨) અલ્લાહે કહયું," મોમીન ની વૃધ્ધાવસ્થા મારા નુર માથી છે અને હું મારા નુર ને આગમા નહી બાળું. (રોઝતુલ વાએઝીન)

૮૮૩) વૃધ્ધ તેના કુટુમ્બ માં એવો દરજો ભોગવે છે જેવો કે એક નબી તેમની ઉમ્મતમા ભોગવે છે. (રોઝતુલ વાએઝીન)

૮૮૪) અલ્લાહ સવાર સાંજ વૃધ્ધ મોમીન ના ચહેરા ને જુએ છે અને તેને કહે છે," હે મારા બંદા તારી વય વધારે થઈ ગઈ છે, તારા અસ્થિઓ નરમ થઈ ગયા છે,તારી ત્વચા પાતળી થઈ ગઈ છે, મોત તારા

ન ક આવી ગઈ છે.તારો મારી તરફ આવવાનો સમય હવે ન ક છે. હું તારી વૃધ્ધાવસ્થા ને કારણે તને જહન્નમ નો અઝાબ આપતાં શરમ અનુભવું છું. તું પણ મારી શરમ કર.(જામેઅ અલ અખબાર)

૮૮૫) જે કોઈ વૃધ્ધ નુ તેની વૃધ્ધાવસ્થા ના કારણે માન જાળવે છે તો અલ્લાહ કયામત ની બેચેની તેને રાહત આપે છુ. (સફીનતુલ બિહાર)

૮૮૬) કોઈ નવયુવાન કોઈ વૃધ્ધ નુ માન ત્યાં સુધી જાળવતો નથી જયાં સુધી અલ્લાહ તેને તેના પોતાના આવનાર વૃધ્ધત્વથી ભયભીત ન કરે. (જામેઅ અલ અખબાર)

૮૮૭) બરકત તમારા વડીલો ની સાથે છે. (જામેઅ અલ અખબાર)

૮૮૮) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," તે અલ્લાહ ને જુઓ કે તે તેમના પર તેમની વૃધ્ધાવસ્થા ને કારણે અઝાબ કરવાથી શરમ અનુભવે છે અને આ લોકો ને જુઓ જે તેની નાફરમાની કરવામાં શરમ અનુભવતા નથી.(ઈરશાદ અલ કુલુબ)

૮૮૯) તમારા સૌથી શ્રેષ્ઠ નવયુવકો તે લોકો છે જે વૃધ્ધો જેવું વર્તન કરે છે અને સૌથી વધારે ખરાબ વૃધ્ધ એ લોકો છે જે નવજવાનો જેવું વર્તન કરે છે.(ઈસ્નાઅશરી)

૮૯૦) વૃધ્ધ મુસ્લીમ ને માન આપવું એ અલ્લાહ ને માન આપવા બરાબર છે. (ઉસુલે કાફી)

## (૭૧) માબાપ અને ઓલાદ ના હકો વિષે:–

અને અમે માણસ ને તેના માબાપ સાથે સારી વર્તણુક કરવા નો હુકમ આપ્યો (સુરા અનકબુત આયત ૮)

૮૯૧) માબાપ પોતાની ઓલાદ ઉપરથી એવી રીતે જ હકો ગુમાવી બેસે છે (આક) જેવી રીતે ઓલાદ માબાપ થી નાફરમાની કરીને હકો ગુમાવી બેસે છે પરંતુ આ ફકત એ સંજોગોમા જ થાય છે જયારે ઓલાદ નેક હોય અને માબાપ તેમની ફરજો યોગ્ય રીતે ન બજાવે. (ખિસાલે સદુક)

૮૯૨) પિતા ઉપર પુત્ર ના ત્રણ હકો છે ૧) સારૂં નામ રાખે ૨) લખતા શીખવાડે ૩) અને જયારે પુખ્ત ઉમર નો થાય તો તેના લગ્ન કરે. (રોઝતુલ વાએઝીન)

૮૯૩) પુત્ર ઉપર પિતાના હકો વિષે રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," પિતાને નામ થી ન પોકારે, રસ્તા મા પિતા થી આગળ આગળ ન ચાલે. પિતા માટે લોકો ના અપશબ્દો નુ કારણ ન બને.(ઉસુલે કાફી)

૮૯૪) એક માણસ રસુલ (સ.અ.વ.) પાસે આવ્યો અને પુછવા લાગ્યો," હે રસુલલ્લાહ હું કોની સાથે નેકી કરૂં? રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," તારી માતા સાથે. તેણે ફરી પુછયું," તેના પછી? " આપે ફરમાવ્યું," તારી માતા સાથે. " તેણે ફરી પુછયું," તેના પછી?" આપે ફરમાવ્યું," તારા પિતા સાથે." (ઉસુલે કાફી)

૮૯૫) અલ્લાહ ની બધી ખુશનુદી માબાપ ની ખુશનુદી મા છે અને અલ્લાહ ની નારા  માબાપ ની નારા  મા છે. (જામેઅ અલ અખબાર)

૮૯૬) ઓલાદ નુ માબાપ ની સામે મોહબત ભરી નજર થી જોવું ઈબાદત છે.(તુહાફ અલ અુકુલ)

૮૯૭) જે માબાપ ની સાથે નેકી કરે છે તેની આયુ મા વધારો થાય છે.(રોઝતુલ વાએઝીન)

૮૯૮) અલ્લાહ ની લાનત થાય એ માબાપ ઉપર જે પોતાની ઓલાદ ને નાફરમાની માટે ઉશકેરે છે. (બિહાર અલ અનવાર)

૮૯૯) અલ્લાહ ની  રહમત થાય એ માબાપ ઉપર જે પોતાની ઓલાદ ને પોતાની ઈતાઅત અને પોતાની સાથે નેકી કરવામાટે પ્રોત્સાહિત કરે છે.(બિહાર અલ અનવાર)

૯૦૦) જે માબાપ ને દુઃખી કરે છે તેણે તેમની નાફરમાની કરી છે. (બિહાર અલ અનવાર)

૯૦૧) સાવધાન   માબાપ ની બદદુઆ થી બચો કારણકે બાપ ની બદદુઆ વાદળો થી ઉપર પહોંચી જાય છે. અલ્લાહ કહે છે તેને મારી પાસે પહોંચાડો કે જેથી હું તેને કબુલ કરૂં. આવી જ રીતે સાવધાન તમે મા ની બદદુઆ થી બચો કારણકે માની બદદુઆ તલવાર થી વધારે તીક્ષ્ણ છે. (મજમુઆ વરામ)

૯૦૨) તમારા બેટાઓ ને તરતાં અને આત્મરક્ષણ શીખવાડો. (વસાએલ)

૯૦૩) મે જન્નત ના દરવાજા ઉપર લખેલું જોયું," તુ દરેક કંજુસ, આડંબર કરનાર, હક છિનવેલા (આક) માબાપ,અને ફિત્નાખોર માટે હરામ છે. (જામેઅઅલ અખબાર)

૯૦૪) કયામત ના દિવસે લોકો નો સરદાર એ વ્યકિત હશે જે માબાપ ના મૃત્યુ પછી તેમની સાથે નેકી કરે.(સફીનતુલ બિહાર)

૯૦૫) એક માણસ રસુલ (સ.અ.વ.) પાસે આવ્યો અને કહયું," હે રસુલલ્લાહ (સ.અ.વ.) હું જેહાદ કરવાનુ પસંદ કરૂં છું. આપે ફરમાવ્યું," અલ્લાહ ની રાહમા જેહાદ કરો જો તમે કતલ થઈ જશો તો એવી રીતે  વતા રહેશો કે અલ્લાહ ને ત્યાંથી તમને રો  મળતી રહેશે.અને જો આ રાહ મા તમને કુદરતી

મોત આવશે તો પણ તમારો બદલો અલ્લાહ ની પાસે હશે. જો વતા પાછા ફરશો તો નવજાત શિશુ જેવા ગુનાહો થી પાક થઈ જશો. તે માણસે કહયું," હે રસુલલ્લાહ મારા માબાપ વૃધ્ધ થઈ ગયા છે તે મને ઘણો પ્રેમ કરે છે અને તેમના માટે મારા થી અલગ થવું અશકય છે." રસુલ (સ.અ.વ.) ફરમાવ્યું,"જો એમ હોય તો તુ તારા માબાપ સાથે જ રહે. અલ્લાહ ની કસમ તેમની સાથે મોહબત થી પસાર કરેલો એક દિવસઅનેરાત તમારા માટે એક વર્ષ ના જેહાદ થી અફઝલ છે."(ઉસુલે કાફી)

૯૦૬) દરેક નેકી ની ઉપર એક નેકી છે ત્યાં સુધી એક માણસ અલ્લાહ ની રાહ મા કત્લ થઈ જાય તો આના થી વધી ને કોઈ નેકી નથી. દરેક નાફરમાની (આક) થી વધી ને એક નાફરમાની છે ત્યાં સુધી કે એક માણસ માબાપ માથી કોઈ ને કત્લ કરે તો તેના થી વધી ને કોઈ નાફરમાની નથી.(રોઝતુલવાએઝીન)

૯૦૭) પોતાની ઓલાદ થી ન્યાયપુર્ણરીતે વર્તો જેવું કે તમે ઈચ્છો છો કે તમારી ઈતાઅત કરવામાં તેઓ ન્યાય થી વર્તે. (સફીનતુલ બિહાર)

૯૦૮) પોતાની ઓલાદ ના નામ નબીયો ના નામ પર રાખો અને સૌથી સારા નામો અબ્દુલ્લાહ અને અબ્દુરહમાન છે.(સફીનતુલ બિહાર)

## (૭૨) પડોશીઓ ના હક વિષે:–

અને સગા વહાલા પડોશીઓ, અજાણ્યા પાડોશીઓ અને સાથે બેસનાર મિત્રો (સુરા નિસા આયત ૩૬)

૯૦૯) જે પેટભરી ને રાત વીતાવે અને તેનો પાડોશી ભુખ્યો સુઈ જાય તે વ્યકિત મુસલમાન નથી. (ઉસુલે કાફી)

૯૧૦) તે વ્યકિત જન્નત મા દાખલ થશે નહી જેના ત્રાસ થી પડોશી સલામત નથી. (ઈસ્નાઅશરી)

૯૧૧) જે પોતાના પાડોશી ને તકલીફ આપશે અલ્લાહે તેના પર જન્નત હરામ કરી છે અને તેનુ ઠેકાણુ જહન્નમ હશે જે અત્યંત ખરાબ ઠેકાણુ છે. (આમાલી સદુક)

૯૧૨) એ બંદો અમારા માથી નથી જે પાડોશીઓ ના હકો પહોંચાડે નહી. (આમાલી સદુક)

૯૧૩) રસુલ (સ.અ.વ.) એ ફરમાવ્યું," જિબ્રઈલે મને પાડોશી ઓ ના હકો વિષે એટલી તાકીદ કરી કે મને એવું લાગવા માંડયું કે અલ્લાહ તેને મિલકતમા વારસદાર પણ બનાવશે કે કેમ.(આમાલી સદુક)

૯૧૪) જેના ત્રાસ થી તેનો પાડોશી સલામત ન હોય તેનુ કોઈ ઈમાન નથી. (ઉસુલે કાફી)

૯૧૫) પાડોશી નુ સન્માન મા ના સન્માન જેવું જ છે. (ઉસુલે કાફી)

૯૧૬) દરેક મોમીન ની ફરજ છે કે પડોશી ના ત્રાસ ઉપર સબર કરે. (સફીનતુલ બિહાર)

૯૧૭) પાડોશી ઓ ત્રણ પ્રકાર ના છે ૧) જેના પાસે ત્રણ અધિકારો છે ઈસ્લામ નો હક, પાડોશી નો હક,અને સગપણ નો હક ૨) અને બીજા એવા છે જેમની પાસે ફકત બે હકો છે. ઈસ્લામ નો હક અને પાડોશી નો હક ૩) અને ત્રીજા એવા છે જેને ફકત પાડોશી ના હક છે. એટલેકે કાફિર.(રોઝતુલ વાએઝીન)

૯૧૮) જે વ્યકિત અલ્લાહ અને રસુલ પર ઈમાન ધરાવે છે તેણે પોતાના પાડોશી નુ માન જાળવવું જોઈએ. (ઇસ્નાઅશરી)

૯૧૯) ચાલીસ ઘરો સુધી પાડોશ ગણાય છે. સામે થી ચાલીસ ઘરો, પાછળ થી અને ડાબે જમણે બધી દિશાઓ માથી ચાલીસ ઘર પડોશ મા ગણાશે.(ઉસુલે કાફી)

## <u>(૭૩) સલામ કરવાની રીતભાતઃ–</u>

અને જે લોકો અમારી આયતો પર ઈમાન લાવ્યા છે જયારે તે તમારી પાસે આવે તો અસ્સલામો અલયકુમ કહો"(સુરા ઈનઆમ આયત ૫૪)

૯૨૦) સલામ કરવું મુસ્તહબ છે અને જવાબ આપવો વા બ છે. (ઉસુલે કાફી)

૯૨૧) વાત શરૂ કરતાં પહેલાં સલામ થી શરૂઆત કરો જે સલામ કર્યા વગર વાત કરે તેને જવાબ ન આપો. (ઉસુલે કાફી)

૯૨૨) સલામ અલ્લાહ ના નામો માથી એક નામ છે તેથી તેને અપનાવો. જો એક મુસલમાન કેટલાક લોકો પાસે થી પસાર થાય અને તેમને સલામ કરે પણ તે લોકો તેને જવાબ ન આપે તો અલ્લાહ તેને જવાબ આપશે.(રોઝતુલ વાએઝીન)

૯૨૩) લોકો માં સૌથી કંજુસ એ છે જે સલામ કરવામાં કંજુસાઈ કરે.(રોઝતુલ વાએઝીન)

૯૨૪) જો તમારા માથી કોઈ ઉભો થઈ ને જવા લાગે તો સલામ કરી ને જાય. (જામેઅ અલ અખબાર)

૯૨૫) બેશક નેક વાત કરવી અને સલામ કરવું એ મગફેરત નુ કારણ છે.(જામેઅ અલ અખબાર)

૯૨૬) જયારે તમે એક બીજા ને મળો ત્યારે સલામ અને મુસાફહા સાથે મળો અને જયારે જુદા પડો ત્યારે મગફેરત ની દુઆ સાથે જુદા પડો. (તરાએફલ હકમ)

૯૨૭) અલ્લાહ અને રસુલ ની સૌથી ન ક એ બંદો છે જે સલામ કરી ને વાતો શરૂ કરે. (ઉસુલે કાફી)

૯૨૮) જયારે તમારા માથી કોઈ પોતાના કોઈ ભાઈ થી મળે તો તેને સલામ કરે અને મુસાફહો કરે કારણકે અલ્લાહે આ કારણે જ ફરિશ્તાઓ ને માન આપ્યું છે તેથી તમે પણ ફરિશતાઓ જેવું અમલ કરો. (ઉસુલે કાફી)

## <u>(૭૪) માંદગી અને માંદા ના ખબરઅંતર પુછવા વિષે:–</u>

અને જયારે માંદો પડું છું તો તેજ મને તંદુરસ્તી આપે છે. (સુરા શોઅરા આયત ૮૦)

૯૨૯) તાવ મોત નું અંતર છે અને જમીન ઉપર અલ્લાહ નુ કેદખાનુ છે તેની ગરમી જહન્નમ માથી છે અને તે દરેક મોમીન માટે જહન્નમ ની આગ નો હિસ્સો છે. (ઈરશાદ અલ કુલુબ)

૯૩૦) કોઈ બિમાર મોમીન નુ કણસવું તસબીહ છે તેની બુમો અલ્લાહ સુધી પહોંચે છે તેનુ પથારી મા સુવું ઈબાદત છે અને તેનુ પડખો ફેરવવું જેહાદ છે. જો તે પાછો સ્વસ્થ થશે તો તેના માથે કોઈ ગુનાહ નહી હોય. (બિહાર અલ અનવાર)

૯૩૧) બિમાર માણસ માટે ચાર ફઝીલતો હોય છે. ૧) તેના આમાલ લખનાર કલમ ને રોકી લેવામા આવે છે ૨) ફરિશતા ને હુકમ આપવામા આવે છે દરેક ભલાઈ અને નેકી નુ કામ જે તે તંદુરસ્તી ની હાલત મા કરતો હતો તે લખવાનુ ચાલુ રાખવામા આવે. ૩) તેની બિમારી ને કારણે જે અંગો ઉપર અસર પહોંચી હોય તે અંગો દ્વારા કરાયેલા ગુનાહો માફ થાય છે. ૪) અને જો તે આ માદગી ને કારણે મૃત્યુ પામે તો તેની મગફેરત થશે અને જો પાછો તંદુરસ્ત થાય તો પણ તેની મગફેરત થશે જ. (જામેઅ અલ અખબાર)

૯૩૨) જે વ્યકિત કોઈ બિમાર પાસે ખબરઅંતર પુછવા જાય તો ત્યાં બેસવા સુધી અલ્લાહ ની રહમત મા હોય છે અને અલ્લાહ ની રહમત મા ઢંકાઈ જાય છે. (મજાઝાત અલ નબવીયા)

૯૩૩) જયારે કોઈ વ્યકિત કોઈ બિમાર માણસ ના ખબરઅંતર પુછવા જાય છે ત્યારે તે માટે જવાના સમય થી જો દિવસ હોય તો રાત સુધી અને રાત હોય તો સવાર સુધી સિત્તેર હજાર ફરિશતાઓ તેના પર દરૂદ મોકલે છે.(સફીનતુલ બિહાર)

૯૩૪) બિમાર માણસ ની ખબરઅંતર પુછવા જનાર જન્નત ના રસ્તાઓ પર ચાલે છે. (મજાઝાત અલ નબવીયા)

૯૩૫) જે બંદો કોઈ બિમાર માણસ ના ખબરઅંતર પુછવા જાય તો તેના પાછા ઘર પહોંચવા સુધી તેના દરેક પગલા સામે સિત્તેર લાખ નેકીઓ તેના આમાલનામા મા લખવામા આવે છે અને સિત્તેર લાખ ગુનાહો ભુંસી નાખવામાં આવે છે અને સિત્તેર લાખ ફરિશતાઓ કયામત સુધી તેના માટે મગફેરત ની દુઆ કરશે. (રોઝતુલ વાએઝીન)

## (૭૫) મોમીન ને સુખી કરવા વિષેઃ–

૧)અને તેમને તાજગી અને આનંદ પ્રદાન કરશે.

૨) અને તેમને તાજગી અને ખુશી એનાયત કરશે. (સુરા હલઅતા આયત ૧૧)

૯૩૬) જેણે કોઈ મોમીન ને રા  કર્યો તો તેણે મને રા  કર્યો ગણાશે અને જેણે મને રા  કર્યો તો તેણે અલ્લાહ ને રા  કર્યો ગણાશે.(ઉસુલે કાફી)

૯૩૭) અલ્લાહ ની દષ્ટિ મા મોમીન ને રા  કરવો એ સૌથી વધારે પ્રિય અમલ છે.(ઉસુલે કાફી)

૯૩૮) જે પોતાના કોઈ ભાઈ ની દુનિયા ની તકલીફ દુર કરશે તો અલ્લાહ તેની આખેરત ની તકલીફ દુર કરશે.(ઈસ્નાઅશરી)

૯૩૯) અલ્લાહ ની દષ્ટિમા સૌથી વધુ સારી એ ખુશી છે જે તમે એક મોમીન ની ભુખ ને મિટાવી ને અથવા તેની કોઈ તકલીફ દુર કરીને તેનેપહોંચાડો છો.(ઉસુલે કાફી)

૯૪૦) નમાઝ પછી બધા જ આમાલો મા શ્રેષ્ઠ મોમીન ના દિલ ને રા  કરવું તે છે. (સફીનતુલ બિહાર)

૯૪૧) અલ્લાહ અને તેના બંદા વચ્ચે સૌથી વધારે નિકટતા ત્યારે સ્થાપિત થાય છે જયારે તે કોઈ મોમીન ના દિલ ને રા  કરે છે. (સફીનતુલ બિહાર)

## (૭૬) અનાથો સાથે સહાનુભુતિ વિષેઃ–

તમે કદી અનાથ પર જુલ્મ ન કરો (સુરા વઝઝોહા આયત ૯)

૯૪૨) તમારા ઘરો માથી શ્રેષ્ઠ ઘર એ છે જેમા એક યતીમ નો ઉચિતરીતે ઉછેર થાય છે.(ઈસ્નાઅશરી)

૯૪૩) જે કોઈ યતીમ ના માથા પર દયા થી હાથ ફેરવશે તો અલ્લાહ તેને કયામત ના દિવસે તેના માથા ના એકવાળ ના બદલે એક નુર એનાયત ફરમાવશે.(બિહાર અલ અનવાર)

૯૪૪) યતીમ સાથે એક માયાળુ બાપ ની જેમ વર્તણુક કરો અને એ યાદ રાખો કે જેવું વાવશો તેવું લણશો. (બિહાર અલ અનવારા

૯૪૫) જે વ્યકિત કોઈ યતીમ નો ઉછેર કરે અને તેના માટે ખર્ચ કરે તો હું અને તે જન્નતમાં સાથે હોઈશું. (સફીનતુલ બિહાર)

૯૪૬) જયારે કોઈ યતીમ રડે છે તો અર્શ ધ્રુજે છે. (સફીનતુલ બિહાર)

૯૪૭) યતીમ ની દોલત હડપ કરવી કબીરા ગુનાહ છે જેના માટે અલ્લાહે જહન્નમ નો વાયદો કરેલો છે. (સફીનતુલ બિહાર)

## <u>(૭૭) સલાહસુચન મેળવવા વિષેઃ– (મશવેરો)</u>

૧)તેમના થી કામકાજ મા સલાહસુચન મેળવી લો

૨)અને જેહાદ ના મામલામાં તેમના થી સલાહસુચન મેળવો (સુરા આલે ઈમરાન આયત ૧૫૯)

૯૪૮) સલાહસુચન(મશવેરા ) થી વધારે કોઈ મદદગાર નથી. (તુહાફ અલ ઉકુલ)

૯૪૯) સલાહસુચન પછી કોઈ બંદો સંકટ મા નથી સપડાઈ જતો. (ઈસ્નાઅશરીયા)

૯૫૦) કોઈ જુથ જેને કોઈ કામ માટે સલાહસુચન ની આવશયકતા ઉભી થાય અને તે જુથમાં હામીદ, મહમુદ, મોહમ્મદ અથવા એહમદ નામની વ્યકિતઓ હોય અને તે જુથ તેમના થી પણ સલાહસુચન કરે તો તેમને ભલાઈ અવશ્ય મળશે. (ઉયુન અખબાર અલ રિઝા)

૯૫૧) રસુલ (સ.અ.વ.) થી પુછવામાં આવ્યું," હે રસુલલ્લાહ સાવચેતી શું છે?" આપે જવાબ મા ફરમાવ્યું," યોગ્ય લોકો થી સલાહસુચન કરી ને તેના પર અમલ કરવું એ સાવચેતી છે. "(સફીનતુલ બિહાર)

૯૫૨) બીકણ વ્યકિત થી સલાહસુચન કરો નહી કારણકે તે નીકળવાના રસ્તા ને સાંકડા બનાવશે , કંજુસ થી સલાહસુચન કરો નહી કારણકે તે તને ધ્યેય સુધી પહોંચવા નહી દે, અને લોભી થી સલાહસુચન કરો નહી કારણકે તે તમારા માટે લાલચ ને સુંદર રીતે પ્રદર્શિત કરશે.(ખિસાલ સદુક)

૯૫૩) જેની પાસે કોઈ મોમીનભાઈ સલાહસુચન માગે અને તે યોગ્ય સલાહસુચન ન આપે તો અલ્લાહ તેની બુધ્ધિ નષ્ટ કરે છે.(સફીનતુલ બિહાર)

## (૭૮) તંદુરસ્તી વિષેઃ–

અને ખાઓ અને પીઓ અને અતિખર્ચાળ ન બનો

(સૂરએ એઅરાફ આયત ૨૧)

૯૫૪) વધારે ખાઈ ને દિલ ને મૃત ન કરો કારણ કે દિલ ખેતી સમાન છે, જેણે જો વધારે પાણી પાવવા માં આવે તો પાક નષ્ટ થઈ જાય છે. (જામેઅ અલ અખબાર)

૯૫૫) જમવા ની શરૂઆત નમક થી કરો અને જમણ ની સમાપ્તી પણ નમક થી કરો કારણ કે એમ કરવા થી મોટા ભાગ ની બીમારીઓ માં શિફા મળે છે. (બિહાર અલ અનવાર)

૯૫૬) વેહલી સવાર માં ખજુર ખાઓ કારણ કે આમ કરવા થી પેટનાં વ જંતુઓ નષ્ટ થાય છે. ( સહીફતુલ રિઝા)

૯૫૭) લીલી દ્રાક્ષ ને એક એક કરી ને ખાઓ કારણ કે આમ કરવા થી સ્વાદ અને પાચન શકિત માં વધારો થાય છે. (સહીફતુલ રિઝા)

૯૫૮) દાડમ ખાઓ તેનો એક દાણો પણ જયારે પેટમાં પહોંચે છે ત્યારે દિલ ને રોશન કરે છે અને શૈતાન ને ચાલીસ દિવસ સુધી દુર કરે છે.(સફીનતુલ બિહાર)

૯૫૯) જયારે ખાવાનુ પકાવવા લાગો તો દુધી વધારે પકાવો કારણકે દુધી દુઃખી હૃદય ને આનંદિત કરે છે. (ઉયુન અખબાર અલ રિઝા)

૯૬૦) કીશમીશ ખાવી તમારા માટે આવશ્યક છેકારણકે તે પિત્તનાશક છે કફ ને નષ્ટ કરે છે અને શરીર ના મુખ્ય અંગો ને સશકત કરે છે મંદ બુધ્ધિ દુર કરે છે સારી રીતભાત અપનાવવામાં મદદરૂપ થાય છે. મોઢા ની દુર્ગંધ નષ્ટ કરે છે અને દુઃખદર્દ દુર કરે છે. (રોઝતુલ વાએઝીન)

૯૬૧) જે ઓછો ખોરાક લેશે તેનુ શરીર સ્વસ્થ રહેશે અને જે વધારે ખોરાક લેશે તેનુ શરીર માંદું રહેશે અને દિલ સખત થશે.(મજમુઆ વરામ)

૯૬૨) મિસવાક ના બાર ફાયદાઓ છે. મોઢા ને પાક કરે છે, પરવરદિગાર ની ખુશનુદી પ્રાપ્ત થાય છે, દાંતો ને ચમકદાર બનાવે છે, ગંદકી દુર કરે છે, કફ ઓછું કરે છે, ભુખ વધારે છે નેકીઓ ને અનેક ગણી

વધારે છે, સુન્નત  છે, ફરિશતાઓ તેના ગવાહ બને છે, મસુડા મજબુત બને છે, કુરાન ના રસ્તા ને સ્વચ્છ રાખે છે. મિસવાક કરીને બે રકાત નમાઝ પઢવી વગર મિસવાક ની નમાઝ ની સત્તર રકાતો થી અફઝલ છે.(ખિસાલ સદુક)

૯૬૩) બેશક અલ્લાહે મધ મા બરકત રાખી છે. તેમા બધા રોગો માટે શિફા છે. સિત્તેર નબીયો એ તેને બરકત વાળી વસ્તુ ગણી છે.(સહીફતુલ રિઝા)

૯૬૪) લસણ ખાઓ અને તેના વડે ઈલાજ કરો કારણકે તેમા સિત્તેર રોગો નો ઈલાજ છે. (સફીનતુલ બિહાર)

૯૬૫) જમવા પહેલાં વઝુ કરવા થી ગરીબી દુર થાય છે. અને જમ્યા પછી વઝુ કરવાથી દુઃખ દુર થાય છે. અને જોવાની શકિત સુધારે છે. (ઈસ્નાઅશરીયા)

## (૭૯) સુલેહશાંતિ કરાવવા વિષેઃ–

મોમીન તો આપસમા ભાઈ ભાઈ છે તો પોતાના બે ભાઈ ઓ વચ્ચે સુલેહશાંતિ કરાવતા રહો.(સુરા હજરાત આયત ૧૦)

૯૬૬) અલ્લાહ ની વા બ ઈબાદતો પછી સર્વશ્રેષ્ઠ અમલ બેવ્યકિતઓ વચ્ચે સમાધાન કરાવવાનુ છે.(સફીનતુલ બિહાર)

૯૬૭) જયારે લોકો આપસ મા ઝઘડો કરીને એક બીજા થી દુર થઈ જાય ત્યારે તેમની વચ્ચે સમાધાન કરાવવાનુ કામ એ ઉત્તમ સદકો છે. (મજમુઆ વરામ)

૯૬૮) લોકો વચ્ચે સમાધાન કરાવવાનુ કામ નમાઝ રોજા થી અફઝલ છે. (સફીનતુલ બિહાર)

૯૬૯) સમાધાન કરાવનાર ઉપર જુઠ બોલવાનો આક્ષેપ કરી શકાય નહી. (ઉસુલે કાફી)

૯૭૦) બે વ્યકિતઓ વચ્ચે સમાધાન કરાવનાર ભલાઈ કરવાના આશય થી ચાડી ખાય અથવા સુધારણા માટુ સારી વાત કરે તો તે જુઠો નથી.(ઈસ્નાઅશરીયા)

## (૮૦) વિવિધ અર્થઘટનઃ–

અને જે બાબતનો તમને રસુલ હુકમ કરે તે માનો અને જેની તમને મનાઈ કરે તેનો ત્યાગ કરો.(સુરા હશર આયત ૭)

૯૭૧) તમે મને છ બાબતો ની ખાત્રી આપો કે જેથી હું તમને જન્નત ની ખાત્રી આપું. જયારે વાત કરો તો જુઠું ન બોલો. વચન આપો તો તેને પાળો. અમાનત મુકવામાં આવે તો વિશ્વાસઘાત કરો નહી. આંખો ને નીચી રાખો. વ્યભિચાર કરો નહી.પોતાની ભ અને હાથો ને કાબુ મા રાખો. (અમાલી સદુક)

૯૭૨) અલ્લાહ ની ફરજો બજાવી ને લોકો માં ઈબાદતગુજાર બનો. અલ્લાહ ની વહેંચણી પર રા રહી ને સૌથી વધારે તવંગર બનો મનાઈ ફરમાવેલી બાબતો નો ત્યાગ કરી ને સૌથી વધારે પરહેજગાર બનો. પાડોશીઓ સાથે સદવર્તન કરી ને મોમીન બનો. મિત્રો સાથે સારી મિત્રતા કરી ને મુસલમાન બનો. (આમાલી અલ સદુક)

૯૭૩) અજ્ઞાનતા થી વધારે કોઈ ગરીબી નથી, બુધ્ધિ થી વધારે નફાકારક કોઈ ધનદોલત નથી, ઘમંડ (પોતાના વખાણ) થી વધારે કોઈ એકલતા નથી, સલાહસુચન થી વધારે સારો કોઈ મદદગાર નથી, પ્રયત્ન જેવી કોઈ બુધ્ધિ નથી અને મનોમંથન જેવી કોઈ બી ઈબાદત નથી.(તહફુલ અકુલ)

૯૭૪) ત્રણ બાબતો વિનાશ નોંતરનારી છે અને ત્રણ બાબતો મુકિત આપનાર છે વિનાશ નોતરનારી બાબતો આ પ્રમાણે છે, ઈચ્છાઓ, કંજુસાઈ અને ઘમંડ અને નજાત આપનારી બાબતો આ પ્રમાણે છે ખુશી અને નારાજગી બન્ને સમયે ન્યાય પુર્ણ વર્તણુક કરવામં આવે. તવંગરી અને ગરીબી બન્ને પરિસ્થિતિઓ મા સંતોષ નો અનુભવ કરે. જાહેર અને બાતિન મા અલ્લાહ નો ખોફ એ રીતે રાખવામાં આવે કે જાણે તમે અલ્લાહ ને જોઈ રહયા છે કારણકે જો તમે તેને નથી જોઈ શકતા તો તે તો તમને જોઈ શકે છે. (તહફુલ અકુલ)

૯૭૫) લોકો મારી જે હદીસો તમારા સુધી પહોંચે જો તે કુરાન પ્રમાણે હોય તો તે અવશ્ય મેં કહેલું છે અને જો કુરાન થી વિરૂધ્ધ હોય તો તે મારા શબ્દો નથી. (ઉસુલે કાફી)

૯૭૬) કોઈ પણ કથન અમલ વગર મુલ્યહીન છે અને કોઈ અમલ નિયત વગર યોગ્ય નથી અને કોઈ પણ નિયત જે સુન્નત અનુસાર ન હોય તો તે મુલ્યહીન છે.(ઉસુલે કાફી)

૯૭૭) છ બાબતો સાહસ ની નિશાની છે. ત્રણ મુસાફરી વિષે છે અને ત્રણ સ્થાયી રહેઠાણ વિષે છે સ્થાયી રહેઠાણ થી સબંધ ધરાવતી બાબતો આ છે ૧) અલ્લાહ ના કલામ ની તિલાવત કરવી ૨) મસ્દો બનાવરાવવી ૩) અલ્લાહ ની ખાતર દોસ્ત બનાવવા. અને મુસાફરી થી સબંધ ધરાવતી બાબતો આ પ્રમાણે છે ૧) સારી રીતભાત અપનાવવી ૨) મુસાફરી માટે લીધેલો અસ્બાબ સાથી ઓ પર ખરચ કરવો ૩) અને રમુજ એવી રીતે કરવી કે ગુનાહ નુ કારણ ન બને.(ખિસાલ સદુક)

૯૭૮) ઈલ્મ મોમીન નો મિત્ર છે, નમ્ર વર્તન તેનો મંત્રી છે,બુધ્ધિ તેની માર્ગદર્શક છે, અમલ તેનુ મુલ્યાંકન છે,સૌમ્ય સ્વભાવ તેનો ભાઈ છે, મિત્રતા અને મહેરબાની તેનો બાપ છે, સબ્ર તેના લશકર નો સેનાપતિ છે.(મજાઝાત અલ નબવીયા)

૯૭૯) કોઈ બંદો ત્યાં સુધી મુસલમાન નથી થઈ શકતો જયાં સુધી તેના હાથ અને ભ થી બીજા મુસલમાનો સુરક્ષિત ન હોય. તમે ત્યાં સુધી આલિમ નથી બની શકતા જયાં સુધી તમે ઈલ્મ ઉપર અમલ ન કરો. અને ત્યાં સુધી તમે આબિદ નથી બની શકતા જયાં સુધી તમે પરહેજગાર ન બનો. અને ત્યાં સુધી પરહેજગાર નથી બની શકતા જયાં સુધી દુનિયા થી બેપરવા ન બનો. લાંબા સમય સુધી મૌન જાળવો અને મનન વધારે કરો અને હસવાનુ ઓછું રાખો. (મજમુઆ વરામ)

૯૮૦) મારા પરવરદિગારે મને નવ બાબતો ની વસીયત કરી. જાહેર અને બાતિન મા નિખાલસતા અપનાવું, ખુશી અને નારા બન્ને પરિસ્થિતિઓ મા ન્યાય થી કામ લઉઁ.ગરીબી અને તવંગરી માં સંતુષ્ટ રહું,જે મારા પર જુલ્મ કરે તેને માફ કરૂં, જે મને વંચિત રાખે તેને આપું, જે મારા થી સબંધો કાપે તેના થી હું સબંધો જાળવી રાખું. મારૂં મૌન મનન બને અને મારૂં બોલવું ઝિકર બને, અને મારૂં જોવું બોધપાઠ નુ કારણ બને. (તુહાફ અલ ઉકુલ)

૯૮૧) અલ્લાહ ફરમાવે છે જયારે હું મારા કોઈ બંદા ઉપર રહમત કરવા નુ ઈચ્છું છું તો તેને શરીર ની બિમારી, રો ની કમી અથવા કોઈ બીજા ખોફ મા નાખી ને તેના દરેક ગુનાહ ની સજા દુનિયા મા જ આપું છું અને ત્યાર પછી જ તેને મોત આપું છું. જો તેના પછી પણ તેના ગુનાહો બાકી રહે છે તો તેના વન ની અંતિમ ક્ષણો મુશકેલ બનાવું છું. અને જયારે કોઈ બંદા ને અઝાબ આપવાનુ ઈચ્છું છું તો દુનિયા થી તેને તેના નેક આમાલ નો બદલો દુનિયા મા જ આપી દીધા વગર તેને મોત આપતો નથી. તેને શરીર નુ સ્વાસ્થ્ય આપી ને અથવા તેની રો મા વધારો કરી ને અને દુનિયા માં સુખશાંતિ આપી ને. જો આટલું આપ્યા પછી પણ તેની નેકી ઓ બાકી હોય તો મોતમાં આસાની આપી ને તેનો હિસાબ ચુકવું છું. (ઉસુલે કાફી)

૯૮૨) અલ્લાહ તરફ થી એક ફરિશ્તો રોજ રાત્રે ના લ થઈ ને સાદ આપે છે અને કહે છે," હે વીસ વર્ષ વાળાઓ પ્રયત્ન કરો અને સંઘર્ષ કરો, હે ત્રીસ વરસ વાળાઓ તમે દુન્યવી વનથી છેતરાશો નહી.હે ચાલીસ વરસ વાળાઓ તમે અલ્લાહ થી મુલાકાત માટે શું તૈયારી કરી છે? હે પચાસ વરસ વાળાઓ તમારી પાસે ડરાવનાર આવી પહોંચ્યો છે.હે સાઠ વરસ વાળાઓ ખેતી ને કાપવાનો સમય ન ક આવ્યો છે. હે સિત્તેર વરસ વાળાઓ તમને બોલાવવામાં આવી રહયા છે. જવાબ આપો. હે એંશી વરસ વાળાઓ કયામત તમારા ન ક છે અને તમે બેદરકાર પડેલા છો. તેના પછી તે અવાજ આપનાર કહે છે

જો રૂકુઅ કરનાર બંદાઓ, ઈબાદત કરનાર લોકો, દુધ પીતાં બાળકો,અને ચરનારા પશુઓ ન હોત તો તમારા ઉપર એક સખત અઝાબ ના લ કરવામાં આવત. (ઈરશાદ અલ કુલુબ)

૯૮૩) ધન્ય છે એ જે દીર્ઘાયુ છે જેના આમાલ નેક છે તેથી તેની આખેરત પણ નેક હશે કારણકે તેનો પરવરદિગાર તેના થી રા  હશે.તેના પર અફસોસ છે કે જેની ઉમર લાંબી છે અને તેનુ ચારિત્ર્ય ખરાબ છે તેની આખેરત પણ ખરાબ હશે કારણકે અલ્લાહ તેના થી નારાજ હશે. (આમાલી અલ સદુક)

૯૮૪) શું હું તમને સૌથી નઠારા લોકો વિષે જણાવું નહી? લોકો એ કહયું,'' હે રસુલલ્લાહ જરૂર થી જણાવો.'' જે એકલો કોઈ જગ્યા પર રોકાય નેક અમલ કરવાનુ ટાળતો રહે. અને પોતાના નોકરો ને ચાબખા મારે.'' આપે ફરી ફરમાવ્યું,'' શું હું તેના થી પણ દુષ્ટ વ્યકિત વિષે જણાવું?'' લોકો એ કહયું,'' જરૂર થી જણાવો.'' આપે ફરમાવ્યું,'' જે કોઈ ની ભુલ ને માફ ન કરે જે કોઈ ની માફી સ્વીકારે નહી. '' તેના પછી ફરમાવ્યું,'' શું આના થી વધારે દુષ્ટ વ્યકિત વિષે જણાવું?'' લોકો એ કહયું,'' જરૂર થી જણાવો. '' આપે ફરમાવ્યું,'' તે બંદો વધારે ખરાબ છે જેના થી ભલાઈ ની અપેક્ષા કરી શકાતી નથી અને લોકો તેના ત્રાસ થી સુરક્ષિત નથી.'' તેના પછી ફરમાવ્યું,'' શું હું તેના થી પણ વધારે દુષ્ટ વ્યકિત વિષે જણાવું?'' લોકો એ કહયું,'' જરૂર થી જણાવો. '' આપે ફરમાવ્યું,'' તે વ્યકિત સૌથી વધારે દુષ્ટ છે જે લોકો ને દુશ્મન સમજે અને લોકો પણ તેને દુશ્મન સમજે.''(તુહાફ અલ ઉકુલ)

૯૮૫) શું હું તમને એવી વ્યકિત વિષે જણાવું જે તમારા માથી મારી સાથે સૌથી વધારે સમાનતા ધરાવે છે?'' લોકો એ કહયું,'' જરૂર થી જણાવો'' આપે ફરમાવ્યું,'' જે તમારા માથી રીતભાતમાં સૌથી સારો છે. જે સગાવહાલા થી નેકી કરનાર છે પોતાના દીની ભાઈઓ થી ઘણી જ મોહબત કરનાર છે. જે પોતાના હક ઉપર સબર કરનાર છે. જે સૌથી વધારે પોતાના ગુસ્સા ઉપર કાબુ ધરાવનાર છે. જે નેકી સાથે માફ કરનાર છે જો તેના ગુસ્સા અને ખુશી ના સમયે ન્યાયપુર્ણ રીતુ વર્તન કરનાર છે.(ઉસુલે કાફી)

૯૮૬) શું હું તમને તે વિષે જણાવું કે તમારા માથી કોણ મારા થી વિપરીત છે? લોકો એ કહયું,''જરૂર થી જણાવો.'' આપે ફરમાવ્યું,'' ગાળો કાઢનાર અને ગાળો ખાનાર અભદ્ર  ભ ધરાવનાર, કંજુસ, ઘમંડી, કિન્નાખોર, ઈર્ષાળુ, સખત દિલ ધરાવનાર અને દરેક નેક અમલ થી દુર અને તેના ત્રાસ થી કોઈ સુરક્ષિત ન હોય. (ઉસુલે કાફી)

૯૮૭) કમનસીબી ની નિશાની આ છે કોરી આંખ, દિલ ની સખતાઈ,દુનિયા હાસલ કરવામાં અમર્યાદ લોભ,અને ગુનાહો નુ સતત આચરણ (ઉસુલે કાફી)

૯૮૮) અલ્લાહે ઈસ્લામ ની મારા હાથે જાહેરાત કરી. મારા પર કુરાન નાઝીલ કર્યું કાબા મારા હાથો થી જ ફતેહ થયું. મને આખી આદમજાત પર ફઝીલત એનાયત કરી અને મને દુનિયામા આદમજાત નો સરદાર બનાવ્યો અને આખેરતમાં કયામત ની શોભા બનાવ્યો. અને તમામ નબીયો ને ત્યાં સુધી જન્નતમાં દાખલ થવાની મનાઈ ફરમાવી જયાં સુધી હું દાખલ ન થઈ જાઉ. અને બીજા નબીયો ની ઉમ્મતો ને જન્નત માં મારી ઉમ્મત કરતાં પહેલાં દાખલ થવા નુ હરામ ઠરાવ્યું. મારા પછી કયામત સુધી ખિલાફત ને મારી એહલેબૈતમા ઠરાવી. જેણે મારી આ વાત ને નકારી કાઢી તો જાણે તેણે પરવરદિગાર થી કુફ્ર કર્યુ. (ખિસાલ સદુક)

૯૮૯) અલ્લાહ જયારે કોઈ બંદાની ભલાઈ નો ઈરાદો કરે છે તો તેને દુનિયા થી બેપરવા બનાવે છે. દીન ની સંપુર્ણ સમજ આપે છે તેને તેના પોતાના દોષો ની જાણકારી આપે છે અને જેને તે આપવામાં આવ્યું તો જાણે દુનિયા અને આખેરત ની ભલાઈ મળી ગઈ. (ઈસ્નાઅશરીયા)

૯૯૦) શું હું તમારા માં થી સૌ થી વધારે કામચોર, સૌ થી મોટા ચોર , સૌ થી વધારે કંજુસ, સૌ થી વધારે અત્યાચારી, અને સૌ થી વધારે ગરીબ ના વિષે કહું? લોકો એ કહયું ,'' યા રસુલલ્લાહ  જરૂર થી કહો, તો રસુલ (સ.અ.વ) એ ફરમાવ્યું ,'' સૌ થી મોટો કંજુસ એ છે કે જે કોઈ મુસલમાન પાસે થી પસાર થાય અને તેના ઉપર સલામ ન મોકલે. સૌ થી વધારે કામચોર માણસ તે છે કે જે સ્વસ્થતા અને સમય હોવા છતાં એ હોંઠો અને  ભ વડે અલ્લાહ નો ઝિકર ન કરે, અને સૌ થી મોટો ચોર તે છે કે જે નમાઝ માં ચોરી કરે છે. કે જાણે તે નમાઝ છુપાવેલા કપડા ની જેમ તેનાં મોઢા ઉપર મારવા માં આવતી હોય. સૌ થી વધારે અત્યાચારી તે છે કે જેની સામે મારો ઝિકર થાય અને તે મારા ઉપર દરૂદ ન મોકલે અને સૌ થી વધારે ગરીબ તે માણસ છે કે જે દુઆ માટે હાથ ઉઠાવતો નથી. (મજમુઆ વરામ)

૯૯૧) જે માણસ કબ્રસ્તાન થી પસાર થાય અને કુલહોઅલ્લાહ અગિયાર વખત પઢી ને તેનો સવાબ મડદાઓ ને બક્ષી આપે તો તે કબ્રસ્તાન માં દફનાયેલા મડદાઓ ની સંખ્યા બરાબર નેકીઓ તેને મળશે. (મજમુઆ વરામ)

૯૯૨) જે માણસ અલ્લાહ ને નારાજ કરી ને લોકો ની ખુશી ઈચ્છશે તો અલ્લાહ નાં પ્રશંષકો તેની નિંદા કરશે, અને જે માણસ લોકો ની નારા  કરતાં અલ્લાહ ની ઈતાઅત ને વધારે મહત્વ આપશે તો અલ્લાહ તેના દુશ્મનો ની દુશ્મનાવટ માં ઘટાડો કરશે, દરેક ઈર્ષાળુ ની ઈર્ષા માં ઘટાડો કરશે, દરેક વિદ્રોહી નાં વિદ્રોહ માં ઘટાડો કરશે, અને અલ્લાહ તેનો મદદગાર હશે. (ઉસુલે કાફી)

૯૯૩) દુનિયા ની શોભા ત્રણ બાબતો માં છેઃ ધન,ઓલાદ અને સ્ત્રીઓ માં, તેજ રીતે આખેરત ની શોભા પણ ત્રણ બાબતો માં છેઃ ઈલ્મ, પરગેજગારી અને સદકા માં છે. શરીર ની શોભા ઓછી ઉંઘ

ઓછા ભોજન અને ઓછું બોલવા માં છે. અને દિલ ની શોભા સબ્ર, મૌન અને શુકરગુઝારી માં છે. (ઈસ્નાશરીયા)

૯૯૪) જે માણસ વઝુ સારી રીતે અદા કરે, નમાઝ યોગ્ય રીતે પઢે, પોતાના ધન ની ઝકાત આપે, પોતાની  ભ નું રક્ષણ કરે, ક્રોધ ઉપર સંયમ રાખે, ગુનાહો ની મગફેરત ઈચ્છે, એહલેબેયતે રસુલ (સ.અ.વ)  નો હક અદા કરે, તો તેણે ઈમાન ના કર્તવ્યો ને પૂર્ણ કર્યા. જન્નત ના દરવાજાઓ તેના માટે ખોલવા માં આવશે. (અમાલી અલ સદુક)

૯૯૫) જે લોકો ની સાથે વ્યવહાર કરે તો અત્યાચાર ન કરે,જયારે કોઈ વાત કરે તો અસત્ય ન ઉચ્ચારે, વચન આપે તો વચનભંગ ન કરે, તો તે એવો માણસ છે કે જેના માં પુરૂષાર્થ છે. તેનો ન્યાય જાહેર છે, તેની મિત્રતા અનિવાર્ય છે અને તેની નિંદા હરામ છે.

(ઉયુન અખબાર અલરિઝા)

૯૯૬) વાત કરવા નુ સંકટ અસત્ય છે, ઈલ્મ નાં માટે સંકટ ભોળપણ છે, ઈબાદત માટે સંકટ આળસ છે. સખાવત માટે સંકટ એહસાન યાદ અપાવવાનું છે, વીરતા માટે સંકટએ વિદ્રોહ છે, સુંદરતા માટે સંકટ એ ઘમંડ છે, અને વંશાવળી માટે સંકટ એ અભિમાન છે. (તુહાફ અલ ઉકુલ)

૯૯૭) કયામત ના દિવસે સાત પ્રકાર નાં લોકો અલ્લાહ ની છાયા હેઠળ હશેઃ ૧) ન્યાયી શાસક ૨) નવયુવક કે જેણે તેની યુવાની ઈબાદત માં પસાર કરી હોય.૩) એ માણસ કે જયારે તે જમણા હાથે સદકો આપે છે તો તેના ડાબા હાથ ને પણ ખબર પડવા દેતો નથી (ગુપ્ત રીતે સદકો આપે છે) ૪) જે માણસ એકાંત માં ભીની આંખે અલ્લાહ નો ઝિકર કરે ૫) એ માણસ કે જયારે તે કોઈ બીજા મોમિનભાઈ ને મળે તો કહે કે હું તને માત્ર અલ્લાહ ની ખાતર જ ચાહુ છું. ૬) જે માણસ મસ્જિદ થી પાછા ઘર આવતી વખતે એવી ઈચ્છા રાખે કે તે પાછો મસ્જિદ તરફ ઈબાદત માટે જાય.૭) એ માણસ કે જે અલ્લાહ ના ભય ને કારણે સુંદર સ્ત્રી ના આમંત્રણ નો અસ્વીકાર કરે.(ખિસાલ સદૂક)

૯૯૮) માણસ ની કરામત તેનો દીન છે. તેની શરાફત તેની બુધ્ધિ છે, તેનો ખાનદાન તેના સંસ્કાર છે, અલ્લાહ કયામત ના દિવસે તમારા આમાલ વિષે પુછશે તમારા ખાનદાન વિષે નહીં. (મજમુઆ વરામ)

૯૯૯) ચાર ગુણો જેમાં હશે તો અલ્લાહ તેના ઉપર રહેમત વરસાવશે અને જન્નત આપશેઃ ૧) તેના ઉચ્ચ સંસ્કાર કે જેના વડે તેણે લોકો જોડે સદવર્તન કર્યું. ૨) કોઈ વ્યથિત વ્યકિત જોડે નરમાશ અને

સૌમ્યતા થી વર્તન ૩) મા બાપ જોડે મહેરબાની અને લાગણીપૂર્વક વર્તન ૪) ગુલામો જોડે પણ નેકી કરે. (ખિસાલ સદૂક)

૧૦૦૦) જે કોઈ ભૂખ્યા મોમિન ને ખવડાવશે અલ્લાહ તેને જન્નત નાં મેવા ખવડાવશે. અને જે કોઈ વસ્ત્રહીન ને વસ્ત્ર પહેરાવશે તો અલ્લાહ તેને કિંમતી વસ્ત્રો પહેરાવશે. જે કોઈ તરસ્યા ની તરસ છિપાવશે તો અલ્લાહ તેને જન્નત ની શરાબ પીવડાવશે. જે મોમિન ની મદદ કરે અથવા તો તેના દુઃખ દર્દ ને દૂર કરશે તો કયામત ના દિવસે અલ્લાહ તેને પોતાના અર્શ ની છાયા હેઠળ રક્ષણ આપશે. ( આમાલી અલ સદૂક)